શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું એકમાત્ર મુખપત્ર

કિંમત ૨૦/-

શ્રી કચ્છી
મારૂ કંસારા-સોની
જ્ઞાતિ મંડળ
અમદાવાદ

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એકતા કટ્ટા ♦ વર્ષ-૧૦ અંક-૧ ઓગષ્ટ/સપ્ટેમ્બર-૧૪






જ્ઞાતિસેતુ દશાબ્દી વિશેષાંક વિમોચન

# જ્ઞાતિ સેતુ દશાબ્દી સમારોહ

## દશાબ્દી વકતૃત્વ સ્પર્ધા














## સેતુ ગ્રુપ ગોષ્ઠી













એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૦ ● અંક : ૧

ઓગષ્ટ'૧૪ – સપ્ટેમ્બર'૧૪

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**
**ચેરમેન**
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮
**માનદ્ સંયોજક**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
**મુદ્રણ આયોજન**
સૂર્યકાંત સોની ૯૬૮૭૦ ૭૫૬૩૩
**વેબસાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧
**નાણાકીય આયોજન**
કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩
(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**
● **અમદાવાદ**
ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩
● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)
● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦
● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)
● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

**માનદ્ સંયોજક (ભુજ)**
શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮
**વેબ સાઈટ :** www.gnyatisetu.com
**ઈ-મેલ :** editor@gnyatisetu.com
છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી

શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના ઈતિહાસમાં ૨૯ જૂન, ૨૦૧૪ના દિવસની સુવર્ણ અક્ષરે નોંધ લેવાશે. એટલા માટે નહીં, કે આ દિવસે સમાજના મુખપત્ર 'જ્ઞાતિસેતુ' એ એની કારકિર્દીનો દાયકો પૂરો કર્યો, તેની ખુશાલીમાં દશાબ્દી સમારોહ ઉજવાયો. પરંતુ આ દિવસ એટલા માટે સુવર્ણાંકિત થશે કે, આ દિવસે કચ્છી મારૂ કંસારા સોનીના નાનકડા સમાજના કચ્છ તેમજ અન્યત્ર વસતા સભ્યોએ મા ભોમ કચ્છ પ્રત્યેની સ્નેહગાંઠ મજબૂત હોવાની પ્રતિતિ કરાવી. આપણા પરિવારોના અંતર્નિહીત 'ઐક્ય'નો અહેસાસ કરાવ્યો. સામુહિક ઐક્યની આ ભાવના સંગઠીત સમાજના પ્રત્યેક સભ્યના મનમાં રહેલો 'પોતિકો' ભાવ પોષે છે. sense of being.. સર્જે છે. આ 'પોતાના' હોવાનો ભાવ જ કોઈપણ નાના મોટા માનવસમુહને સુદૃઢ અને સક્રિય રાખે છે.

છેલ્લા ૨૫ થી વધુ વર્ષોથી આપણા સમાજ દ્વારા થતું સમુહ લગ્ન આયોજન અને આપણી સંસ્થાનાં પ્રતિકોનું પ્રસંગોપાત સામુહિક પૂજન અર્ચન તેમજ દસ વર્ષ અગાઉ રચાયેલુ આપણા સમાજનું અખિલ ભારતીય સંગઠન આપણા આ સામુદાયિક 'સ્વત્વ'ને ઉજાગર કરે છે. 'સેતુ' આપણા આ 'સ્વત્વ-સભર-ઐક્ય' ભાવનાની સરવાણીને સદૈવ વહેતી રાખવા અને સમાજના સભ્યોમાં 'sense of being..' inculcate કરવા સદૈવ પ્રયત્નશીલ છે.

'સેતુ', સામુદાયિક ઐક્ય થકી સમાજનું 'સ્વત્વ' ઉજાગર કરવાની 'સાધના'નું સબળ સાધન છે અને એટલે જ 'સેતુ દશાબ્દી ઉત્સવ' મહદ્અંશે આ સાધના સમર્પિત જ રહ્યો.

સમારોહ દરમ્યાન આયોજીત ગ્રુપ ગોષ્ઠીઓમાં ઉપસ્થિત સભ્યોએ સોત્સાહ એમનું વૈચારિક ઐક્ય પ્રગટ કર્યું. સમાજના મોભીઓએ એમના ઉદ્બોધનો થકી સેતુ-પરિવારનું મનોબળ મજબુત કર્યું. સમારોહની આ અણમોલ ઉપલબ્ધીના 'હરખ' સાથે 'સેતુ પરિવાર' એની સમાજ સમર્પિત 'ભાવના' ફરી એકવાર સાભાર વ્યક્ત કરે છે.

અસ્તુ

**– હંસરાજ કંસારા**

## પ્રમુખ સ્થાનેથી

આપણા જ્ઞાતિસમાજમાં એકતા અને સર્વગ્રાહી વિકાસ માટે વિવિધ સ્થળો સ્થિત ઘટક સમાજો દ્વારા સમયાંતરે વિવિધ પ્રવૃત્તિઓ થતી હોય છે. સમાજના વિકાસમાં આવી તમામ પ્રવૃત્તિઓનું યોગદાન હોય છે. ગત જૂન મહિનો અમદાવાદ જ્ઞાતિમંડળ માટે વિશિષ્ટ બની રહ્યો. દસ વર્ષ પૂર્વે અમદાવાદ જ્ઞાતિ દ્વારા શરૂ કરવામાં આવેલ 'જ્ઞાતિસેતુ' પ્રકાશન એના દસ વર્ષ પૂરા કરી અગિયારમાં વર્ષમાં પ્રવેશ કરતાં તેની ઉજવણી રૂપે દશાબ્દી સમારોહનું આયોજન થયું.

આ પ્રસંગ માત્ર અમદાવાદ જ્ઞાતિ માટે નહિ પરંતુ સમગ્ર કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ સમાજ માટે અનેક રીતે વિશિષ્ટ બની રહ્યું. દશાબ્દી વર્ષ સમારોહની ભુજ ખાતેની ઉજવણીએ સમાજની એકતાને ઉજાગર કરી. પરિવાર સંખ્યાની દૃષ્ટિએ નાનો કહી શકાય તે અમદાવાદ જ્ઞાતિના આ કાર્યક્રમને સમસ્ત સમાજે પોતીકું માની વધાવી લીધું.

સમગ્ર કાર્યક્રમમાં ભુજ જ્ઞાતિ સહયોગી બની પૂરતો સાથ સહકાર અને પ્રોત્સાહન આપેલ, તે અભૂતપૂર્વ કહી શકાય. આ આયોજને જ્ઞાતિ ઘટકો વચ્ચે કાર્ય કરવાની દિશામાં પરસ્પર સહકારની પહેલ થઈ શકે છે તેવુ દર્શાવેલ છે.

આ આયોજન દરમ્યાન પ્રથમ વખતે એક અર્થપૂર્ણ ચર્ચા વિચારણા માટે વ્યવસ્થિત ચર્ચા થઈ. સમગ્ર ભારતભરમાંથી આવેલ સમાજના સૌથી વધારે અગ્રણીઓએ ખૂબ જ શિસ્તબદ્ધ રીતે, જુદા જુદા ત્રણ ગ્રુપમાં, વિશદ્ ચર્ચા વિચારણા કરી અને સમગ્ર ચર્ચાનું તારણ તૈયાર કરી રજુ કર્યું. સમારોહના આગલા દિવસે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થયું. જેમાં ભુજ, અંજારના શિક્ષિત યુવા-યુવતીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. આ કાર્યક્રમના સફળ આયોજનનો યશ ભુજ મહિલા મંડળને જાય છે.

આ સમગ્ર પ્રક્રિયાનું સ્તર ખૂબ ઉચ્ચ પ્રકારનું રહ્યું. આ માટે ત્રણે ગ્રુપના કન્વીનરશ્રીઓ શ્રી હરિલાલભાઈ, શ્રી ચેતનભાઈ બારમેડા તથા શ્રીમતી લત્તાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ સર્વે જ્ઞાતિઅગ્રણીઓ તેમજ ગ્રુપ ગોષ્ઠિમાં રસપૂર્વક ભાગ લીધો અને મહત્વનાં સૂચનો કર્યા તે બદલ સેતુ પરિવાર એમનો સર્વેનો આભાર માને છે.

મહામંડળના પ્રમુખ વડીલ શ્રી પ્રભુદાસભાઈ તથા હોદ્દેદારોએ સમગ્ર કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પ્રોત્સાહન આપ્યું અને કાર્યક્રમને કાર્યાન્વિત કરવામાં ભુજ જ્ઞાતિ ટ્રસ્ટ મહિલામંડળ અને જ્ઞાતિ યુવક મંડળના સર્વે કાર્યકરોએ જે જહેમત ઉઠાવેલ છે, તે બદલ અમો એમના સૌના આભારી છીએ. ભુજ જ્ઞાતિ પ્રમુખશ્રી દિલીપભાઈ બગ્ગા અને ભુજ જ્ઞાતિના હોદ્દેદારોએ અમારી સાથે ખભેખભા મિલાવી. જે સહકાર આપેલ હતો, તે વિવિધ સ્થળે વસતા આપણી જ્ઞાતિ સંસ્થાના અગ્રણીઓ વચ્ચેના સહકારની નવી મિશાલ બની રહેશે.

અંજાર જ્ઞાતિ દ્વારા 'જ્ઞાતિસેતુ' ના તંત્રીશ્રી હંસરાજ કંસારા તથા એમની ટીમનું બહુમાન કરવામાં આવેલ. તે માટે અંજાર જ્ઞાતિપ્રમુખશ્રી રાજેશભાઈ વિશા પરમાર જ્ઞાતિ કારોબારી તથા સમગ્ર અંજાર જ્ઞાતિને સેતુ પરિવાર હૃદયપૂર્વક આભાર માને છે. આ પ્રસંગે 'જ્ઞાતિ સેતુ' દશાબ્દી વિશેષાંકનું વિમોચન થયું. આ વિશેષાંક માટે વિજ્ઞાપન દાતાઓ અને તે માટે સહયોગ આપનાર. અંજાર જ્ઞાતિ પ્રમુખશ્રી રાજેશભાઈ, અનીલભાઈ, ભુજ જ્ઞાતિ પ્રમુખશ્રી દિલીપભાઈ, શ્રી નીતિનભાઈ વિગેરેના અમો આભારી છીએ.

આ સમારોહના અતિથિ વિશેષ, મહામંડળના ઉપપ્રમુખશ્રી હરિલાલ લખમશી વિશાપરમાર જ્ઞાતિસેતુના સદૈવ હિતૈષી અને સહયોગી રહ્યા છે. તેઓએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા વિશેષ યોગદાન આપેલ છે. મહામંડળ પ્રમુખશ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતી તથા અતિથિ વિશેષ પદેથી શ્રી ભરતભાઈ બગ્ગા (નખત્રાણા) જ્ઞાતિસેતુ દશાબ્દી પ્રસંગે ઉપસ્થિત રહી પ્રેરક પ્રોત્સાહન આપેલ છે. આ ઉપરાંત સમગ્ર દેશમાંથી પધારેલ જ્ઞાતિસંસ્થાઓના પ્રમુખશ્રીઓ, હોદ્દેદારો, મહિલા અને યુવક મંડળના હોદ્દેદારો ઉપસ્થિત રહી 'જ્ઞાતિસેતુ' ને પ્રોત્સાહન અને ઉપયોગી દિશા સૂચનો કરેલ છે તે બદલ અમો એમના સહુના આભારી છીએ.

આ સમારોહનું વિચાર બીજ સાતેક વર્ષ પહેલાં અમારા સક્રિય સહયોગી પી. જી. સોનીએ આપેલ. એમનો આભાર માનવાનો ન હોય પરંતુ અમો સહુ હૃદયપૂર્વક એમના આ સુચનની નોંધ લઈએ છીએ.

**અનુસંધાન પાના નં. ૭**

**આપણા માનવંતા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના વિશેષાંક માટેનો શુભેચ્છા સંદેશ પ્રોત્સાહક આ અંકમાં પ્રકાશિત કરી ગૌરવ અનુભવે છે.**



सत्यमेव जयते

apro/Jg/2014/06/27/dt

તા. ૨૭-૦૯-૨૦૧૪

## સંદેશ

દરેક સમાજ તેના વેપાર, વ્યવસાય અને રોજગારની ઓળખ પ્રતિબિંબિત કરે છે, તે ભારતીય સંસ્કૃતિની પરંપરા અને વિશિષ્ટતા રહી છે. દરેકે દરેક કાર્ય, સેવા, વ્યવસાય અને રોજગાર અમૂલ્ય અને ઉત્તમ હોય છે, જેમાં ભિન્નતા હોઇ જ ન શકે, તેવા વિચારો આપણી સંસ્કૃતિને વૈશ્વિક સન્માન સાથે, એક રાષ્ટ્ર શ્રેષ્ઠ રાષ્ટ્રના સંકલ્પને સાકાર કરનારું બની રહેશે.

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ દશાબ્દી ઉત્સવ વિશેષાંક જ્ઞાતિ સેતુ પ્રકાશિત કરવા જઈ રહ્યું છે, તે જાણી આનંદ થયો. પ્રકાશન તેના સર્વ સહયોગીઓ અને વાચકોને ખૂબજ ઉપયોગી થશે તેવા વિશ્વાસ સાથે સફળતાની શુભકામનાઓ પાઠવું છું.

આનંદીબેન

**(આનંદીબેન પટેલ)**

To,
**Shree Rajendrabhai Barmeda,** *President,*
Shree Katchhi Maru Kansara Soni, Gyati Mandal,
Dhaval Jewellers, Chanlla 02 (Chhanlla Ol)
Manek Chowk, Ahmedabad – 380 001

**આનંદીબેન પટેલ**
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

**માનનીયશ્રી પી. કે. લહેરી, IAS ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્ય સચિવનો આ પ્રેરણાદાયક પત્ર પ્રકાશીત કરતા જ્ઞાતિ સેતુ પરિવાર ગૌરવ અનુભવે છે.**


**Pravin K. Laheri** IAS (Retd.)
Former Chief Secretary (Govt. of Gujarat)
A-404, Bageshri Tower, ISRO Road, Satellite, Ahmedabad-380 015.


Date:

તા..૩-૭-૨૦૧૪

સ્નેહીશ્રી રાજેન્દ્રભાઈ,

એકમેકને ઓળખવા માટેના 'જ્ઞાતિસેતુ' દશાબ્દી સમારોહમાં પધારવા માટેનું નિમંત્રણ મળ્યું હતું.

આપની જ્ઞાતિનું મુખપત્ર તેના પ્રકાશનના દસ વર્ષ પૂરા કરીને અગીયારમાં વર્ષમાં પ્રવેશ કરે છે તે જાણી આનંદ.

આ દિવસે સાંજે સામાજિક કામમાં રોકાયેલો હોય આવી શક્યો નથી તો દરગુજર કરશો.

સદ્‌વિચાર પરિવારના આદ્યસ્થાપક સ્વ. શ્રી હરિભાઈ પંચાલના ૨૦૧૧માં થયેલ દેહાવસાન બાદ તેના માસિક 'સુવિચાર'નું સંપાદન હું સંભાળું છું. 'સુવિચાર' માસિકનો એક પ્રત આપને જોવા માટે મોકલું છું.

કુશળ હશો.

આપનો સ્નેહાધિન,

(પ્રવીણ ક. લહેરી)

પ્રતિ,
શ્રી રાજેન્દ્રભાઈ કે. સોની
પ્રમુખશ્રી, શ્રી કચ્છી મારું કંસારા-સોની જ્ઞાતિ મંડળ
ધવલ જવેલર્સ, ૧૪, ચાંલ્લા ઓળ,
માણેક ચોક, અમદાવાદ-૩૮૦૦૦૧.


| Trustee-Secretary | Managing Trustee | Trustee |
|---|---|---|
| Shree Somnath Trust | Sadvichar Parivar | Shree Bhagwat Vidyapeeth Sola |

Email : pklaheri@gmail.com ; Mobile : 91-9824083969 ; Phone : 079-26861415

# સોની પ્રેમજીભાઈ કેશવજીભાઈનો શુભેચ્છા સંદેશ

**શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળના મહામંત્રીશ્રી પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોનીનો લાગણીસભર સંદેશ આ અંકમાં પ્રસ્તુત કરતા સેતુ પરિવાર ગૌરવ અનુભવે છે.**

જ્ઞાતિ સેતુ દશાબ્દી સમાપન કાર્યક્રમ તા. ૨૯-૬-૨૦૧૪ના રોજ ભુજ મુકામે અમદાવાદ જ્ઞાતિ યોજી રહી છે. આ કાર્યક્રમ આપણી સમગ્ર જ્ઞાતિ માટે અગત્યનો છે. આ કાર્યક્રમને ખૂબ જ સુંદર રીતે સફળતા મળે તે માટે મારી અંતઃકરણની શુભેચ્છા. સંજોગોવસાત આ કાર્યક્રમમાં મારાથી હાજર રહી શકાશે નહિં. તે માટે દરગુજર કરશો. કારણકે તા. ૨૯-૬-૨૦૧૪ના રોજ અંબાજી મુકામે અમારા ભાઈ કિર્તીભાઈ દ્વારા હવન પૂજા પાઠનો કાર્યક્રમ રાખેલ છે જેમાં મારે અમારા કુટુંબ સહિત હાજરી આપવી પડશે.

બીજું 'જ્ઞાતિ સેતુ' વિશે મારા વિચારો નીચે મુજબ રજુ કરું છું. જો આપને યોગ્ય લાગે તો ભુજ 'જ્ઞાતિસેતુ દશાબ્દી' કાર્યક્રમમાં ચર્ચામાં લેશો. 'જ્ઞાતિસેતુ' ને દશ વર્ષ થયા આ સમય દરમિયાન 'જ્ઞાતિસેતુ'એ આપણી જ્ઞાતિના ગામે ગામના સમાચારની માહિતી આપી આપણી જ્ઞાતિને કોઈ અગત્યના સમાચાર આપવા હોય તો જ્ઞાતિસેતુએ મોટી જવાબદારી નિભાવી છે. હવે 'જ્ઞાતિસેતુ' ચલાવવા માટે સમગ્ર જ્ઞાતિના ઘટક વિસ્તારના મંડળોએ આર્થિક તેમજ જે જરૂરી હોય તે સહકાર આપવો જોઈએ જેથી 'જ્ઞાતિસેતુ'નો ખૂબ વિકાસ થાય જે સમગ્ર જ્ઞાતિ માટ અગત્યની બાબત છે.

શ્રી હંસરાજભાઈ તેમની મોટી ઉંમર પ્રમાણે જ્ઞાતિ સેતુ માટે ખૂબ કાર્યરત છે. ઉપરાંત શ્રી અતુલભાઈ, શ્રી મનુભાઈ, શ્રી રાજુભાઈ તથા અમદાવાદ જ્ઞાતિના આગેવાનો પણ પોતાનો સમય જ્ઞાતિસેતુ માટે આપે છે. જેના કારણે જ જ્ઞાતિસેતુનો વિકાસ થયો છે. આપણી સમગ્ર જ્ઞાતિ માટે આ દશકો ઘણો અગત્યનો બન્યો છે. આ સમયમાં 'જ્ઞાતિસેતુ' તથા શ્રી અખિલ ભારતીય મારૂકંસારા સોની જ્ઞાતિ મહામંડળની સ્થાપના થઈ મહામંડળે પણ આપણી જ્ઞાતિને એક કરવામાં અગત્યની ફરજ બજાવી છે. જેને કારણે આપણે એકબીજાને ઓળખતા થયા છીએ.

આપણી જ્ઞાતિ માટે સેવાકીય કાર્યો મહામંડળ દ્વારા વધુ થાય તે માટે જ્ઞાતિ સેતુના સુચન આવકાર્ય છે. જ્ઞાતિસેતુ માટે મહામંડળ જરૂર સહકાર આપશે આપણી જ્ઞાતિની વધુ સંખ્યા કચ્છમાં છે. જ્ઞાતિસેતુ દ્વારા ભુજમાં બીજુ કાર્યાલય હોય તો જ્ઞાતિસેતુનો વિકાસ વધુ થાય તેમ મારું માનવું છે. હવે કોમ્પ્યુટર દ્વારા ઓનલાઈનથી અમદાવાદ-ભુજ બે કાર્યાલયનું સંકલન થઈ શકે આવા કાર્ય માટે 'જ્ઞાતિસેતુ' માટે ફંડ નક્કી કરવું જોઈએ. અત્યાર સુધી 'જ્ઞાતિસેતુ' માટે માનદ્ સેવા આપી રહેલા કાર્યકરોને ધન્યવાદ આ કાર્યક્રમ સફળ થાય અને જ્ઞાતિસેતુનો વિકાસ થાય તેવી શુભેચ્છા.

---

**અનુસંધાન પાના નં. ૪ ઉપરનું ચાલુ....**

અમદાવાદ જ્ઞાતિ કારોબારી સમિતિના અમારા સાથીદારોએ ભુજ ખાતે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી છે. વિશેષતઃ ચિરાગ બુદ્ધભટ્ટી, જેમણે જ્ઞાતિસેતુ વેબસાઈટને નવતર સ્વરૂપ આપ્યું છે. તેમની સેવાઓની અત્રે સાભાર નોંધ લઈએ છીએ. સંજોગોવસાત ઉપસ્થિત ન રહી શકનાર શ્રી જયેશભાઈ ઘડિયાળીએ સમગ્ર કાર્યક્રમ માટે ધ્યાનાર્ષક ડીઝાઈનીંગ કાર્ય સેવા આપેલ છે. અંતમાં 'જ્ઞાતિસેતુ' ના ગામેગામના સહયોગીઓ, દાતાઓ, લેખન સહયોગીઓ અને જ્ઞાતિસેતુના હજારો માનદ્ વાંચકો જેમના સંગાથે જ્ઞાતિસેતુ સફરને સફળતા મળી તે સૌનો વિશેષ આભાર.

જ્ઞાતિસેતુના પ્રકાશનના આરંભથી જ એ સદ્ભાગ્ય રહ્યું છે કે એને સમયાંતરે કચ્છ તેમજ અન્યત્ર સ્થાનિક મિડીયાનો સહયોગ મળી રહે છે. શતાબ્દી સમારોહના આયોજનથી લઈને સમારોહ સંપન્ન થયો તેનો ભરપુર કવરેજ તેમજ ત્યારબાદ ગ્રંથ સમીપે જેવી મહત્વની કોલમમાં વિશેષાંકનું વિશ્લેષણ આપી કચ્છના લોકપ્રિય દૈનિક 'કચ્છમિત્ર'ના તંત્રીશ્રીએ આપેલા સહયોગ બદલ અમો એમના આભારી છીએ. લોકલ ટીવી કવરેજ પણ મળી જે બદલ સ્થાનિક મિડીયાના અમો આભારી છીએ આ કવરેજ મેળવવામાં અમારા સહયોગી મનુભાઈ કોટડીયા - અધ્યક્ષ-જ્ઞાતિસેતુ શૈલેષભાઈનું વિશેષ યોગદાન રહ્યું હતું.

**અતુલ સોની**
માનદ્ મંત્રીશ્રી

**રાજેન્દ્ર સોની**
પ્રમુખશ્રી

# જ્ઞાતિસેતુ દશાબ્દી સમારોહ અહેવાલ

**પી. જી. સોની - અતુલ સોની**

**સેતુના દશ વર્ષના લેખા-જોખાં સાથે સેતુના સંભારણા વિશેષાંકનું વિમોચન તથા બે સત્રમાં શ્રેણીબદ્ધ કાર્યક્રમો યોજાયા**

'આપણી જ્ઞાતિનું એકમાત્ર મુખપત્ર 'જ્ઞાતિસેતુ' દરેક જ્ઞાતિજનોના ઘરમાં પહોંચે, વંચાય, વહેંચાય તો જ આજના કચ્છી નવા વર્ષ-અષાઢી બીજના સપરમા દિવસે યોજાયેલ દશાબ્દી પ્રસંગ સાર્થક થયું ગણાય.' આજના દબદબાભર્યા પ્રસંગે અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના પ્રમુખ પ્રભુદાસભાઈ ગુજરાતીએ અધ્યક્ષસ્થાનેથી બોલતાં જણાવ્યું હતું કે આજે 'સેતુ' વધારે જાણીતું અને માનીતું બન્યું છે એનું સૌ જ્ઞાતિજનોને ગૌરવ છે. આ ટાંકણે એમણે 'સેતુ' ને શુભેચ્છા પાઠવી તમામ સહકાર આપવા હૈયાધારણા આપી હતી.

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ તથા શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, ભુજના સહયોગથી ટાઉનહોલ ખાતે યોજાયેલા દશાબ્દી પ્રસંગે 'સેતુ' ના મુખ્ય તંત્રી હંસરાજભાઈ કંસારાએ દસ વર્ષના 'સેતુ'ના લેખાં-જોખાં વર્ણવીને 'સેતુ'ની દસ વર્ષની સફરની સફળતાનો જશ સુજ્ઞ જ્ઞાતિજનો અને 'સેતુ'ની ટીમને આપી હર્ષની લાગણી વ્યક્ત કરતાં વધુમાં જણાવ્યું હતું કે 'સેતુ' ના સંવર્ધનમાં ભુજ જ્ઞાતિનો સિંહફાળો છે. તેમાં ખાસ કરીને એમણે મહિલા મંડળની કામગીરીને વિશેષ બિરદાવી હતી.

આ પ્રસંગે 'સેતુ' પરિવારના આમંત્રણને માન આપીને ખાસ ઉપસ્થિત રહેલા કચ્છ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને જાણીતા સાહિત્યકાર ડો. કાંતિગોર 'કારણ' એ જણાવ્યું હતું કે આજે આપણે આપણા પૂર્વજોના નામો યાદ નથી રાખતાં પણ 'સેતુ'ના માધ્યમથી ૨૫-૫૦ વર્ષ પછીની આવનારી પેઢી આપણા વડીલોને યાદ કરીને ચોક્કસ ગૌરવ અનુભવશે અને એનો સઘળો યશ 'સેતુ' ને મળશે. આ પ્રસંગે એમણે સંસ્કૃત સુભાષિતો ટાંકીને આજની આ સભામાં વૃદ્ધોની હાજરીની સરાહના કરી હતી અને હંસરાજભાઈ કંસારા સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા.

અતિથિ વિશેષ પદેથી ભુજ જ્ઞાતિના પ્રમુખ દિલીપભાઈ બગ્ગાએ 'સેતુ'ની દાયકાની સફરને બિરદાવીને જણાવ્યું હતું કે 'સેતુ'ના માધ્યમથી આપણે સૌ વધારે નજીક આવી શક્યા છીએ એટલે આપણે સૌ 'સેતુ'ના ગ્રાહકો નહી પણ લાણેદાર છીએ એ દૃષ્ટિએ ભુજ તાલુકાના તમામ લાણેદારોને 'સેતુ' મંગાવવા અનુરોધ કર્યો હતો. વિશેષમાં હવેથી 'જ્ઞાતિસેતુ' નું લવાજમ સ્વીકારવા ભુજ જ્ઞાતિ ઓફિસ ખાતે વ્યવસ્થા કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. અતિથિ વિશેષ ભરતભાઈ સોની (નખખાત્રા) એ 'સેતુ'માં જાહેરાતો અને પ્રસંગોચિત શુભેચ્છા સંદેશાઓ આપીને 'સેતુ'નું આર્થિક પાસું મજબુત કરવા અનુરોધ કર્યો હતો. અંજારના પૂ. કનકચંદ્ર ગોર તથા ભુજના સુમનભાઈ વ્યાસ એ આ પ્રસંગે આશીર્વાદ આપ્યા હતા.

'સેતુ' દશાબ્દી કાર્યક્રમમાં સવારના સત્રમાં ગ્રુપ ગોષ્ઠિ દ્વારા ત્રણ વિભાગમાં 'સેતુ'ના સર્વાંગી ઉત્કર્ષ માટે સમન્વય, સહયોગ અને સંવર્ધન વિષયના માધ્યમથી ગ્રુપના સભ્યોના સૂચનો મેળવી કન્વીનર હરિભાઈ વિસા પરમાર, લત્તાબેન સોલંકી તથા ચેતન બારમેડાએ બપોર પછીના સત્રમાં અહેવાલ રજુ કર્યો હતો. જેમાં મુખ્યત્વે 'સેતુ' દરેક ઘરોમાં પહોંચે એવી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. સન્માનીત મહાનુભાવોનું લીસ્ટ આ અંકમાં અલગથી પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સેતુના સહયોગીઓ, દાતાઓ, લેખકો, કવિઓ વિગેરેનું 'સેતુ' પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું તેમજ અંજાર જ્ઞાતિ દ્વારા આ ટાંકે હંસરાજભાઈ કંસારાનું ખાસ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે 'સેતુના સંભારણા' દશાબ્દી વિશેષાંકનું વિમોચન મંચસ્થ મહાનુભાવોના હાથે કરવામાં આવ્યું હતું. ચિરાગ બુદ્ધભટ્ટી દ્વારા તૈયાર કરવામાં આવેલ 'જ્ઞાતિસેતુ' ની વેબસાઈટ વિશે વિશેષ માહિતી આપવામાં આવેલ હતી. સેતુ દશાબ્દી સમારોહ નિમિત્તે આયોજિત વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓનું મંચસ્થ મહાનુભાવો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

સર્વ શ્રી હિરાલાલ મોહનલાલ બગ્ગા (નખત્રાણા), પી. જી. સોની (દાસ), રાજેન્દ્ર બારમેડા, (અમદાવાદ), બાબુભાઈ સોની (નલિયા), જયંતિભાઈ સાકરીયા (મુંબઈ), રાજેશ વિસા પરમાર (અંજાર), ભરતભાઈ બગ્ગા (ગાંધીધામ), કાન્તીભાઈ પોમલ (કોઠારા), હરેશ બારમેડા (માંડવી) વિગેરે મંચસ્થ રહ્યા હતા. આ પ્રસંગે શૈલેષભાઈ કંસારા (કચ્છમિત્ર), ચમનભાઈ કંસારા (ભચાઉ), ઈશ્વરભાઈ હેડાઉ, વિનોદભાઈ હેડાઉ (માંડવી), દિનેશભાઈ સોની (તલોદ), પ્રફુલ્લભાઈ બારમેડા (રાયપુર), હેમેન્દ્રભાઈ કંસારા, મહેન્દ્રભાઈ પરમાર (દયાપર), હર્ષદભાઈ ઝવેરીલાલ બુદ્ધભટ્ટી, સુનિલ માધવજી પોમલ, હસમુખ મૈચા (માધાપર), કિશોર દયારામ ચૌહાણ (શૈક્ષણિક ચેરમેન-ભુજ) વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. વ્યવસ્થા 'સેતુ' ન મનુભાઈ કોટડીયા (અમદાવાદ), નિતીન કટ્ટા (મુંબઈ), અમૃતલાલભાઈ સોલંકી, બિપીન બુદ્ધભટ્ટી, મુકેશ બારમેડા, હિતેશ ધીરજલાલ, અનિલ છત્રાળા, રાજેશ બુદ્ધભટ્ટી અને સંજય બુદ્ધભટ્ટી વિગેરે સંભાળી હતી. આ પ્રસંગે વિવિધ સ્થળના જ્ઞાતિ સંસ્થાઓ, મહિલા મંડળો, યુવક મંડળોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદથી હોદ્દેદારો જયમીનભાઈ સોની, ગીરીશભાઈ સોની, રમેશભાઈ સોની, ઉદય પરમાર, કનુભાઈ બિજલાણી, પ્રશાંત બિજલાણી, ચંદર બારમેડા વિગેરે ઉપસ્થિત રહેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા ભુજ જ્ઞાતિ યુવક મંડળના પ્રમુખશ્રી રાહુલભાઈ ચનાણી તથા તેમની ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન તંત્રીમંડળના અતુલભાઈ સોની (અમદાવાદ) તથા એકતા કટ્ટા (અંજાર) એ સંભાળ્યું હતું.

## ગ્રુપ-૧ 'સેતુ સમન્વય'

આપણી જ્ઞાતિના એકમાત્ર મુખપત્ર 'જ્ઞાતિસેતુ' ને દસ વર્ષ પૂર્ણ થતા તા. ૨૯-૬-૨૦૧૪ના રોજ શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસ ખેતશી સોનીના અધ્યક્ષ સ્થાને ભુજ ખાતે સેતુ દશાબ્દી સમારોહનું આયોજન કરવામાં આવેલ.

સવારના સત્રમાં 'જ્ઞાતિસેતુ' અંગે એક 'ગ્રુપ ગોષ્ઠિ'નું આયોજન કરવામાં આવેલ. આ ગોષ્ઠિમાં વિવિધ ઘટક સમાજના હોદ્દેદારો, મહિલા મંડળો, યુવક મંડળો, મહામંડળના કારોબારી સભ્યો, સમાજના અગ્રણીઓ તથા વિશેષ આમંત્રિતોએ ભાગ લીધો હતો.

ગ્રુપ-૧ સેતુ સમન્વય વિષય અંગે ચર્ચા વિચારણા કરી તેનો અહેવાલ સાંજના કાર્યક્રમમાં આપવામાં આવેલ ગ્રુપ-૧ આ ચર્ચામાં ભાગ લેનાર સભ્યોની યાદી નીચે મુજબ છે.

**ગ્રુપ કન્વીનર : શ્રીમતી લત્તાબેન આઈ. સોલંકી-ભુજ**

**સભ્યશ્રીઓ :**

૧. શ્રી સંજય વસંતલાલ બુદ્ધભટ્ટી - ભુજ

૨. શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી - ભુજ

૩. શ્રી દીપક ધીરજલાલ પોમલ-ભુજ

૪. શ્રી ભાવેશ હિંમતલાલ બગ્ગા - ભુજ,

૫. શ્રી રાહુલ ચંદ્રકાંત ચનાણી - પ્રમુખશ્રી યુવક મંડળ-ભુજ,

૬. શ્રી અનિલ કેશવલાલ છત્રાળા - ભુજ

૭. શ્રીમતી જયશ્રીબેન બી. પરમાર - ભુજ

૮. શ્રીમતી અરૂણાબેન બુદ્ધભટ્ટી - ભુજ

૯. શ્રીમતી પ્રીતી ડી. બગ્ગા-ભુજ

૧૦. શ્રીમતી ખુશાલી સંજય બુદ્ધભટ્ટી - ભુજ

૧૧. શ્રીમતી શાંતાબેન અમૃતલાલ બારમેડા - ભુજ

૧૨. શ્રીમતી અંજના એન. પોમલ - અંજાર

૧૩. શ્રીમતી કાશીબેન આર. પોમલ - અંજાર

૧૪. શ્રીમતી જ્યોતિ આર. કટ્ટા - નખત્રાણા

૧૫. શ્રીમતી હેતલ બી. સોની - નખત્રાણા

૧૬. શ્રી ચમનલાલ વેલજી કંસારા-એડવોકેટ - ભચાઉ

૧૭. શ્રી ઈશ્વરલાલ વાલજી હેડાઉ - ભુજ

૧૮. શ્રી ફોરમ એચ. પોમલ - અંજાર

૧૯. શ્રી ઈન્દુલાલ હરીરામ સોલંકી - ભુજ

૨૦. શ્રી ચંદર રાજેન્દ્ર બારમેડા - અમદાવાદ

૨૧. શ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતી - ભુજ

૨૨. શ્રી રીધમ દિનેશભાઈ છત્રાળા - ભુજ

વિસ્તૃત ચર્ચા વિચારણામાં દરેક સભ્યોએ આપેલા મંતવ્યોના નિચોડરૂપે આ અહેવાલ પ્રસ્તુત કરવામાં આવેલ છે. જયશ્રીબેન પરમાર વિશેષ સહયોગી રહ્યા હતા.

કન્વીનર શ્રીમતી લત્તાબેન સોલંકીએ દશાબ્દી ૧૦ની આગળ વધુમાં વધુ મીંડા ઉમેરાઈ જાય સેતુ ઉત્તરોત્તર પ્રગતિને પંથે અગ્રેસર રહી જ્ઞાતિજનોની સાચી સેવા કરી વધુમાં વધુ વાચકો રૂપી જોવા મેળવતા રહે એવી શુભેચ્છા સહ સભ્યોનો આભાર મન્યો હતો.

**ગ્રુપ ગોષ્ઠિનું ગ્રુપ-૧નો ચર્ચાનો વિષય : 'સેતુ સમન્વય'**

આ વિષય અંગે સમાજના અગ્રણીઓ સાથે નિમ્ન મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવેલ.

**પોઈન્ટ ૧ :** તમામ જ્ઞાતિ સંસ્થાઓ, મહિલા મંડળો, યુવક મંડળો, એજ્યુકેશન ટ્રસ્ટ વગેરે સંસ્થાઓ નિયમિત રૂપે માહિતી કેવી રીતે યોગ્ય સ્વરૂપે મોકલાવવી.

ચર્ચામાં ભાગ લેનાર સભ્યોએ એક મતે જણાવેલ કે જ્ઞાતિસેતુમાં જે અહેવાલ મોકલવામાં આવે તે જે તે સંસ્થાઓ દ્વારા યોજવામાં આવેલ. કાર્યક્રમોની વિસ્તૃત જાણકારી સંસ્થાના લેટર પેડ પર મોકલવામાં આવેલ. વેબ સાઈટ, ઈ-મેઈલ અને ટપાલ દ્વારા પ્રોપર ફોરમેટથી મોકલવામાં આવેલ.

સંસ્થાઓ દ્વારા જે માહિતી મોકલવામાં આવે તે જ્ઞાતિ સેતુમાં કોઈપણ જાતની કાપકૂપ વગર સંપૂર્ણ પ્રકાશિત કરવામાં આવે. કાર્યક્રમમાં ભાગ લેનાર અને પડદા પાછળ શ્રમ કરનારની નામ પૂરા પ્રકાશિત કરવામાં આવે. જેથી કાર્યકરો આગામી કાર્યક્રમમાં બેવડા ઉત્સાહથી કાર્યરત થઈ શકે. સમાજને પણ જ્ઞાતિના કાર્યકરોની ઓળખ મેળવી શકે. સંપૂર્ણ અને વિગતવાર અહેવાલથી વાચકગણને થયેલા કાર્યક્રમને માણવાનો અહેસાસ થાય.

**પોઈન્ટ-૨ :** સંસ્થાકીય માહિતી અધિકૃત વ્યક્તિ દ્વારા જ મોકલવાથી વિશ્વસનીયતા જળવાય તેમજ અન્ય પ્રશ્નો ઉપસ્થિત ન થાય.

સંસ્થાના પ્રમુખ, મંત્રીની સહી સાથે માહિતી મોકલવામાં આવે, જ્ઞાતિ ટ્રસ્ટ, મહિલા મંડળ, યુવક મંડળના પ્રમુખ, મંત્રી અને એક સભ્ય માહિતી મોકલાવી શકે. યોજાયેલ કાર્યક્રમના અહેવાલ પ્રમુખ, મંત્રી મોકલાવી શકે. અન્ય માહિતી કોઈ સભ્ય દ્વારા મોકલવામાં આવે.

દરેક ઘટકમાં મંડળો રચાયેલ નથી તે ઘટકમાં વસતા કુટુંબના સદસ્યો પોતાના લેખ ડાયરેક્ટ સેતુને મોકલાવી શકે.

**પોઈન્ટ-૩ :** માહિતી સમયસર મળે તો જ ન્યુઝવેલ્યુ જળવાય માટે વ્યવસ્થા બાબત.

સંસ્થાઓએ યોજેલ કાર્યક્રમોની વિગત શક્ય એટલી વહેલી તકે મોકલાવવી જોઈએ. કાર્યક્રમોની વિગત વધુમાં વધુ અઠવાડીયામાં મોકલાવવી જોઈએ. જ્ઞાતિ સેતુએ દરેક અંકમાં આગામી અંકમાં અહેવાલ, લેખ, કવિતા મોકલવાની તારીખ પ્રકાશિત કરવી જોઈએ. દરેક સંસ્થાના ઓથોરાઈઝડ પર્સનને, મેસેજ કરવા જોઈએ. છેલ્લી ઘડીએ અચાનક કોઈ પ્રોગ્રામ કરવો પડે તેમ હોય તો તે માટે તંત્રીશ્રીનો સંપર્ક કરી સેતુમાં તે અહેવાલ પ્રકટ કરવા માટે રીકવેસ્ટ કરવી જોઈએ. કારણકે સમયસર મળેલ ન્યુઝની જ વેલ્યુ હોય છે. દીવાળીના દીવડા દીવાળી વખતે રંગોળી સાથે ઝગમગે તે ગમે ન કે હોળીમા રંગો વચ્ચે...

**પોઈન્ટ ૪ :** ઉપરોક્ત બાબતે દરેક સંસ્થા કોઈ એક વ્યક્તિને માહિતી મોકલવવા અધિકૃત કરે, તેના નામ, સરનામા ટેલીફોન નં. સેતુને મોકલાવી માહિતીનું આદાન-પ્રદાન કરે.

ઉપરોક્ત બાબતે ચર્ચા વિચારણામાં પ્રમુખશ્રી/મંત્રીશ્રી ને કાર્યક્રમના અહેવાલ માટે અને અન્ય વિષયો માટે એક અથવા બે સભ્યની નિમણુંક કરી જ્ઞાતિસેતુને તેના નામ, સરનામા, ફોન નં., ફોટા મોકલાવી શકે. જ્ઞાતિસેતુમાં જે પણ અહેવાલ, લેખ, કવિતા, વાર્તા અન્ય વિષયોના લેખક કવિઓની રચનાઓ ફોટા અને ફોન નં. સાથે પ્રકાશિત કરવી જોઈએ.

જ્ઞાતિ સેતુએ પણ અહેવાલ કે અન્ય માહિતી મોકલનાર સાથે ફોન પર સંપર્ક સાધી અગત્યની માહિતી રહી ન જાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.

**પોઈન્ટ ૫ :** આ વિષય સંબંધિત ગ્રુપના સભ્યો દ્વારા નિમ્ન બાબતે ચર્ચા થઈ હતી.

જ્ઞાતિસેતુ દ્વિમાસિક સામયિકને બદલે માસિક સામયિક રૂપે પ્રકાશિત થવી જોઈએ. ભુજ, માંડવી, અંજાર, નખત્રાણા નહી અમદાવાદથી જ પ્રગટ થવી જોઈએ. કારણકે જ્ઞાતિસેતુની વર્તમાન ટીમ સક્ષમ, સબળ અને જ્ઞાતિને સમર્પિત ટીમ છે. ટીમના સમસ્ત સભ્યો જ્ઞાતિસેતુને ઉચ્ચત્તમ કક્ષાએ લઈ જવામાં પોતાના પ્રાણ રેડી રહ્યા છે. અને અનેક ઉગતા કવિ લેખકોને સેતુમાં સ્પેસ આપી એમનો ઉત્સાહ વધારી અન્યને પણ જ્ઞાતિ માટે કામ કરવા પ્રેરણા આપી રહ્યા છે.

## ભલામણો

● જ્ઞાતિમાં નાનામાં નાનું કે મોટામાં મોટા કાર્ય કરનાર, કોઈને પ્રેરણારૂપ બન્યા હોય, એવા કાર્યકરની ખાસ નોંધ લઈને તેમના ઈન્ટવ્યુ છાપવા જોઈએ.

● સેતુ તરફથી દરેક અંકમાં સેતુના વધેલા વ્યાપની જાણકારી નામ અને ફોન સહિત પ્રકાશિત કરવી જોઈએ.

● સેતુમાં પ્રતિભાવ આપનાર વાચકોમાંથી શ્રેષ્ઠ પ્રતિભાવ આપનાર વાચકની નોંધ લઈ શ્રેષ્ઠ પ્રતિભાવ બોક્સમાં પ્રકાશિત કરવો જોઈએ. જેથી વધુમાં વધુ વાચક ગણ પોતાના પ્રતિભાવ મોકલે અને જ્ઞાતિસેતુનો વ્યાપ વધે.

● જ્ઞાતિસેતુનું લવાજમ ૧૫૦૦ પંદર વર્ષ માટે નહીં પરંતુ વીસ - પચીસ વર્ષ અથવા આજીવન હોવું જોઈએ. આજીવન ૧૫૦૦ શક્ય ન હોય તો ૧૫ વર્ષનું લવાજમ ૧૦૦૦ કરવું જોઈએ.

● શ્રી પ્રભુદાસભાઈ ખેતશી સોનીએ ખાસ સૂચન કરેલ કે દરેક ઘટકની ઓફિસે ૫ થી ૧૦ અંક સેતુના મોકલવામાં આવે જેથી તેને જ્ઞાતિસેતુ ન મળ્યું હોય અથવા ન મંગાવી શકતા હોય તે ત્યાં આવી વાંચી શકે.

● જ્ઞાતિજનો જો ઈચ્છે તો પોતાના જન્મદિવસ કે અન્ય ખુશાલી પ્રસંગે, શુભ પ્રસંગે અમુક રકમ જ્ઞાતિસેતુને આર્થિક સંકળામણના કારણે સેતુના લવાજમ ન ભરી શકતા હોય તેમને જ્ઞાતિસેતુના અંકો મોકલાવે.

● આપણી જ્ઞાતિમાં અનેક જાહેર કાર્યક્રમો થતા હોય છે. જેવા કે સમુહ લગ્ન, પાટોત્સવ, મહામંડળની જનરલ મીટીંગ, સરસ્વતી સન્માન જેવા મોટા કાર્યક્રમમાં પોતાના ઓથોરાઈઝ્ડ પર્સનને કલેકશન માટે જવાબદાર વ્યક્તિને લવાજમ સ્વીકારવા જવાબદારી સોંપવી જોઈએ.

● મહિલા વિભાગને વ્યાપ વધારવો જોઈએ. પ્રતિભાવંત મહિલાઓના ઈન્ટરવ્યુ ફોટા સાથે પ્રકાશિત કરવા જોઈએ. જેથી બહેનોમાં જાગૃતિ આવે. વધુમાં વધુ માહિતી મળી શકે.

● રીધમ છત્રાળા અને ઈન્દુલાલ હરીરામ સોલંકીએ 'જ્ઞાતિસેતુ'નો વ્યાપ વધારવા ઓફર કરી કે જે તે સંસ્થાના ઓથોરાઈઝ્ડ પર્સન દ્વારા મળેલ માહિતીને 'ઈમેલ' દ્વારા સેતુ સુધી મોકલાવી આપશે.

## ગ્રુપ-૨ 'સેતુ સહયોગ'

**ગ્રુપ કન્વીનર :** ચેતનભાઈ આઈ. બારમેડા

**મુખ્ય સહયોગ :** સંજીવભાઈ અરવિંદભાઈ બુદ્ધભટ્ટી
હિતેશભાઈ ધીરજલાલ પોમલ

**ગ્રુપના સભ્યોના નામ**

ઈન્દીરાબેન યોગેશભાઈ સોલંકી
નીલાબેન મોહનભાઈ પોમલ - ભુજ
જીગરભાઈ એમ. બુદ્ધભટ્ટી - ભુજ
મુળજીભાઈ એન. કટ્ટા - ભુજ
કિશોરભાઈ કોટડીયા - નખત્રાણા
મહેશભાઈ કે. બારમેડા - માધાપર
રંજનબેન રાજેશભાઈ સાકરીયા - નખત્રાણા
ઉર્મિલાબેન રાજેશભાઈ બગ્ગા - નખત્રાણા
જયાબેન ગિરીશભાઈ બારમેડા - નખત્રાણા
હંસાબેન એસ. બારમેડા - અંજાર
પૂજા એસ. બારમેડા - અંજાર
રીમા શૈલેષભાઈ પોમલ - અંજાર
વેલજી લાલજી બુદ્ધભટ્ટી - કોટડા
ગિરીશભાઈ અમૃતલાલ સોલંકી - ભુજ
પરેશભાઈ ચમનલાલ ગુજરાતી - ભુજ
ભરત હિંમતલાલ બગ્ગા - ભુજ
મનસુખલાલ કાનજી બુદ્ધભટ્ટી - ભુજ
રમેશભાઈ એમ. પરમાર - ભુજ
હસમુખ બાબુલાલ બુદ્ધભટ્ટી - માધાપર
અનિલભાઈ ત્રિકમજી બારમેડા - ભુજ

**મુદ્દો : ૧ : જ્ઞાતિસેતુની અગત્યતા સમાજના વિવિધ સ્થળોએ રહેતા પરિવાર વચ્ચે સંપર્ક સેતુ**

● વિવિધ ઘટકો મળી જ્યાં સેતુ નથી મળતું ત્યાં સંપર્ક વધારવું જોઈએ. (નખત્રાણા મહિલા મંડળ)

● ઘટક સમાજના મંત્રીને પ્રતિનિધિ તરીકે નિમીને જવાબદારી સોંપવી જોઈએ.

● દરેક સમાજના ઘટકોને લાણેદારનું લીસ્ટ સેતુને મોકલવું જોઈએ. (કે. એલ. કોટડીયા)

**મુદ્દો : ૨ : વિતરણ વ્યવસ્થામાં જ્ઞાતિસંસ્થા કઈ રીતે સહયોગ કરી શકે.**

● અનિલભાઈ સોની - દરેક ઘટકમાં જ્ઞાતિસેતુની સમિતિ હોવી જોઈએ. જે વિતરણ વ્યવસ્થાની તમામ જવાબદારી સ્વીકારે.

● જે તે ઘટકમાં એવો એક વ્યક્તિ નીમે જેના ખર્ચ સેતુ પાસેથી મેળવી લે. તે વ્યક્તિ ઘરે ઘરે જઈ સેતુનું વિતરણ કરે.

● ઘટકો માટે ઉત્સાહી સ્થાનિક કાર્યકર દ્વારા મોકલવી. મોટા ઘટકમાં કુરિયર અથવા પોસ્ટ દ્વારા મોકલવી.

● દરેક ઘટકને ૧૦ અંક વધારાના મોકલવા

● ભુજમાં મહાવીર કુરિયર સર્વિસ ૧ રૂ.માં અંક ઘરે ઘરે પહોંચાડી આપે છે.

● લવાજમ જ્ઞાતિ ઓફિસમાં રાખવું જે ઓનલાઈન ભરી શકતા હોય તે ઓનલાઈન ભરે.

**મુદ્દો : ૩ : હાલમાં સેતુ જેના પાસે નથી પહોંચતું એવા પરિવારમાં સેતુ પહોંચડવા બાબત**

● કોઈપણ વ્યક્તિનો બર્થ ડે હોય તે દિવસે અથવા તિથીના નવા ચાર ગ્રાહકો (જ્ઞાતિજન) સેતુને મળે અને આ લાભ આર્થિક રીતે નબળા વર્ગને મળે તો આવા લાભાર્થી સુધી સેતુ મળતી થાય. (માન. શ્રી પ્રભુદાસભાઈ, ઈન્દુભાઈ સોલંકી)

● સમાજમાં કોલેજ સ્તરના પ્રથમ નંબર આવનાર વિદ્યાર્થી સેતુ લવાજમ ભરી ના શકે તેવા લાભાર્થીને સેતુ ગિફ્ટ વાઉચર આપવું. (નખત્રાણા-મહિલા મંડળ)

● ચેઈન બિઝનેશ ફ્લોઓ કરવું. ૧ સેતુ લવાજમ લઈ આવનારને સ્કીમ માટે આકર્ષવું.

● આજીવન સભ્યની વ્યાખ્યા શું ?

આજીવન લવાજમ ભરનારને અત્યારે કોઈપણ જાતનો લાભ મળતો નથી તેને સેતુ મુળ કિંમતમાં મળે છે. આજીવન લવાજમ ભરનારને લાભ અવશ્ય મળવું જોઈએ. (મનસુખભાઈ બુદ્ધભટ્ટી, ભરત કા. બગ્ગા)

● માહિતીની વિવિધતા જરૂરી છે, મોટે ભાગે દરેક ટુંકમાં માહિતી, અલગ મુદ્દાઓ હોવા જરૂરી છે. આનાથી જ્ઞાતિજનોને આકર્ષી શકાય.

● સેતુ અંકમાં અમુક કોલમ સમાજ સિવાયના પણ બધાને વાંચવામાં મજા આવે સાથે જાણકારી પણ મળે તેવા કોલમ સેતુમાં સમાવવા જોઈએ.

**મુદ્દો : ૪ : આર્થિક રીતે લવાજમ ભરવા સક્ષમ ન હોય તેવા પરિવારો વંચીત ન રહી જાય તેના માટે શું કરવું.**

● આર્થિક રીતે સક્ષમ ન હોય તેનો બાયોડેટા મેળવવો. ૧૦૦ રૂ. જેવી રકમ કેમ નથી આપી શકતા તે જાણવું જરૂરી છે. તેમના માટે કોશિશ કરવી.

● જે સેતુ નથી લેતા તે શા માટે નથી લેતા તેનું કારણ જાણવું જોઈએ. (અંજાર મહિલા મંડળ)

● જ્ઞાતિસેતુ લેતા હોય તેવા પરિવારોને જાણ કરવી કે સેતુને સેવા પરિવાર સુધી પહોંચાડે (વાંચી લીધા પછી) કે જે પરિવાર સેતુ ન લેતા હોય અથવા ન લઈ શકતા હોય (નીલાબેન)

● જેટલા વધારે પરિવારો આ વાંચશે તે સેતુ લેવા પ્રેરાશે.

● અમુક ટાઈમ સુધી આવા પરિવારોમાં સેતુનું ફ્રી વિતરણ કરવું.

● જે તે ઘટકોમાંથી ન લઈ શકતા હોય તેવા પરિવારોની જાણકારી મેળવી શકાય. સમાજ આવા સભ્યોની જાણકારી સેતુને આપે.

● સેતુ માટે (કાયમી ફંડની યોજના) અમલમાં મૂકવી જોઈએ. જેથી આર્થિક રીતે ન લઈ શકતા પરિવારોને સેતુ ફ્રીમાં પહોંચાડી શકાય.

**મુદ્દો : ૫ : સ્થાનિક સંસ્થા દ્વારા કોઈ વ્યક્તિની સહયોગી તરીકે નિમણુંક કરવામાં આવે તો સ્થળના લવાજમ લેતા બાબત તેમજ માહિતી મોકલવા બાબત સેતુ સાથે સહયોગ થઈ શકે.**

● ઘટક આના માટે શું કરી શકે તે માટે જે તે ઘટકના હોદ્દેદારો તથા સભ્યો સાથે મિટીંગ કરી નિર્ણય કરવું જોઈએ.

**મુદ્દો : ૬ : સેતુ કાર્યાલય દ્વારા 'જ્ઞાતિસેતુ'નું લવાજમ સ્વીકારવા માટે અધિકૃત વ્યક્તિ નક્કી કરવામાં આવે.**

● અધિકૃત વ્યક્તિને રસીદ બુક આપવી જોઈએ. પહોંચ ફાળી, ફીની પહોંચ આપી શકે.

● ઓનલાઈન બેંક ખાતામાં પૈસા જમા કરી શકે.

● ઈમેલ દ્વારા એડ્રેસ અને અંકની નકલ મેઈલમાં મોકલાવી શકાય.

**મુદ્દો : ૭ : જ્ઞાતિસેતુમાં વાચકોના વિવિધ વર્ગો જેવા કે મહિલાઓ, વિદ્યાર્થીઓ, વ્યવસાયીઓ, યુવાઓ વિગેરે માટે વિવિધ વિભાગો પ્રસિદ્ધ થાય છે, આધ્યાત્મિક, સ્વાસ્થ, શૈક્ષણિક વિગેરે તેમજ યુવાનોને રસ પડે તેવા વિભાગો માટે કેવી વાંચન સામગ્રી પ્રસિદ્ધ થાય તે માટે જ્ઞાતિસેતુ ને સુચન કરવા બાબત.**

● પ્રોફેશનલ લેખકોની મદદ લેવી જરૂરી, જ્ઞાતિજનોને ઉપયોગી માહિતી અંકમાં સમાવવી.

● અંક સમિતિની રચના કરવી જેઓનું કાર્ય જ્ઞાતિની સુષુપ્ત પ્રતિભાવોને ખિલાવી તેઓને, વિચારો, લેખો, સમાજ ઉપયોગી જાણકારી એકત્ર કરી સેતુમાં સમાવવી.

● સેતુ અંક મંથલી આવવું જોઈએ.

**પ્રતિભાવ**

# સેતુ વિષે અભિપ્રાયો

દાતાઓના સૌજન્યથી વિશેષાંક પ્રકાશીત કરો.

**- અમૃતલાલભાઈ સોલંકી-ભુજ**

કચ્છ જિલ્લામાંથી તમામ પ્રકારના લેખો - મોકલવામાં આવે તો એકત્રીત કરી સેતુને મોકલવાની જવાબદારી લઉં છું. **- ઈન્દુલાલભાઈ સોલંકી-ભુજ**

હાલમાં હું સેતુ સબસ્ક્રીપ્શન ભેગુ કરું છું.

**- ઈશ્વરલાલભાઈ હેડાઉ-ભુજ**

જ્ઞાતિ ઘટક દીઠ સભ્ય બનાવો.

**- મહેશ બારમેડા-માધાપર.**

સેતુ પાછળ રોજનો માત્ર ૩૦ પૈસાનો ખર્ચ છે જે સહુ જ્ઞાતિજનોએ કરવો જોઈએ. **- કાન્તિભાઈ પોમલ-કોઠારા**

અમારા વિસ્તારમાં સેતુ વિતરણ તેમજ અન્ય જવાબદારી સ્વીકાર્ય છે. **- વેલજીભાઈ બુધ્ધભટ્ટી-કોટડા**

સહયોગ આપવા ઉત્સુક. **- જયંતિભાઈ સાકરીયા-મુંબઈ**

વાનગીની કોલમ ચાલુ કરો. **- ઉર્મિલાબેન બગ્ગા-નખત્રાણા, સંજીવભાઈ બુદ્ધભટ્ટી-ભુજ**

સેતુ ગ્રાહકને એના સરનામે મળવું જોઈએ. **- હેતલબેન સોની-દિનેશભાઈ પોમલ-ભુજ**

વિજ્ઞાન-ટેકનોલોજી માહિતી ઐતિહાસિક વાર્તાઓ - મેડીકલ લેખો આપો. **- પ્રવિણભાઈ સોલંકી-માંડવી**

જ્ઞાન-કસોટી, ક્વીઝ વિગેરે ઉમેરો.

**- જયશ્રીબેન પરમાર-ભુજ**

આજીવન સભ્ય નોંધણી સમયની માંગ છે.

**- વિનોદભાઈ હેડાઉ-માંડવી**

શિક્ષણ વિષે વધુ માહિતી હેલ્થ કોર્નર ટીપ્સ આપવા ઈચ્છું છું. **- આરોહી પરમાર-ભુજ**

હરિભાઈ લખમશી વિશાપરમાર

## ગ્રુપ-૩ 'જ્ઞાતિસેતુ સંવર્ધન

**ગ્રુપ ગોષ્ઠિમાં ભાગ લેનારા ગ્રુપના સભ્યો તેમજ એમના વ્યક્તિગત સૂચનો પણ અત્રે પ્રસ્તુત છે.**

દરેક ઘટકની કારોબારી, સેતુ વિતરણ અને લવાજમની જવાબદારી સંભાળે. જ્ઞાતિના નબળા વર્ગો સુધી સેતુ પહોંચે તે માટે તેમના લવાજમનું ભારણ સક્ષમ લોકો જ સંભાળે.

જ્ઞાતિઘટક તેમના લાણા જેટલું લવાજમ સેતુને ભરી દે અને જ્ઞાતિજનો પાસે ઉઘરાવાતા લાણા સાથે વસુલી લે.

જ્ઞાતિઘટકની કારોબારી-મહિલામંડળ ફક્ત એક જ વાર સેતુના અત્યારે ૧૦૦૦ જેટલા સભ્યો છે જ્યારે આપણી જ્ઞાતિના લગભગ ૩૦૦૦ ઘરો છે એનો અર્થ એ થયો કે ફક્ત ૩૩ ટકા કુટુંબો સુધી જ સેતુ પહોંચે છે બાકીના ૬૬ ટકા સુધી પહોંચાડવા માટે જ્ઞાતિઘટકોનો ઉપયોગ કરવો. જ્ઞાતિજનોના જઈને સેતુ દરેક પહોંચે તેવી વ્યવસ્થા કરી શકાય.

જ્ઞાતિસેતુ દર મહિને મળે. જ્ઞાતિસેતુના વાંચનની ઉપયોગીતા વધારવા માટે જ્ઞાતિની દરેક નુખના કુટુંબોના ધાર્મિક અને વ્યવહારિક રિતી-રિવાજોની માહિતીના વિશેષાંક આપવા. જાહેરાતોનો વ્યાપ વધારવા ઈતર જ્ઞાતિની જાહેરાત લેવી, તથા જ્ઞાતિના સક્ષમ લોકોની જાહેરાત વર્ષભર માટે લઈ શકાય. સેતુના પ્રમોશન માટે વિવિધ સ્કીમો રાખવી.

દરેક જ્ઞાતિ ઘટકના ફંક્શન વખતે સેતુ અંગે માહિતી આપવી. જુના અંકો ટેબલ પર મુકવા. જ્ઞાતિની કારોબારી ઓફિસમાં તથા ફંક્શનમાં જ્ઞાતિસેતુનું હોર્ડિંગ મુકવું.

ઘટક પ્રમુખો સાથે વધુને વધુ કોમ્યુનિકેશન કરી તેમને સેતુના પ્રચાર માટે પ્રેરિત કરવા. સમાજના ઘણા લોકો હજી સેતુની પરિચિત નથી તેમને એજ્યુકેટ કરવા. જ્ઞાતિસેતુના અંક જ્ઞાતિની ઓફિસે મોકલી આપવા અને ઘટકના ૮ થી ૧૦ યુવાનો ઘરેઘર ડીલીવરી કરી શકે અને બાકી સેતુ લવાજમ ઉઘરાવી શકે. **સુમરીરોહા ગામે આપણા જ્ઞાતિના કેટલાક વડીલો વૃદ્ધાશ્રમમાં છે તેમને અંક પહોંચે તેવી વ્યવસ્થા સ્થાનિક ઘટક દ્વારા ગોઠવણી કરી શકાય.** સેતુની આર્થિક સદ્ધરતા માટે ચોક્કસ સક્ષમ વ્યક્તિઓને પેટ્રન મેમ્બર બનાવી ફંડ ઊભું કરવું.

## ગ્રુપ-૩ 'જ્ઞાતિસેતુ સંવર્ધન - બી

### વિવિધ જ્ઞાતિ અગ્રણીઓના સુચનો

**કન્વીનર : શ્રી હરિલાલભાઈ લખમશી વિસાપરમાર**

ભરતભાઈ બગ્ગા : સેતુ દરેક ઘરમાં પહોંચવું જોઈએ આર્થિક રીતે નબળા લોકોનું લવાજમ સક્ષમ લોકો ભરી શકે.

રાજુભાઈ : નિતીનભાઈ દરેક જ્ઞાતિના પ્રમુખશ્રીનો અંકો પહોંચવા જોઈએ અને તેની જાણકારી દરેક ઘટકને પ્રમુખશ્રીએ રાખવી જોઈએ.

હરીભાઈ : સેતુ સમાજના દરેક ઘરે પહોંચે છે અથવા તેમના એડ્રેસ છે ? તેમના માટે દરેક ઘટક લાણા સાથે સેતુનું લવાજમ ઉઘરાવી લે જ્ઞાતિસેતુ અંગે વર્કીંગ દરેક ઘટકની ઓફિસમાં લગાવવું જરૂરી છે.

સુધા : સેતુનું લવાજમ જ્ઞાતિ પાસે જેટલા લાણા હોય તે જ્ઞાતિ જ ચૂકવે.

હરેશભાઈ : લોકેને ખ્યાલ પણ નથી જ્ઞાતિસેતુ શું છે ? તો તેની જાણકારી લોકોને આપવી. જ્ઞાતિસેતુનો પ્રચાર વધારવું જરૂરી છે. દરેક ફંક્શનમાં જ્ઞાતિસેતુનો સ્ટોલ હોવું જરૂરી છે.

અનિલભાઈ બગ્ગા : જ્ઞાતિના પોતાના ફંક્શન વખતે જ્ઞાતિસેતુ પ્રચાર અને પ્રસાર થવું જોઈએ.

ઈન્દુભાઈ - રાજેશભાઈ : જ્ઞાતિના ફંક્શનમાં સેતુના પ્રમોશન બાબતે થયો.

ઈન્દુભાઈ : જ્ઞાતિની ઓફિસમાં વધારાના સેતુ રાખવા.

જેન્તીભાઈ : સેતુના લવાજમ જેણે ભર્યા નથી છતાં લવાજમ મળે છે અને જેમણે ભરેલ છે તેમને મળતા નથી.

પિન્કીબેન : જ્ઞાતિ કારોબારી-મહિલા મંડળના સભ્યો દરેક ઘેર જઈ જ્ઞાતિસેતુ અંગેનું સર્વે કરો.

દિનેશભાઈ : જ્ઞાતિસેતુ ચલાવે અમદાવાદ પરંતુ મહામંડળ પ્રેરિત હેડીંગ આવે.

ભરતભાઈ : જ્ઞાતિના સક્ષમ વ્યક્તિઓ પાસેથી આજીવન લવાજમ લઈ નક્કી કરી લેવું.

હરીભાઈ : સેતુમાં અપાતી માહિતી વધારે વાચ્ય બની શકે તેવું પ્રયત્ન કરવું.

રાજેશભાઈ : જેઓ જ્ઞાતિસેતુના લવાજમ નથી ભરી શકતા તેમનું લવાજમ જ્ઞાતિ પ્રમુખશ્રી જ્ઞાતિના ભંડોળમાંથી ભરે.

પી.જી.દાસ : જ્ઞાતિસેતુ દર મહિને પ્રસારિત થવું જોઈએ.

સુધા બુદ્ધભટ્ટી : જ્ઞાતિસેતુને આજે ૧૦ વર્ષ થયા પરંતુ ૧ની આગળ અનેક ૦૦ લાગતા જાય તેવી હાર્દિક શુભકામના.

ભરતભાઈ : વર્ષની મુખ્ય જાહેરાતો માટે જ્ઞાતિની સક્ષમ પાર્ટીઓને બાધ્ય કરી લેવી જોઈએ.

શીતલ : હાલ ૩૩ ટકા જ્ઞાતિસેતુ લોકોને ઘેર પહોંચે છે. પરંતુ જો તેનો વ્યાપ વધે તો ઘરમાંથી વધારે વાંચનની માહિતી મળે.

ભરતભાઈ : જાહેરાતોનો વ્યાપ વધારવો જોઈએ.

શાંતિલાલભાઈ - અંજાર : જ્ઞાતિસેતુના આકર્ષણ માટે વિવિધ સ્કીમો યોજવી જોઈએ.

કાન્તીભાઈ - જ્ઞાતિસેતુનો રોજનો ખર્ચ ૧૫ પૈસા દરેકને ફાળે આવે છે તો બીજા વ્યસનોના ખર્ચમાં કાપ મૂકી જ્ઞાતિસેતુનું લવાજમ ભરવું જોઈએ.

શશીકાંતભાઈ : દરેક નુખના કુટુંબના રિતરીવાજોનું અંક અને ધાર્મિક પ્રસંગનો વિશેષ અંક બહાર પાડવો જોઈએ. જ્ઞાતિના દરેક કુટુંબમાં થતી લગ્ન સગાઈ, મૃત્યુ, નવું સાહસ, બાળકોનું એજ્યુકેશન પ્રમોશનની વિગતો વિનામૂલ્યે આપવી.

રાજેશ સોની - અંજાર : જ્ઞાતિસેતુ દર મહિને મળે તેવા પ્રયત્ન કરવા.

ભરતભાઈ : જ્ઞાતિ બહારના લોકોમાંથી વધારેને વધારે જાહેરાતો મેળવવા પ્રયત્ન કરવો જોઈએ.

## સેતુ સંવર્ધન સમિતિ

**– અતુલ સોની-મંત્રી**

'જ્ઞાતિસેતુ' અમદાવાદ જ્ઞાતિ દ્વારા પ્રકાશિત સમાજનું એક માત્ર મુખપત્ર છે તે કચ્છ અને કચ્છ બહાર વસતા આપણા પરિવારો વચ્ચે પરસ્પર સંવાદનું સેતુ છે. 'જ્ઞાતિસેતુ' ફળસ્વરૂપે ફેલાવો સમગ્ર દેશમાં વસતા જ્ઞાતિ પરિવારો સુધી છે. દશાબ્દી સમારોહ નિમિત્તે 'જ્ઞાતિસેતુ' ને સ્પર્શતા વિવિધ વિષયોને લક્ષમાં રાખી ગ્રુપ ગોષ્ઠિનું આયોજન કરવામાં આવેલ. જ્ઞાતિ અગ્રણી અને વાચક વર્ગ તરફથી 'જ્ઞાતિસેતુ' પ્રકાશન સંબંધી ઉપયોગી સૂચનો પ્રાપ્ત થયા.

જ્ઞાતિ અગ્રણીઓના મંતવ્ય તથા પ્રાપ્ત થયેલ સૂચનો મુજબ 'જ્ઞાતિસેતુ' સમાજના દરેક પરિવાર સુધી પહોંચે તેવું આયોજન થવું જરૂરી છે. આ માટે વિવિધ જ્ઞાતિ ઘટકોએ તેમના વિસ્તારમાં 'જ્ઞાતિસેતુ' દરેક પરિવારને મળે તે માટે સહકાર આપવાની ખાત્રી આપેલ છે. 'જ્ઞાતિસેતુ'નું પ્રકાશન અને સંચાલન અમદાવાદ જ્ઞાતિ કરે છે પરંતુ સ્થાનિક કક્ષાએ 'જ્ઞાતિસેતુ'ના વિશેષ પ્રસાર માટે જરૂરી આયોજન અંગે સલાહ સૂચન હેતુ સેતુ સંવર્ધન સમિતિની રચના કરવામાં આવેલ છે. મહામંડળના ઉપપ્રમુખ શ્રી હરિલાલ લખમશી વિશા પરમારના કન્વીનર પદે સમિતિનું ગઠન કર્યું છે. આ સમિતિ 'જ્ઞાતિસેતુ'ના વિકાસ માટે 'જ્ઞાતિસેતુ' તંત્રીમંડળ તથા વ્યવસ્થાપક સમિતિને યોગ્ય દિશા સૂચનો કરશે તેમજ 'જ્ઞાતિસેતુ' દરેક પરિવાર સુધી પહોંચે તે માટે જરૂરી આયોજન અંગે માર્ગદર્શન કરશે.

**સેતુ સંવર્ધન સમિતિ :** શ્રી હરિલાલ લખમશી વિશા પરમાર - કન્વીનરશ્રી - અંજાર
શ્રી ભરતભાઈ બેચરદાસ સોની - નખત્રાણા
શ્રી અતુલ શંકરલાલ સોની - માનદ્ મંત્રી - અમદાવાદ
શ્રી દિલીપ કાનજીભાઈ બગ્ગા - ભુજ
શ્રી રાજેશભાઈ કેશવલાલ વિશાપરમાર - અંજાર
શ્રી ચંદુભાઈ જટુભાઈ ચનાણી - ભુજ
શ્રી મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડીયા - અમદાવાદ
શ્રી દિનેશભાઈ જેઠાલાલ સોની - તલોદ
શ્રી પ્રકાશભાઈ ભગતભાઈ બારમેડા - રાયપુર
શ્રી વિનોદભાઈ વલ્લભદાસ હેડાઉ - માંડવી
શ્રી અમૃતલાલ જેઠાલાલ સોલંકી - ભુજ
શ્રી પી. જી. સોની 'દાસ' - ભુજ
શ્રી જયંતિલાલ હીરજીભાઈ સાકરીયા - મુંબઈ
શ્રી અરૂણભાઈ ઠાકરશીભાઈ કંસારા - ગાંધીધામ
શ્રી ગિરીશભાઈ કાંતિલાલ સોની - અમદાવાદ
શ્રી શૈલેષભાઈ હંસરાજભાઈ કંસારા - ભુજ

સમિતિની કાર્યવાહી જ્ઞાતિસેતુ કાર્યાલય મારફત થશે તેમજ કન્વીનરશ્રીનો નેતૃત્વ હેઠળ શ્રી અતુલભાઈ સોની તેનું સંચાલન સંભાળશે.

# સેતુ સર્વેક્ષણ

હંસરાજ કંસારા

## સેતુ સર્વેક્ષણ

જુલાઈ-૨૦૦૪માં (જ્ઞાતિ) સેતુનો પ્રથમ અંક પ્રકાશીત થયો. ત્યારથી લઈને જૂન-૨૦૧૪ સુધીમાં આ સામયિકે એની સફરનો દાયકો પૂરો કર્યો. આ દાયકા દરમ્યાન 'સેતુ' નો સંદેશ કચ્છ તેમજ અન્યત્ર વસતા આપણા સમાજના પરિવારો સુધી પહોંચવા સદૈવ પ્રયત્નશીલ રહ્યું છે, હર્ષની વાત એ છે કે 'જેટ' અને 'નેટ' સેવી યુવા વર્ગ પણ 'સેતુ'માં રસ લેતો થયો છે. સમાજની પ્રતિભા સંપન્ન બહેનો તેમજ શિક્ષિત યુવાનોની સાહિત્યિક રચનાઓથી સેતુ સમૃદ્ધ થતું રહ્યું છે.

ગત ૨૯મી જૂનને રોજ, ભુજ મધ્યે આયોજીત દશાબ્દી સમારોહ અવસરે ઉપસ્થિત કચ્છ તેમજ અન્યત્ર વસતા આપણા સમાજના મહાનુભાવોના સેતુ અંગે વિચારો જાણવા, એમને એક પ્રશ્નાવલી આપવામાં આવેલી. કાર્યક્રમના સમાપન સુધીમાં આ પ્રશ્નાવલીના પ્રતિભાવે ૫૧ પ્રત્યુત્તરો પ્રાપ્ત થયા, તેનું સંકલીત વિશ્લેષણ અત્રે પ્રસ્તુત છે.

| પ્રેષકો | સંખ્યા | પ્રતિશત |
|---|---|---|
| પુરુષ | ૩૪ | ૬૬.૫% |
| મહિલા | ૧૭ | ૩૩.૫% |
| **કુલ** | **૫૧** | **૧૦૦%** |

**પ્રેષક આયુવર્ગ :**

| | |
|---|---|
| ૩૧ થી ૪૦ વર્ષ | : ૧૩ |
| ૪૧ થી ૫૦ વર્ષ | : ૧૧ |
| ૫૧ થી ૬૦ વર્ષ | : ૧૩ |
| ૬૧ થી ૭૦ વર્ષ | : ૭ |
| ૭૦ થી ઉપર વર્ષ | : ૨ |
| ઉંમર જણાવી નથી | : ૫ |
| **કુલ** | **: ૫૧** |

ઉપરોક્ત ટેબલ-૧માં પાંચ પ્રેષકોએ એમની ઉંમર જણાવેલ નથી એને બાદ કરતાં બાકીના ૪૬ પ્રેષકોમાં ૩૭ પ્રેષકો નિર્ણાયક વય જૂથ (૩૧-૬૦) ના છે, જેઓ સેતુથી પરિચિત છે. સેતુની સફળતાનો આ પ્રથમ માપદંડ કહી શકાય. પરંતુ ૬૦ થી ઉપરની નિવૃત્તિ-વય જૂથમાં સેતુનો વાચક વર્ગ ઓછો છે તે વધે તે માટે સંપાદકીય પ્રયાસો આવશ્યક છે. આ અંગે સમાજ બૌદ્ધિક વર્ગના સૂચનો આમંત્રિત છે.

**પ્રેષક સ્થળ :**

| સ્થળ | પુરૂષ | મહિલા | કુલ |
|---|---|---|---|
| ભુજ | ૧૮ | ૫ | ૨૩ |
| અંજાર | ૧ | ૭ | ૮ |
| નખત્રાણા | ૧ | ૫ | ૬ |
| માંડવી | ૪ | – | ૪ |
| નલીયા | ૩ | – | ૩ |
| માધાપર | ૨ | – | ૨ |
| કોઠારા | ૧ | – | ૧ |
| કોટડા | ૧ | – | ૧ |
| જામનગર | ૧ | – | ૧ |
| લુડવા | ૧ | – | ૧ |
| મુંબઈ | ૧ | – | ૧ |
| **કુલ** | **૩૪** | **૧૭** | **૫૧** |

આ ટેબલ 'સેતુ'નો પ્રસાર જામનગર તેમજ મુંબઈ જેવા નગરો ઉપરાંત કચ્છના કેટલાક અંતરિયાળ ગામો સુધી હોવાનું પ્રમાણ આપે છે. પરંતુ હજુ કચ્છમાં તેમજ અન્યત્ર બીજા અનેક નાના મોટા ગામો-કસબાઓમાં આપણા જેટલા પરિવારો હોય તે બધાને સેતુ મળતુ થાય તેના સઘન પ્રયાસો આવશ્યક છે. અગ્રણીઓના સહયોગ ઉદ્દેશની પૂર્તિ હેતુ વિભિન્ન સ્થળોના જ્ઞાતિ અગ્રણીઓનો સહયોગ અપેક્ષિત છે.

**સેતુ પ્રાપ્તિ :** ૫૧ માંથી ૩૮ એટલે કે ૭૫% પ્રેષકોને સેતુ નિયમીત મળે છે. બાકીના ૨૫% માંથી કેટલા સબ્સક્રાઈબર છે તેની જાણ નથી. એક અન્ય રસપ્રદ બાબત એ છે કે ૨૫% પ્રેષકો જણાવે છે કે તેઓ સેતુ મારફત એમના વિચારો વ્યક્ત કરે છે. કૃતિઓ મોકલે છે, આનાથીય વધુ પ્રોત્સાહક બાબત એછે કે ૧૯ પ્રેષકો એટલે કે ૩૭% પ્રેષકો સેતુમાં એમના લખાણો મોકલવા ઉત્સુક છે. આ બાબત સેતુ-પરિવાર માટે ગૌરવપ્રદ છે. સેતુ આપ સહુનું છે. એમા આપના વ્યાપક સમાજ હિતલક્ષી અને યોગ્ય વિચારોનું પ્રકાશન હેતુ સદૈવ સ્વાગત છે.

**સેતુ સામગ્રી પસંદગી :** આ બાબતે પ્રેષકોના મલ્ટીપલ ચોઈસ રિસ્પોન્સ નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. જ્ઞાતિ વિષયક સમાચાર | ૩૬ |
| ૨. સામાજીક સમસ્યાઓ | ૩૦ |
| ૩. ધાર્મિક લખાણો | ૨૭ |
| ૪. શિક્ષણ સંબંધી માહિતી | ૨૭ |
| ૫. પ્રતિભા પરિચય | ૨૬ |
| ૬. વિચાર મંચ | ૨૫ |
| ૭. આરોગ્ય સંબંધ માહિતી | ૨૫ |
| ૮. વ્યવસાય સંબંધ માહિતી | ૨૪ |
| ૯. મહિલા વિશ્વ | ૨૧ |
| ૧૦. પ્રવાસન માહિતી | ૨૦ |
| ૧૧. વ્યક્તિ ચરિત્ર | ૧૮ |
| ૧૨. બાળ વિભાગ | ૧૭ |
| ૧૩. વાર્તા | ૧૭ |
| ૧૪. કાવ્ય | ૧૩ |
| ૧૫. અન્ય | ૨૧ |

ઉપરોક્ત સેતુ સામગ્રી પસંદગી ગ્રાફ રસપ્રદ છે. પ્રથમ પસંદગી વાચકોની જ્ઞાતિ સંબંધી વિગતોની હોય તે સ્વાભાવિક છે. બીજા નંબરે સામાજિક સમસ્યાઓ છે, જે આપણા સમાજના સભ્યોની સાંપ્રત સમસ્યાયો, જેવી કે છૂટાછેડા, લગ્ન-સગાઈ આદિ પ્રસંગે દેખાદેખીમાં થતા ખર્ચ આદિ સમસ્યાઓ પ્રત્યેની ચિંતા વ્યક્ત કરે છે.

સંબંધે સમાજના બૌદ્ધિકોને નવા વિચારો અને સંશોધનયુક્ત લખાણો / સુચનાઓ મોકલવા નમ્ર અનુરોધ છે. આવી સમસ્યાને લગતા લખાણો-રચનાઓ આદિમાં માહિતી ઉપરાંત વિશ્લેષણ ખાસ આવશ્યક હોય છે.

આગ્રહ છે શિક્ષણ, પ્રતિભા પરિચય, વિચાર મંચ તેમજ આરોગ્ય અને વ્યવસાય સંબંધી માહિતી માટેની વાચકોની માગ પણ પ્રમાણમાં સારી દેખાય છે. સમાજની પ્રતિભાઓનો પરિચય આપવા સ્થાનિકે વસતા બૌદ્ધિકોને આ પ્રકારના લખાણો મોકલવા અનુરોધ છે.

એ જ રીતે વ્યવસાય આરોગ્ય અને પ્રવાસન જેવી બાબતો પર પણ આપણા સમાજના જે તે વિષય સાથે સંકળાયેલા સભ્યો એમના અનુભવો અથવા માહિતી આપી શકે. બાળ વિભાગ અને મહિલા વિશ્વ વિભાગનો એક ખાસ વાચક વર્ગ જ હોય તે સ્વાભાવિક છે. સિમિત 'શબ્દ બાગ' બાળ-વિભાગ અને મહિલા વિશ્વ વિભાગોનો વિકાસ પણ પ્રમાણમાં સારો થયો છે.

સેતુ ચાહકોમાં સૌથી ઓછા પસંદગીના વિષયોમાં વાર્તા અને કાવ્યો છે. **પરંતુ આપણા સમાજની સાહિત્ય-કલા ક્ષેત્રે પાંગરતી પ્રતિભાને પ્લેટફોર્મ અને પ્રોત્સાહન પુરુ પાડવું આવશ્યક છે.** કારણકે સાહિત્ય સર્જન તેમજ અન્ય લલીતકલા ક્ષેત્રના અમાપ સાગરમાં આપણી પ્રતિભાને પિછાન મેળવવી બહુ જ કઠિન છે. આ ક્ષેત્રના મુખ્ય રાજમાર્ગે-ટ્રાફીક જામ છે. અને એ રાજમાર્ગ સુધી પહોંચવા માટે પણ આપણી પ્રતિભાઓ માટે સેતુનો એપ્રોચ રોડ આવશ્યક છે. એટલે નવોદિતોને આગ્રહ છે કે તેઓ પોતાની રચનાઓ અવશ્ય મોકલતા રહે.

આ અભ્યાસ લેખે સમાપને, આ સર્વેક્ષણ વિષે માત્ર એટલું જ કહેવાનું છે કે, સેતુ-સામગ્રી ચયનના આધારરૂપ આ આછેરો અભ્યાસ પ્રથમ પ્રયાસ માત્ર છે. ભવિષ્યમાં વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક ઢબે આ બાબતે વ્યાપક સર્વેક્ષણ કરવાનું સેતુ પરિવાર વિચારે છે. આ બાબતે વાચકોના મંતવ્યો આવકાર્ય છે. – અસ્તુ.

## લાલો ગમે

મા મને દાદીમાના મંદિરનો લાલો ગમે
મા મને દાદી મને વાલો વાલો લાલો ગમે
દાદીમાએ પહેરાવ્યું છે પીળું પીતાંબર
મુગટમાં શોભતું મોરનું પીછું ગમે
મા મને દાદીમાના મંદિરનો લાલો ગમે
દાદીમાએ પહેરાવી ગળામાં ગુંજા મળા
હોઠો પર વાગતો મીઠો પાવો ગમે
મા મને દાદીમાના મંદિરનો લાલો ગમે
દાદીમાએ ધરાવ્યા છે મીસરી તુલસી દલ
મગજનો મીઠો મીઠો પ્રસાદ ખાવો ગમે
મા મને દાદીમાના મંદિરનો લાલો ગમે
હે મા સાચે જ લાલો ગોપી ઘેર ઘૂમતો
મટકી ફોડી સખાને માખણ જમાડતો
મને પણ મીઠો મીઠો માખણ ખાવો ગમે
મા મને દાદીમાના મંદિરનો લાલો ગમે
દાદીમા કહે આવી આજે જન્માષ્ટમી
મા એક મટકી તું બાંધ આજે હવે
મા મને દાદીમાના મંદિરનો લાલો ગમે
મા મને પણ પહેરાવ પીળું પીતાંબરને મોર પીંછ
મટકી ફોડી સખા સંખ ઉમંગે આઠમ ઉજવવી ગમે
મા મને દાદીમાના મંદિરનો લાલો ગમે

**– લતા સોલંકી**

# મારૂ કંસારા સોની જ્ઞાતિ સમાજ ઘડતરની દિશાભણી

**શાંતિલાલ સોની**

દશાબ્દી સમારોહની પૂર્વ સંધ્યાએ આપણા સમાજના વિદ્વાન સાહિત્ય સર્જક ગુજરાત રાજ્યના નિવૃત્ત માહિતી અધિકારી તેમજ અખબાર કોલમનીસ્ટ (સ્પોર્ટસ કોલમ) શ્રી શાંતિલાલ સોનીનું સમાજ અને સેતુ વિષેનું અવલોકન **– મુખ્યતંત્રી**

હજુ ગઈ કાલની જ વાત છે ! ભુજ, અંજાર, માધાપર કે નખત્રાણામાં મારૂ કંસારા સોની સમાજની વસતિ છે ત્યાં કોઈ પૂછતું કે 'તમે કેમ તમારું સંગઠન મજબૂત બનાવતા નથી ?' અન્ય સમાજો ક્યા પહોંચી ગયા છે.

પણ, હવે પરદો ઊંચકાઈ ગયો છે. જમાના સાથે કદમ તાલ માટે મારૂ કંસારા સોની સમાજ પણ સુસજ્જ છે. એ ભૂતકાળની વાત છે કે માત્ર સોની મહાજન એટલે ઘરથી દુકાન સુધી. મારૂ કંસારા સોની સમાજનું પણ ગામે ગામથી માંડીને છેક રાષ્ટ્રીયસ્તર સુધીનું સંગઠન છે. નવી દિશાનું કદમ હોવાથી એમાં વ્યાપક સુધારાની આવશ્યકતા છે, પણ વાસણકામથી માંડીને સોના-ચાંદીની ચમકદમક સાતે ધબકાર ઝીલતો આ સમાજ હવે ક્રમશઃ આગળ વધી રહ્યો છે.

સમાજની પ્રગતિની પારાશીશીના માપદંડ દરેક સમાજ માટે પોતીકા અને અલગ હોય છે. ત્યારે માત્ર ને માત્ર વાસણ ઘડવા, વેચવા, સોના-ચાંદીના ઘરેણાં બનાવવા અને વેચતા વેચતા આજે મારૂ કંસારા સોની સમાજ પત્રકારત્વ ક્ષેત્રે એક દાયકો પૂર્ણ કરે છે તે ઘટના સમાજ માટે ચોક્કસપણે વિરલ જ હોઈ શકે. અત્રે નોંધવું ઘટે કે કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ સંચાલિત મુખપત્ર આજે દશ વર્ષ પૂર્ણ કરવા જઈ રહ્યું છે.

જ્ઞાતિસેતુ મુખપત્ર અંગે તેમજ તેની દશાબ્દિ ઉજવણી બાબતે કચ્છમિત્રમાં લખાઈ ચૂક્યું છે ત્યારે આ સમાજની ગતિ અને પ્રગતિ વિષે લખવું વધુ યોગ્ય રહેશે.

સમાજ સંગઠનની દિશામાં ચડતી કરતો હોય કે સમાજોત્કર્ષ અંગે અનેકવિધ કામોમાં આજે પ્રવૃત્ત હોય તો તેમાં પાયાના પથ્થરોની ભૂમિકા ચોક્કસપણે વિશેષ હોય છે. આજે જિલ્લા સ્તરે સમાજનું સંગઠન મજબૂત છે, પરંતુ તેની નાના પાયે શરૂઆત સંભવતઃ વિથોણ અને નખત્રાણાના સમાજપ્રેમી આગેવાનો સ્વ. બાબુભાઈ વકીલ અને સ્વ. માધવજી રતનશી સોનીના પાપા પગલી જેવા પ્રયત્નોથી થઈ હતી. સાડા ત્રણ દાયકા પહેલાં વિથોણ ભુજ, અંજાર, નખત્રાણાના આગેવાનોએ આ દિશામાં પહેલ કરી હતી. અંજારના અગ્રણી સ્વ. સોની પુરુષોત્તમ ધારશીએ સંગઠન ઉપરાંત માતાના મઢમાં સમાજની વાડી બનાવીને આ ક્ષેત્રે સમાજને આગળ વધવા પ્રોત્સાહન આપ્યું હતું.

ત્યાર પછી તો નખત્રાણા અને ભુજના સમાજપ્રેરક આગેવાનો આગળ આવ્યા શરૂઆત નખત્રાણામાં સમુહલગ્નથી થઈ. તેમાં પણ પ્રથમ સમુહલગ્નએ સમગ્ર સમાજને રાહ આપ્યો. ભુજ સમાજે પણ આ પહેલને આવકારી અને ભુજને જ સમુહલગ્નનું કેન્દ્રબિંદુ બનાવી સમાજનો પડઘો યથાર્થ ઝીલી લીધો. ભુજ સમૂહલગ્નના સૂત્રધાર એવા અમૃતલાલભાઈ સોલંકીના તેમજ વર્તમાન પ્રમુખ દિલીપભાઈ બગ્ગાના જણાવ્યા મુજબ ભુજમાં અત્યાર સુધી ૨૮ સમુહલગ્નો થઈ ગયા છે. જેમાં સમગ્ર દેશમાં ખૂણે ખૂણે વસતા જ્ઞાતિજનો ઉપસ્થિત રહી આ પુનિત કાર્યને પ્રોત્સાહિત કરે છે.

સમુહલગ્નના પગેલ સંગઠનનું નાનું બીજ રોપાયું અને ભુજના જ સામાજિક અગ્રણી પ્રભુદાસભાઈ ખેતશીના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રસ્તરના સંગઠનની રચના થઈ અને હવે એ વટવૃક્ષ બનવાની દિશામાં અગ્રેસર છે. સમગ્ર દેશમાં કચ્છ એક એવું સ્થળ છે જ્યાં મારૂ કંસારા સોની સમાજની બહુધા મોટી વસતિ હોવાથી આખા દેશનું ધ્યાન અંતે તો આ સરહદી જિલ્લા તરફ જ હોય છે.

સમાજ હવે વ્યાપાર અને સોના-ચાંદીના આભૂષણો સુધી સીમિત નથી પણ હવે શિક્ષણને મુલકી સેવા સુધી લઈ ગયો છે. કોઠારા જેવા ગામમાંથી કાર્તિક બુદ્ધભટ્ટી કલેક્ટર કક્ષાએ જઈને આજે કચ્છનુ નામ રોશન કરે છે. બિહાર જેવા વિસ્તારમાં આ સમાજનું પ્રતિનિધિત્વ કરે છે. નાના મોટા અધિકારીઓ તો હવે સમાજ માટે બહુ મોટી વાત નથી. એરફોર્સ જેવા કઠિન કાર્યમાં પણ બુદ્ધિલાલ કટ્ટાએ ઘડુલીનું પ્રતિનિધિત્વ કર્યું છે. આમ હવે સમાજ માટે દિશા અને દશા નવતર બનતી જાય છે.

સમાજની મહિલા પાંખના અગ્રણી બહેન લત્તાબેનના જણાવ્યા મુજબ સમાજના દરેક સ્તરને આવરી લેવાય તે રીતે અનેક પ્રવૃત્તિ કરવામાં આવે છે. આરોગ્ય, આપત્તિ વ્યવસ્થાપન, બૌદ્ધિક વિકાસ માટે ક્વિઝ હરિફાઈ સહિતની અનેક પ્રવૃતિઓ રોહિણીબેન બુદ્ધભટ્ટી, સુધાબેન, અરૂણાબેન, વિગેરે કરી ચૂક્યા છે. છેલ્લા દોઢ વર્ષથી કાર્યરત દિલિપભાઈએ ઉમેર્યું હતું કે, શિક્ષણ સમાજ માટે મહત્વનું અંગ હોવાથી દર વર્ષે બાળકોને પ્રોત્સાહિત કરાય છે.

હવે જ્યારે દરેક દિશામાં સમાજ પોતાનું યોગદાન આપે છે. તેવા સંજોગોમાં જ્ઞાતિસેતુ દશાબ્દિ મહોત્સવ પત્રકારત્વ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ છે. તેમાં સેતુના તંત્રી હંસરાજભાઈ કંસારા, અતુલભાઈ સોની જેવા સમાજ સેવકોની મહત્વની ભૂમિકા હશે. આમ, અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિનો સેતુ દશાબ્દિ મહોત્સવ સમાજની પ્રગતિનું મહત્વનું સોપાન બની રહેશે.

દશાબ્દી પ્રતિભાવ

# સોની હિરાલાલ મોહનલાલ બગ્ગા

**પ્રમુખ, નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ**

દશાબ્દી મહોત્સવ, જ્ઞાતિ સેતુ ૨૦૧૪ના લેખા જોખા...
કડવી તે લીમડીમાં મીઠી એક ડાળ છે.

જ્ઞાતિસેતુ, એ કચ્છી મારૂં કંસારા સોની સમાજનું મુખપત્ર કહેવાય છે. જેને દસ વર્ષ પુરા થતાં ભુજ ખાતે ટાઉનહોલમાં દશાબ્દી મહોત્સવની ઉજવણી કચ્છી નવા વર્ષના બેસતા દિવસે એટલે અષાઢી બીજ રવિવાર તા. ૨૯-૬-૨૦૧૪ના રોજ ઉજવવામાં આવ્યો. જ્ઞાતિસેતુ નામનું મુખપત્ર દર બે મહિને અમદાવાદ ખાતેના કચ્છી કંસારા સોની મંડળ તરફથી બહાર પાડવામાં આવે છે. તેને દસ વર્ષમાં અનેક તડકીછાંય જોઈ છે અને આયોજકોની મહેનતનું પ્રતિબિંબ સમાન જણાઈ આવે છે. આ મુખપત્રએ દસ વર્ષ પુરા કરતા દશાબ્દી મહોત્સવનો જાજરમાન ઉત્સવ ઉજવવા કરેલા પ્રયત્નને સફળતા ગણવી કે આ કાર્યક્રમમાં ઓછી હાજરી ડંખ મારતી જણાઈ આવતી હતી. અમદાવાદના પ્રમુખ અન્ય હોદ્દેદારો અને સેતુના તંત્રીમંડળના મુખ્યતંત્રી અને તેમની લાજવાબ ટીમ દ્રષ્ટિ ગોચર થઈ રહેલ હતી. કાર્યક્રમને સફળ બનાવવા તનતોડ મહેનત કરતા જણાતા હતા.

ભુજ સમાજના પ્રમુખ તથા તેમની ટીમ પણ હાજર રહેલ. મહામંડળના પ્રમુખશ્રીના પ્રમુખ સ્થાને સમાપન કાર્યક્રમ પણ સરસ મજાનો અને ખૂબ લંબાણપૂર્વકનો હોતા પ્રમુખ સ્થાનેથી શ્રી પ્રભુદાસભાઈએ પોતાનું પ્રવચન શોર્ટ અને સ્વીટ કરેલ. જોરદાર પ્રયત્નવાળા કાર્યક્રમમાં જેમના સન્માન કરવાના હતા તેવા સન્માનિતોની સંખ્યા તથા તેમના વર્તુળનાઓની જ ઉપસ્થિતિ જાણે હોય તેવું લાગતું હતું. ઘટક પ્રમુખો કે તેમના કેટલાક સાથીઓ હાજર રહેલા હોય તેમ દેખાતું હતું. અપેક્ષીત સંખ્યા કરતાં ખૂબ ઓછી સંખ્યામાં સમાજના લોકોની હાજરીનું દર્શાવતી હશે. તે વિચારવું રહ્યું. ટૂંકમાં કહીએ તો અમદાવાદના આયોજકોની ટીમ, ભુજ સમાજના પ્રમુખશ્રી તથા કેટલાક હોદ્દેદારો, ઘટક પ્રમુખો અને તેમની જોડે આવેલા કેટલાક આગેવાનો, જેમના સન્માન કરતા હતા તેવો સમૂહનો જાણે મેળાવડો હોય તેવું લાગતું હતું. રવિવાર હોવા છતાં અપેક્ષીત જ્ઞાતિજનો ભુજ કે ગામડાઓમાંથી પણ આવ્યા ન હતા.

ઓછી હાજરીમાં પણ સરસ મજાનો દશાબ્દી મહોત્સવ આયોજકોના હોંસલા થી ભરપૂર અને લાજવાબ રહ્યો હતો. ઉપસ્થિત વિચારકો માટે પ્રેરણાદાયી રહ્યો હતો. અમદાવાદ સમાજના પ્રમુખ અને તેમની ટીમ તથા મુખ્યતંત્રી અને તેમની ટીમનો ઉત્સાહ અવિચળ રહ્યો હતો. મંતવ્યો જાણવા માટે ત્રણ ગ્રુપ અલગ અલગ વિષયો માટે બનાવાયા હતા. તેમાં આવેલા અનેક મંતવ્યો રીપીટ થતા રહ્યા હતા. અને રજુ થયેલા મંતવ્યો આગામી અંકમાં જણાવવામાં આવે તેનું કેટલાક ઈચ્છી રહ્યા હતા. મંતવ્યો રજૂ કરવા અને અમલમાં મુકવા એ તો પરાકાષ્ટારૂપ છે. રજુ થયેલા મંતવ્યોમાંથી દસ ટકા મંતવ્યો જ્ઞાતિસેતુ માટે અમલમાં મુકાય તો પણ કાર્યક્રમની ફળશ્રુતી ગણી શકાશે. નહીં આવેલા કેટલાક મંતવ્યો ઉપસ્થિતોમાં, વિશેષ કે ભોજનના સમય દરમ્યાન ચાલતી વાતોમાં એવું કહેવાતું હતું કે, જ્ઞાતિ સેતુએ ૧૦ વર્ષ પુરા કરેલ હોઈ તેટલા વર્ષનો આવક-જાવકનો હિસાબ વિગતવાર આગામી કોઈક અંકમાં સમાવવામાં આવે. સેતુમાં મુખ્યત્વે કચ્છની જાહેરાતો હોય છે. અમદાવાદની જાહેરાતો હોતી નથી. અને જેના લવાજમ પુરા થાય તેમને અંક મોકલવાના બંધ કરવા જોઈએ અથવા તો નવા અંકની શરૂઆત વીપીપીથી કરવી જોઈએ તો વસુલાતનો પ્રશ્ન હળવો થઈ શકે. કામ કરતા હોય તેમની ભૂલ થઈ શકે છે. પણ કામ ના કરતા હોય તેમની ભૂલ થવાનો અવકાશ ન હોય. પોતાને પોતાની ભૂલ જલદી ના દેખાય પણ કોઈ ધ્યાન દોરે અથવા જણાવે તો ખ્યાલ આવે. અને કોઈ ભૂલ દેખાડે તો તે સુધારો કરે કે આચરણમાં મૂકે તો મહાનતાનું કારણ છે. અથવા તો દ્વેષભાવનું કારણ પણ બની શકે છે. હર એક ગલતી ઉન્નતી કી સીડી હૈ. સરસમજાના કાર્યક્રમમાં ઓછી હાજરી છતાં કડવી લીમડીમાં મીઠી એક ડાળ છે. તે રીતે, આ કાર્યક્રમથી સેતુનો ફેલાવો વધશે. સેતુ પ્રત્યે સમાજની ભાવના અવિચળ અને વૃદ્ધિજનક રહેશે સેતુએ સમાજને એક સૂત્રે બાંધવાનું કામ હાથ ધર્યું છે. દરેક અંકમાં સામાજિક બાબતોની સાથે અન્ય વિષયોને વણી લેવાનો સમયનો તકાદો છે. સાદા નિયમો સફળતાનું કારણ બની શકે.

દશાબ્દી પ્રતિભાવ

# કિશોરભાઈ લખમશી કોટડીયા

**મહામંત્રી, નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ**

હાલના તબક્કે જ્ઞાતિસેતુના પ્રતિનિધિઓ નિયુક્ત છે જેમાં વધારો કરી શકાય જેથી સેતુની વિશેષ (વધારે) કામગીરી કરી શકાય. દરેક જ્ઞાતિના ઘટકોમાંથી કોઈપણ હોદ્દેદાર જેમ કે જે તે જ્ઞાતિના મહામંત્રી પ્રતિનિધિ મંડળમાં સામેલ કરી શકાય. જેથી સેતુના વધુ વિસ્તાર માટે સત્તાવાર માહિતીની આપલે કરી શકાય. દરેક જ્ઞાતિ ઘટકે પોતાના લાણેદારો-વસ્તીનું લીસ્ટ સેતુને પહોંચાડી દે જેથી અત્યારે કેટલા જ્ઞાતિજનો સેતુથી વંચીત અને કેટલા પરિચિત છે. જેનો અભ્યાસ કરી શકાય. આર્થિક દૃષ્ટિએ નબળા જ્ઞાતિજનોનું લીસ્ટ તૈયાર કરવું જે જ્ઞાતિજનો 'સેતુ' જોવા વાંચવાની ઈચ્છા સ્વેચ્છા ધરાવતા હોય પરંતુ પોતે લવાજમ ભરવા સમર્થ ન હોય તેના જ્ઞાતિ પરિવારોનું લીસ્ટ દરેક જ્ઞાતિ ઘટકમાંથી તૈયાર કરી શકાય. જ્ઞાતિજનોનું આવું લીસ્ટ તૈયાર થાય ત્યાર બાદ આવા લોકોનાં લવાજમ બાબતે ચર્ચા કરી આગળ નિર્ણય લઈ શકાય. સેતુની કામગીરી સમસ્ત જ્ઞાતિજનોને (સમસ્ત ભારત લેવલે) સ્પર્શે છે. જેથી સેતુ સાથે મહામંડળને કડી જોડાઈ શકે જેની ચર્ચા વિચારણા કરવી જોઈએ. જેથી સેતુનું ભવિષ્ય ઓર વધુ સુનિશ્ચિત થઈ શકે.

## ઘનશ્યામ પી. ઠક્કર

**અમદાવાદ**

સેતુ એટલે પુલ

પુલનું કામ એક બીજાને જોડવું આપની જ્ઞાતિનું મુખપત્ર 'જ્ઞાતિસેતુ' ૧૦ વર્ષ પુરા કરી ૧૧ વર્ષમાં પ્રવેશ કરી છે. ત્યારે મુખ્યતંત્રી તેમજ તંત્રીમંડળ તથા વ્યવસ્થાપકોને મારા અભિનંદન.

આપના દરેક અંક હું વાંચું છું. તેના પરથી કહી શકું છું કે જ્ઞાતિ સેતુએ ભારતભરમાં વસતા જ્ઞાતિના પરિવારોને એકબીજા સાથે જોડવા પ્રયત્ન કરે છે. તે ઉપરાંત આપણા મુખપત્ર જ્ઞાતિના પરિવારોમાંથી કોઈ કોઈ સભ્યોને લખતા કરવા માટે મેદાન પણ આપ્યું છે.

તેમાં પણ જ્ઞાતિની બહેનોનો ફાળો પણ મહદ્ અંશે મોટા પ્રમાણમાં છે અને આજ કામ જ્ઞાતિના મુખપત્રોનું હોવું જોઈએ અને તે તમારા મુખપત્રમાં દેખાય છે.

આ ઉપરાંત જ્ઞાતિસેતુ દશાબ્દી વિશેષાંક માટે કહેવાનં કે હું બીજીજ્ઞાતિ ના અંકો વાંચું છું પરંતુ આપનો આ અંક કંઈક વિશિષ્ટ છે. પાના ૨૯ પરનો સેતુ ચાર્ટ જ આપનું કાર્ય બતાવે છે.

''સૌ સાથે મળીએ અને વિકસિત થઈએ..''

## 'જ્ઞાતિસેતુ' દસ વર્ષની સફર

**વિનોદ કંસારા-માંડવી**

વર્ષ - ૨૦૦૪ થી ૨૦૧૪ એટલે દસ વર્ષ આપણી જ્ઞાતિનો મુખપત્ર 'જ્ઞાતિસેતુ' એ સફળ રીત પાર પાડી.

અગિયારમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરી ચૂકેલ છે. ગત દસ વર્ષમાં જ્ઞાતિસેતુએ દેશ-વિદેશમાં સ્થાયી થયેલ આપણા જ્ઞાતિજનો તેમજ જ્ઞાતિઘટકોને એક બીજા સાથે જોડવા સાથે પરિચિત કરાવવાનું જે ભગીરથ કાર્ય કરેલ છે. તે ખરેખર પ્રશંસનીય તેમજ જ્ઞાતિના ઉત્કર્ષ માટે વર્તમાન પરિસ્થિતિ માટે અત્યંત જરૂરી છે. આપણા સમાજમાં વિવિધ જગ્યાએ યોજાતા જ્ઞાતિના કાર્યક્રમો જ્ઞાતિજનો સુધી પહોંચતા થયા હોય તો તે જ્ઞાતિસેતુને આભારી છે અને રહેશે.

વિશિષ્ટ સિદ્ધિઓને વરેલા આપણા જ્ઞાતિના સભ્યો તથા શિક્ષણ ક્ષેત્રે જ્ઞાતિના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ પ્રાપ્ત કરેલ સિદ્ધિઓથી અવગત કરાવવા સાથે જ્ઞાતિના બીજા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન કરવાની સુંદર કામગીરીમાં એમને મહત્વનો ફાળો નકરી શકાય નહીં.

દશાબ્દી વિશેષાંકમાં પીરસવામાં આવેલ વાંચન સામગ્રી જેમાં જ્ઞાતિ ઉત્પત્તિકાળ, પ્રતાપી પૂર્વજો આસ્થાના કેન્દ્રો, આપણાજ્ઞાતિ સમાજોની વિગતો જ્ઞાતિજનો માટે અતિ ઉપયોગી કહી શકાય તેમાં શંકાને સ્થાન નથી.

૩૦૦૦ થી વધુ પરિવારોની સંખ્યાવાળા આપણા સમાજમાં જ્ઞાતિસેતુના વાંચન માટેના સભ્યોની સંખ્યા માત્ર ૧૦૦૦ ની હોય તે યોગ્ય તો નથી જ સમાજના હિતાર્થે તેમનું પ્રચાર-પ્રસાર તેમજ વાંચક વર્ગની વૃદ્ધિ માટે શક્ય એટલો વધુ પ્રયાસ કરવો જરૂરી હોય તેમ લાગે છે.

અંક પ્રસિદ્ધ કરવા પોતાના વ્યવસાયને લગતી જાહેર ખબર આપતા આપણા જ્ઞાતિ શ્રેષ્ઠીઓ પ્રાણવાયુ પુરવાનો જે કાર્ય કરે છે તેને બિરદાવવા વગર છુટકારો નથી કારણકે માત્ર અલ્પ મૂલ્યમાં અંક આપણે ઘેર પહોંચતું કરવામાં આવે છે. માટે જ્ઞાતિજનોને તેમના સદાય ઋણી રહેશે. તે નિર્વિવાદ સત્ય છે. માટે જ જ્ઞાતિજનો ત્યાં થતા સારા-નરસા પ્રસંગોથી દરેક જ્ઞાતિજનોને માહિતગાર કરાવી આ સામયિકને વધુને વધુ સમૃદ્ધ બનાવવાની ફરજ સમજી તેનું ઋણ ચૂકવવાનો અવસર ગુમાવવા જેવો તો નથી જ.

જ્ઞાતિસેતુ તંત્રીની સમગ્ર ટીમ જે પોતાનું અમૂલ્ય સમય ફાળવીને જે કાર્ય કરે છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. આજના સમયમાં આર્થિક સહયોગ કરતાં સમયના સહયોગનું વિશેષ મહત્વ છે. અંતમાં જ્ઞાતિસેતુ પરિવારની સમગ્ર ટીમને અભિનંદન.

## જ્ઞાતિસેતુ માટે સુચન

**જયશ્રીબેન પરમાર**

- જ્ઞાતિસેતુ અંકમાં અનુક્રમણિકા આપવી જોઈએ.
- તેજસ્વી તારલના ફોટા આવે તે આવકાર્ય, પણ ધો. ૧, ૨ કે ૪ ના અને તે પણ ઘણી જગ્યા ફાળવવા કરતાં નાના બાળકોની કતૃત્વ કસોટીને આપીએ તો કેવું !
- સામાન્ય જ્ઞાન કસોટી - વર્તમાન સમયની તાતી, માંગ, દર વખતે એક કોર્નર તેનો હોય જ. જેથી Com. Exam. માં બધાને ઉપયોગી થઈ પડે.
- સર્જનશક્તિનો અને તેમાંય ખાસ કરીને બાળકોમાં સ્વ-સર્જનનો વિકાસ થાય તે માટે વખતો વખત યાદપૂર્તિ, હાઈકુ, જોડકણાં અથવા ટૂંકી વાર્તા-સપર્ધાનો એક વિભાગ, આ બધી જ વસ્તુઓ ઝડપી વિકાસ કરવો હોય તો ખાસ જરૂરી. (વિભાગ શરૂ કરવા - ચલાવવા મારી તૈયારી - સહમતી છે)
- Helth Tips નાની અને છતાં રોજબરોજ જરૂરી હોય તેવી બાબતો શરૂ કરી ઘણાને Life Style માં ઉચપોગી થઈ શકાય.

## સોની પ્રીન્સી 'મીરાં'

નખત્રાણા

જ્ઞાતિસેતુનો દશાબ્દી મહોત્સવ હરખભેર ઉજવાયો. સેતુની સમગ્ર ટીમે વધાવી લેવા જેવી ઉત્કર્ષ કામગીરી કરી. દરેકે દરેક બાબતનું ચોકસાઈપૂર્વક મેનેજમેન્ટ કર્યું. સમગ્ર ટીમને વિશિષ્ટ એવોર્ડથી સન્માનીત કરવી જોઈએ એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. કારણકે, હનુમાનજીએ 'રામસેતુ' દ્વારા સીતારામ મેળાપનું કાર્ય કર્યું હતું, એમ જ્ઞાતિસેતુ એ દરેક જ્ઞાતિજનોને જોડવાનું કાર્ય કર્યું છે.

પરંતુ નવાઈ પમાડે તેવી બાબત એ હતી કે, આપણે કચ્છીઓ એમની અત્યંત સુંદર કામગીરીની સરાહના કરવામાં ઘણે અંશે નિષ્ફળ રહ્યા.

દિલીપભાઈએ કરેલી 'રબારી સમાજ'ની વાતને સમર્થન આપતા કહ્યું તો, ખરેખર ! રબારી સમાજ ગમે ત્યારે ગમે તે સમયે એક હાકલમાં - એક અવાજમાં ભેગી થઈ જાય છે. નાનપણથી રબારી સમાજની નજીક હોવાથી મને તેનો પ્રત્યક્ષ અનુભવ છે. શરૂઆતથી જ આપણે એ સમાજ કરતા ઘણાં આગળ હોવા છતાં આજે આ સમાજ પ્રબળ સંગઠનના બળે આપણી લગોલગ ઉભી છે. આપણી સમાજ એક્ટીવ અને પ્રોગ્રેસીવ છે. સેતુની સમગ્ર ટીમ તેનું પ્રત્યક્ષ ઉદાહરણ છે અને એ ગૌરવ ઝીલી લેવું જોઈએ. જ્ઞાતિના ફંક્શનમાં જ્ઞાતિજનોની બહોળી ગેરહાજરી સંગઠનનો અભાવ પ્રદર્શિત કરે છે.

અંતે વધુ કંઈ ન કહેતા, જ્ઞાતિસેતુએ મને Motivate કરી અને સન્માન દ્વારા warm support પુરો પાડ્યો તે બદલ ખૂબ ખૂબ આભાર. આટલી Bright Opportunities બદલ હું કાયમ જ્ઞાતિસેતુની ઋણી રહીશ.

## કુ. જીનલ સોલંકી 'યાદ'

સૌ પ્રથમ તો સેતુના દશાબ્દી મહોત્સવની વધામણી. ખોબો ભરી-ભરીને શુભેચ્છાઓ. સેતુના અગિયારમાં વર્ષના નવા કદમો માટે ફલક વિસ્તરે એવી નિચાણીની દુવાઓ..

ક્યાંક વાંચેલું કે ... 'તમે બારી ખોલો તો આવે અજવાળું, હવે બારણું ઉઘાડો તો કેવું ?'

વાચક કદાચ સમજી ગયા હશે કે સેતુના પગરવ હવે બારણું ઉઘાડવા તરફના હોવા જોઈએ અને હશે જ..

સેતુની પા-પા પગલીથી દાયકાની સફર માટે ખરેખર તો અભિનંદન માટે શબ્દો ઓછા પડેછે. કેમકે કોઈપણ પ્રકારનો નવો પ્રારંભ અત્યંત કઠિન જ હોય છે. આથી ૮૦% જેટલા પ્રારંભ તો શરૂમાં જ અંતમાં ફેરવાઈ જાય છે. ત્યારે સેતુનો પ્રારંભ તો સમુહને સાથે લઈ અત્યંત કઠિન પથમાં દાયકાની સફર ખેડી ચૂક્યું છે. એનો અત્યંત રાજીપો છે.

સેતુ ટીમને ફરી ફરીને હૃદયપૂર્વકના અભિનંદન..

## શ્રીમતી અંજના એન. પોમલ

સૌ પ્રથમ સેતુ ટીમનો આભાર સેતુના પ્લેટફોર્મના કારણે અમે લેખન કાર્ય પ્રારંભ કરી શક્યા.

તે ઉપરાંત મારા માતા-પિતાનો આભાર માનીશ. તેઓએ મને સારી કેળવણી આપી.

ત્યારબાદ એકતા કટ્ટા, અતુલભાઈ બગ્ગા, અંજાર મહિલા મંડળ પ્રમુખ શાંતાબેન બારમેડા તથા હાલના પ્રમુખ પીંકીબેન કટ્ટા તેમજ મારા પતિ તરફથી હંમેશા મને પ્રોત્સાહન મળ્યું. તેઓ દરેકનો ખૂબ ખૂબ આભાર.

### અમદાવાદમાં વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ સુવિધા

અમદાવાદમાં આપણી જ્ઞાતિના ઘણા વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે. હાલમાં આપણા સમાજની કોઈ હોસ્ટેલ નથી. અમદાવાદમાં અન્ય કચ્છી જ્ઞાતિઓની હોસ્ટેલ વિદ્યાર્થી ભવન આવેલા છે. હાલમાં કચ્છ કડવા પાટીદાર સમાજના અગ્રણીઓ સાથે થયેલ ચર્ચા વિચારણા બાદ તેમના સમાજ દ્વારા સંચાલિત વિદ્યાર્થીભવનમાં આપણા સમાજના કચ્છથી આવતા વિદ્યાર્થીઓને પ્રવેશ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. આથી અમદાવાદમાં રહી અભ્યાસ કરતા આપણા સમાજના વિદ્યાર્થી ભાઈઓ સુવિધાના લાભ લઈ શકશે તે માટે નીચે દર્શાવેલ સ્થળે આવેલ વિદ્યાર્થી ભવનનો ફોન-ઈમેલ દ્વારા સંપર્ક કરવા વિનંતી. આ અંગે વિશેષ જરૂરીયાત જણાય તો શ્રી મનુભાઈ કોટડીયા (મો) ૯૬૦૧૨૭૫૦૭૮ નો સંપર્ક કરી શકાશે.

**સરનામું - સમસ્ત કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત - શ્રી દામુભાઈ વિદ્યાર્થી ભવન**

**૧૦, વિઠ્ઠલ પટેલ કોલોની, સ્ટેડિયમ પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪. ફોન : ૦૭૯-૨૬૪૨૫૧૫૨**

**Email : samastkkpf@gmail.com. www.samastkkpfoundation.org**

# જ્ઞાતિસેતુ દશાબ્દિ પ્રસંગે સન્માનિત કરવામાંઆવેલ મહાનુભાવો

## લેખક, કવિ

| | | | |
|---|---|---|---|
| શ્રીમતી લત્તાબેન આઇ. સોલંકી | ભુજ | કુ. રાખી પી. પોમલ | અંજાર |
| શ્રીમતી રોહિણીબેન બી. બુદ્ધભટ્ટી | ભુજ | કુ. હની આર. પોમલ | અંજાર |
| શ્રીમતી મીતા એન. સોલંકી | ભુજ | શ્રીમતી જયાબેન કે. બુદ્ધભટ્ટી | અંજાર |
| કુ. સુધા બુદ્ધભટ્ટી | ભુજ | ગં.સ્વ. સરસ્વતીબેન કે. સોલંકી | અંજાર |
| શ્રીમતી દિપ્તી પી. ગુજરાતી | ભુજ | કુ. લત્તાબેન કે. હેડાઉ | નાગલપુર-માંડવી |
| શ્રીમતી જાનકી ટી. સાકરીયા | ભુજ | કુ. જીનલ પી. સોલંકી | નાગલપુર-માંડવી |
| શ્રીમતી શાંતાબેન એ. બારમેડા | અંજાર | કુ. પ્રીન્સી એન. બારમેડા | નખત્રાણા |
| શ્રીમતી અંજનાબેન એન. પોમલ | અંજાર | શ્રી દિલીપભાઇ ધોળકીયા | અમદાવાદ |
| કુ. એક્તા એચ. કટ્ટા | અંજાર | શ્રીમતી નીતાબેન એન. બુદ્ધભટ્ટી | રાયપુર |
| શ્રી મહેશ ટી. છત્રાળા | અંજાર | ડો. પ્રિતીબેન વી. પોમલ | થાણા |

## સેતુ સહયોગી

| | | | |
|---|---|---|---|
| શ્રી ઇશ્વરલાલ વી. હેડાઉ | ભુજ | શ્રી વિનોદભાઇ વી. હેડાઉ | માંડવી |
| શ્રી વિજયભાઇ એમ. બુદ્ધભટ્ટી | ભુજ | શ્રી પ્રફુલભાઇ એમ. ગુજરાતી | નખત્રાણા |
| શ્રી પી. જી. સોની 'દાસ' | ભુજ | શ્રી પ્રફુલભાઇ એમ. બારમેડા | રાયપુર |
| શ્રી શૈલેષ કંસારા | ભુજ | શ્રી પ્રકાશભાઇ બી. બારમેડા | રાયપુર |
| શ્રી અનીલ એસ. સોની | અંજાર | શ્રી પ્રશાંતભાઇ એસ. બીજલાણી | અમદાવાદ |
| શ્રી હેમેન્દ્રભાઇ કટ્ટા | અંજાર | શ્રી ચિરાગ એસ. બુદ્ધભટ્ટી | અમદાવાદ |
| શ્રી દિનેશભાઇ જે. સોની | તલોદ | શ્રી જયેશ કે. ઘડીયાળી | અમદાવાદ |
| શ્રી હિતેશભાઇ એમ. સોની | માધાપર | શ્રી કમલેશભાઇ પોમલ | ભુજ |

## સેતુ શ્રેષ્ઠી (દાતા)ઓ

| | | |
|---|---|---|
| શ્રી પ્રભુદાસ ખેતશી સોની | (મીના જ્વેલર્સ) | ભુજ |
| શ્રી હરિલાલ લખમશી સોની | | અંજાર |
| શ્રી ચમનભાઇ વી. બારમેડા | (પ્રતિશ ઇન્ડસ્ટ્રીઝ) | વડોદરા |
| શ્રી જટુભાઇ વેલજી સોની | (ચંદુભાઇ ચનાણી) | ભુજ |
| શ્રી નવરત્નભાઇ કંસારા | (કંસારા બેરીંગ્સ) | જોધપુર |
| શ્રી સુનિલ કે. બીજલાણી | (એસ.કે. ટુરીઝમ) | ભુજ |
| શ્રી વિમલ જેઠા સોની | (વિમલ જેઠા જ્વેલર્સ) | દિલ્હી |

## વિશિષ્ટ સ્મરણાંજલી સન્માન

| | |
|---|---|
| સ્વ. કિશોરભાઇ જે. ચનાણી | ભુજ |
| સ્વ. જીતુભાઇ જેઠાલાલ સોની | તલોદ |

## જ્ઞાતિસેતુ દશાબ્દિ ઉજવણીના ભાગરૂપે યોજાયેલ વિવિધ સ્પર્ધાના વિજેતાઓ

### નિબંધ સ્પર્ધા

| સ્થાન | નામ | વિષય | સ્થળ |
|---|---|---|---|
| પ્રથમ | ભાવિ હિમેશકુમાર બારમેડા | સમાજના ઘડતરમાં મુખપત્રનું યોગદાન | રાયપુર |
| દ્વિતીય | સોની વિધી લક્ષ્મીદાસ બારમેડા | મારા સપનાનું ભારત | અમદાવાદ |
| તૃતીય | સોની પ્રિન્સી નિતેશભાઈ કટ્ટા | મારા સપનાનું ભારત | નખત્રાણા |

### ફોટોગ્રાફી સ્પર્ધા

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | રોહન કૈલાસભાઈ સોની | આપણી પરંપરાગત વ્યવસાય ઘાટ અને ઘડતર | માધાપર |
| દ્વિતીય | લત્તાબેન આઈ. સોલંકી | આપણી પરંપરાગત વ્યવસાય ઘાટ અને ઘડતર | ભુજ |

### લોગો ડિઝાઈન સ્પર્ધા

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | બ્રિજેન સોની | જ્ઞાતિસેતુ દશાબ્દિ સમારોહ | નખત્રાણા |

### ચિત્ર સ્પર્ધા વિભાગ-૧

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | સોની યશસ્વી ધીરજભાઈ | મારી શાળા | નખત્રાણા |
| દ્વિતીય | સોની વિશ્વેશ્રી નીતેષભાઈ | મારી પ્રિય રમત | નખત્રાણા |

### ચિત્ર સ્પર્ધા વિભાગ-૨

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | સોની તીર્થ લક્ષ્મીદાસ | ગામડાનું જીવન | અમદાવાદ |
| દ્વિતીય | સોની ધ્રુવિ | મારો પરિવાર | જબલપુર |

### ચિત્ર સ્પર્ધા વિભાગ-૩

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | સોલંકી ભક્તિ સંજયભાઈ | ભારતના તહેવારો | ભુજ |
| દ્વિતીય | પરમાર પ્રિયા મધુસુદન | સવારની સુંદરતા | જૂનાગઢ |

### વક્તૃત્વ સ્પર્ધા વિભાગ-૧

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | કુશલ ઉત્તમભાઈ મૈચા | હાયર એજ્યુકેશન | ભુજ |
| દ્વિતીય | મનાલી અનિલભાઈ બગ્ગા | હાયર એજ્યુકેશન | ભુજ |
| તૃતીય | ખ્યાતિ જયભાઈ બુદ્ધભટ્ટી | હાયર એજ્યુકેશન | ભુજ |

### વક્તૃત્વ સ્પર્ધા વિભાગ-૨

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | અરૂણાબેન જીજ્ઞેશભાઈ બીજલાણી | વંશપરંપરાગત ધંધા | ભુજ |
| દ્વિતીય | કવિતાબેન ભૌતિકભાઈ બારમેડા | વંશપરંપરાગત ધંધા | ભુજ |
| તૃતીય | મીતાબેન નરોત્તમભાઈ સોલંકી | વંશપરંપરાગત ધંધા | ભુજ |

### વક્તૃત્વ સ્પર્ધા વિભાગ-૩

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | રોહિણીબેન ભરતભાઈ બુદ્ધભટ્ટી | લગ્ન-સગપણ તુટવાના કારણો | ભુજ |
| દ્વિતીય | જેષ્ઠાબેન અનિલભાઈ બારમેડા | લગ્ન-સગપણ તુટવાના કારણો | ભુજ |

### વક્તૃત્વ સ્પર્ધા વિભાગ-૪

| | | | |
|---|---|---|---|
| પ્રથમ | તેજલ રીધમભાઈ છત્રાળા | સંયુક્ત કુટુંબ | ભુજ |
| દ્વિતીય | અંજનાબેન નરેશભાઈ પોમલ | સંયુક્ત કુટુંબ | ભુજ |
| તૃતીય | પ્રાંજલી ગૌરવભાઈ કોટડીયા | સંયુક્ત કુટુંબ | ભુજ |

## જ્ઞાતિસેતુ દશાબ્દી સમારોહ નિમિત્તે જાહેર થયેલ દાનની વિગત

| | | |
|---|---|---|
| શ્રી ઘનશ્યામભાઈ ધારશીભાઈ પરમાર | અમદાવાદ | રૂ. ૧૧,૦૦૦/- |
| શ્રી પ્રભુદાસ ખેતશી સોની | ભુજ | રૂ. ૧૧,૦૦૦/- |
| શ્રી હરિલાલ લખમસી વિશાપરમાર | અંજાર | રૂ. ૧૧,૦૦૦/- |
| શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ | ભુજ | રૂ. ૧૧,૦૦૦/- |
| શ્રીમતી લીલાબેન જેઠાલાલ સોની | તલોદ | રૂ. ૫,૦૦૦/- |
| શ્રી જટુભાઈ વેલજી ચનાણી | ભુજ | રૂ. ૫,૦૦૦/- |
| શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ | અંજાર | રૂ. ૨,૫૦૦/- |
| શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ | નલીયા | રૂ. ૨,૧૦૦/- |
| શ્રીમતી જ્યોતિબેન અનિલભાઈ બીજલાણી | ભુજ | રૂ. ૨,૧૦૦/- |
| શ્રી પ્રાણલાલ નરભેરામ સોની | અમદાવાદ | રૂ. ૨,૧૦૦/- |
| શ્રી રાજેન્દ્ર કાન્તિલાલ સોની | અમદાવાદ | રૂ. ૨,૦૦૦/- |
| શ્રી મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડીયા | અમદાવાદ | રૂ. ૨,૦૦૦/- |
| શ્રી અતુલ શંકરલાલ સોની | અમદાવાદ | રૂ. ૨,૦૦૦/- |
| શ્રી જયેશભાઈ કેશવજી ઘડિયાળી | અમદાવાદ | રૂ. ૨,૦૦૦/- |
| શ્રી રમેશભાઈ વેલજીભાઈ સોની | અમદાવાદ | રૂ. ૧,૧૦૦/- |
| શ્રી કનુભાઈ નટુભાઈ બીજલાણી | અમદાવાદ | રૂ. ૧,૦૦૦/- |
| શ્રી રશ્મીન વાડીલાલ બારમેડા | અમદાવાદ | રૂ. ૧,૦૦૦/- |
| શ્રી હંસરાજ ઠાકરશી કંસારા | અમદાવાદ | રૂ. ૧,૦૦૦/- |
| શ્રી સૂર્યકાંતભાઈ મોહનલાલ સોની | અમદાવાદ | રૂ. ૧,૦૦૦/- |
| શ્રી ઉદય દિપકભાઈ પરમાર | અમદાવાદ | રૂ. ૧,૦૦૦/- |
| શ્રી જયમીન જેઠાલાલ સોની | અમદાવાદ | રૂ. ૧,૦૦૦/- |
| શ્રી નરેન્દ્રભાઈ મગનલાલ મહીચા | અમદાવાદ | રૂ. ૧,૦૦૦/- |
| શ્રી મારૂ કંસારા જ્ઞાતિ | ગઢશીશા | રૂ. ૧,૧૦૦/- |
| શ્રી પશ્ચિમ કચ્છ કંસારા સોની જ્ઞાતિ | નખત્રાણા | રૂ. ૧,૧૦૦/- |
| શ્રીમતી સરસ્વતીબેન સોલંકી | અંજાર | રૂ. ૧,૧૧૧/- |
| શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ | માંડવી | રૂ. ૧,૦૦૧/- |
| શ્રી શિવલાલ મોતીલાલ બુદ્ધભટ્ટી | ભુજ | રૂ. ૧,૦૦૧/- |
| શ્રી ઈશ્વરલાલ માવજી બારમેડા | ભુજ | રૂ. ૧,૦૦૧/- |
| શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ | મુંબઈ | રૂ. ૧,૦૦૧/- |
| શ્રી મારૂ કંસારા સોની મહિલામંડળ | અંજાર | રૂ. ૧,૦૦૧/- |
| શ્રી રમેશચંદ્ર રાઘવજી લાયચા | જડોદરકોટડા | રૂ. ૧,૦૦૧/- |
| શ્રી પ્રેમજીભાઈ કેશવજીભાઈ સોની | વડાલી | રૂ. ૧,૦૦૧/- |
| શ્રી પ્રદીપભાઈ માવજીભાઈ સોની | અમદાવાદ | રૂ. ૫૦૧/- |
| શ્રી ામારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ | ભુજ | રૂ. ૫૦૧/- |
| શ્રી બાબુભાઈ નારાણજી સોની | મુંબઈ | રૂ. ૨,૦૦૦/- |
| શ્રી પ્રફુલ્લભાઈ બારમેડા | રાયપુર | રૂ. ૫,૦૦૦/- |

સેતુ પરિવાર સર્વે દાતાશ્રીઓનો હાર્દિક આભાર માને છે.

**– મનુભાઈ કોટડીયા -અધ્યક્ષશ્રી 'જ્ઞાતિસેતુ'**

# જ્ઞાતિગંગાને એક સૂત્રે સાંકળતો સેતુ

**રજનીકાંત સોની**

મોટાભાગે દરેક જ્ઞાતિના મંડળો પોતાના સમાજની પ્રવૃત્તિઓને સમાજના જણ જણ સુધી પહોંચાડવા એક મુખપત્ર પ્રસિદ્ધ કરતા હોય છે, આવા મુખપત્રોમાં સમાજના ધનિકો દ્વારા અપાતા દાનની યાદી, જાહેરખબરો, સમાજના આગેવાનોની પ્રવૃત્તિઓ અને તેમની તસવીરો વગેરે જ છપાતા જોવા મળે છે.

પરંતુ મારૂ કંસારા સોની મંડળ, અમદાવાદ દ્વારા આવા હેતુથી એક દ્વિમાસિક પ્રગટ થાય છે. જ્ઞાતિસેતુ હાલમાં પોતાના પ્રકાશનના દસ વર્ષ પુરા કરી ૧૧મા વર્ષમાં પ્રવેશ્યુ ત્યારે એનો એક વિશેષાંક બહાર પાડવામાં આવ્યો. સેતુ સમિતિના અધ્યક્ષ મનુભાઈ કોટડિયાએ અધ્યક્ષ સ્થાનેથી આ નોધ્યું છે એમ જ્યારે આ પ્રકાશન શરૂ કર્યું ત્યારે સામયિક પ્રકાશનનો અનુભવ શૈલેષભાઈ કંસારા (કચ્છમિત્રના પ્રવર્તમાન મેનેજર) સિવાય કોઈ નહોતો. તેમના પિતાજી હંસરાજભાઈ કંસારા પણ નિવૃત્ત થયા હોવાથી સમય આપી શકે એમ હતા. એ રીતે સેતુનું પ્રકાશન શરૂ કરેલું.

મુખ્યતંત્રી હંસરાજ કંસારાએ તંત્રીસ્થાનેથીમાં નોંધ્યું છે એમ આ વિશેષાંકમાં સંભારણારૂપે ઈતિહાસમૂલક વિગતો અપાઈ છે. એમાં સમાજના ઈતિહાસ પર પ્રકાશ પાડવાના પ્રયાસો કરાયા છે. એમ જ્ઞાતિના પ્રતાપી પૂર્વજો વિશેની માહિતી પણ નોંધપાત્ર છે.

કોઈપણ સમાજની પ્રગતિ અને એના વિકાસના અંદાજ એના દ્વારા સ્થાપિત વિવિધ પાંખોની પ્રવૃત્તિઓ પર નજર ફેરવતા આવી શકે છે. આ અંકમાં જે માહિતી પ્રસ્તુત કરાઈ છે એના પરથી ખ્યાલ આવે છે કે ભુજમાં આ જ્ઞાતિના મુખ્ય વહીવટ મંડળ ઉપરાંત યુવક મંડળ, મહિલા મંડળ, મહિલા સત્સંગ મંડળ, મહિલા સેલ વગેરેએ સંગઠનો સક્રિય છે.

અહીં છેલ્લા દસ વર્ષમાં હાથ ધરાયેલી પ્રવૃત્તિઓમાં શૈક્ષણિક તબીબી, સાંસ્કૃતિક, કાયદાકીય, ધાર્મિક વગેરે માટે પેટા સમિતિના સક્રિય છે એને તેના દ્વારા સતત પ્રવૃત્તિ ચાલતી હોવાનું માહિતી પરથી જણાય છે.

વધુમાં વિશેષાંકમાં આસ્થાના પ્રતિકો, જ્ઞાતિના ઉત્સવોના અધિકૃત ઈતિહાસ, કંસારા ઉત્પત્તિકાળ, પ્રતાપી પૂર્વજો, ફોટોગ્રાફીના ધ્રુવતારક એલ. એમ. પોમલ, નકશીકામ કચ્છ વર્ક શિવજીભાઈ, જ્ઞાતિ મહામંડળના પરિચય, અંધ ફિઝિયોથેરાપિસ્ટ ડો. ચેતન સોની વગેરે વિષયના લેખોનો સમાવેશ કરાયો છે.

અમદાવાદ જ્ઞાતિના પ્રમુખ રાજેન્દ્ર કે. સોની, માનદમંત્રી અતુલ સોની, અખિલ ભારતીય જ્ઞાતિ મહામંડળના પ્રમુખ પ્રભુદાસ ખેતશી, સમસ્ત કંસારા સમાજના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા, મહામંડળના સંગઠનમંત્રી હેમેન્દ્ર કંસારા, કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ-ભુજના દિલીપભાઈ બગ્ગા ઉપરાંત મહિલા મંડળના લત્તાબેન સોલંકી અને પિંકીબેન કટ્ટા, વિવિધ કેન્દ્રોના હોદ્દેદારોના શુભેચ્છા સંદેશ સમાવાય છે.

કોઈ જ્ઞાતિ દ્વારા બહાર પાડવામાં આવતા મુખપત્રમાં આ જાતની વિવિધ માહિતી હોય એવું ભાગ્યે જ જોવા મળે છે. આ માટે મુખ્યતંત્રી તેમજ તંત્રીમંડળના સભ્યોની જહેમત ધન્યવાદ માંગે છે. (સૌજન્ય - કચ્છમિત્ર)

## 'જ્ઞાતિસેતુ' પરિવારમાં જોડાયેલ નવા સભ્યોની યાદી

| ગ્રા.નં. | નામ | ગામ | ગ્રા.નં. | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૧૧૪૪ | સોની હંસરાજ ડુંગરશી | નલીયા | ૧૧૫૩ | કૃષ્ણા સોની | ભુજ |
| ૧૧૪૫ | બીજલાણી નરેશ ખેંગાર | માંડવી | ૧૧૫૪ | સોની સુરેશભાઈ (ગુજરાતી) | દિલ્હી |
| ૧૧૪૬ | સોની ભવાનજી કાન્તીલાલ | મોટીરાયણ | ૧૧૫૫ | સોની અનિલ કાન્તીલાલ | ભુજ |
| ૧૧૪૭ | કટ્ટા દીનેશ રામજી (ચક્કીવાલા) | નેત્રા | ૧૧૫૬ | કંસારા નીલેશ મુકુંદરાય | અમદાવાદ |
| ૧૧૪૮ | પરમાર ભરત ત્રિભોવનદાસ | ભુજ | ૧૧૫૭ | બુદ્ધભટ્ટી નરોત્તમ દેવશી | ભુજ |
| ૧૧૪૯ | બુદ્ધભટ્ટી કમલેશ કાંતિલાલ | ભુજ | ૧૧૫૮ | બુદ્ધભટ્ટી રામદાસ લક્ષ્મીદાસ | ભુજ |
| ૧૧૫૦ | કંસારા કિશોર હરીલાલ | નલીયા | ૧૧૫૯ | કંસારા નીતીનભાઈ (ભરથેરા) | વીરપુર |
| ૧૧૫૧ | કંસારા મનોજ કાંતિલાલ | નલીયા | ૧૧૬૦ | સાકરીયા બીપીન જેઠાલાલ (સોની) | મીરજાપુર |
| ૧૧૫૨ | બુદ્ધભટ્ટી નવીનચંદ્ર જી. | સીંકદરાબાદ | | | |

નિબંધ સ્પર્ધા

# સમાજના ઘડતરમાં તેના મુખપત્રનું યોગદાન

ભાવિ બારમેડા-રાયપુર

## સેતુ દશાબ્દી નિમિત્તે આયોજીત નિબંધ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવતી કૃતિ

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના અનુસાર સમાજનું ઘડતર એક સંસ્કારી સમાજનું ઘડતર કરી હાથમાં શસ્ત્ર કે મોર્ટારનો મારો કરવાથી નથી બનતું પણ તે બને છે કલમથી અને શિક્ષાથી, શસ્ત્ર તો એક સલામતી પુરી પાડે છે. સંસ્કાર નહીં. એક યોગ્ય સમાજ બનશે, એક યોગ્ય સંદેશથી, પણ ! આ સંદેશ સૌ સુધી પહોંચવા માટે માધ્યમ સૌથી જરૂરી અને સમાજના મુખપત્રથી વધુ શ્રેષ્ઠ કોઈ પણ માધ્યમ ન હોઈ શકે.

સમાજનું મુખપત્ર સમાજના સુવર્ણ ઈતિહાસની પ્રસ્તુતી અને ભવિષ્યના સમાજના સુવર્ણ ઘડતરની યોજના બનાવે છે. સમાજનું મુખપત્ર વ્યક્તિનો વ્યક્તિથી પરિચય કરાવે છે. એક પુરી પેઢીનો બીજી પેઢીથી પરિચય કરાવે છે, તે ખરા અર્થમાં સેતુ છે, પ્રત્યેક વ્યક્તિ પછી ભલેને તેઓ એક બીજાથી કેટલાય દૂર ઠરીઠામ થયા હોય પણ ફક્ત એક વ્યક્તિ દ્વારા લખાયેલ લખાણ, સાથે જ એક સેતુનું કામ કરે છે. માનવી-માનવીની નીકટ આવી જાય છે. પછી ભલેને તેઓ કદી એકબીજાથી મળ્યા ન હોય, પણ વિચાર અને વિચારોને પહોંચાડનારા, મુખપત્ર એ માધ્યમથી તે એકબીજાને મળી લે છે, સમજી લે છે, પ્રેરણા લે છે, જીવનમાં ઉતારે છે અને પ્રયાણ કરે છે. એ પ્રેરણા સાથે.

મુખપત્ર એક અવાજ છે, સમાજનું દર્પણ છે. વૃદ્ધોના જીવનનો વૃત્તાંત, યુવકો માટે ભવિષ્યની દોર સમાન અને પ્રત્યેક કુટુંબો માટે એક સંસ્કારી સમાજના ઘડતરની ચાવી સમાન છે. આજના આધુનિક યુગમાં જ્યાં માનવી પોતાની માતૃભાષાથી દૂર થઈ રહ્યો છે. પોતાની આગવી પેઢીને બીજી ભાષાઓના માધ્યમમાં શિક્ષણ દેવા મજબુર થયો છે તેવામાં તો જાણે સમાજનું મુખપત્ર. જનની જન્મભૂમિની ભાષા માટે અમૃત સમાનછે. જ્યારે આ મુખપત્ર પોતાની માતૃભૂમિથી દૂર વસનાર માનવીના હાથમાં આવે છે ત્યારે જાણે તેનું ગામ, નદી, કૂવા, રસ્તા, ધૂળ, ડુંગરા બધું આંખ સામે તરતરવા માંડે છે. બધી યાદો જાણે તાજી થઈ જાય છે. આંખો ઘણીવાર ભીની થઈ જાય છે.

સ્વામી વિવેકાનંદ કહેતા કે, જ્ઞાન શબ્દોના ગૂંચવાળા સમાન નહીં પણ મન-મસ્તિષ્કમાં પચી જાય તેવું હોવું જોઈએ નહીતર, "It runs riots in mind through out the life but cannot be grasped."

બસ એ તો, મનમાં જ્યાં ત્યાં દોડયા રાખે પણ જીવનમાં પચે નહીં. મુખપત્ર સમાજને વાચા આપનાર પ્રતિક સમાન છે. જ્યારે તેમાં લખાણ થાય છે તો લેખકની પીઠે મોટી જવાબદારી લદાઈ જાય છે. લેખક જ્યારે સમાજના મુખપત્ર માટે રચના કરે છે તો તેણે શબ્દોની ઘણી તોલ-મોલ કરવી પડે છે. શબ્દોની એવી તો જમાવટ હોય છે કે તે એક ધારદાર રજુઆત એક પ્રેરણાત્મક રજુઆત અને સૌથી અગત્યનું કે તે એક જવાબદારીવાળી રજુઆત બને છે. જે સીધી વાચકના મનમાં સમાઈ જાય છે. જ્યારે આપણે આપણા મુખપત્રમાં લખીએ છીએ ત્યારે આપણી પીઠે પણ મોટી જવાબદારી આવે છે. અહીંયા મને પાછી સ્વામીજીની કહેલી વાત યાદ આવે છે કે, ''માહિતી અને જ્ઞાનની વચ્ચે બહુ મોટો ફર્ક છે. માહિતી મોટી હોત તો ગ્રંથાલય જ્ઞાનનું કેન્દ્ર અને શબ્દકોષો જ્ઞાન દેનાર ગુરુ બન્યા હોત.''

આજના યુગમાં ચોક્કસ માહિતી ઘણુ મહત્વ રાખે છે પણ જ્ઞાનના સમન્વય સહીત. જે મુખપત્ર જ્ઞાન અન માહિતીનો મેળાપ કરી આપે તે સુંદર, સુઘડ સમાજનું નિર્માણ કરે છે.

મુખપત્ર સમાજના દરેક ખુણાને આવરી લેનાર, તેના દરેક પ્રશ્નોના જવાબ સ્વરૂપ અને સમાજમાં મૂલ્યોનો સંચાર કરનાર હોવું જોઈએ. એવા મુલ્યો કે જે આપણા સમાજને જાગૃત કરી દે, આપણા સમાજને દુનિયામાં ઉદાહરણ બનાવી દે, સમાજમાં ફેલાયેલા દૂષણોને ડામે, પ્રત્યેક વ્યક્તિમાં આત્મવિશ્વાસનો સંચાર કરે તેને માનવી મટાડી વિશ્વમાનવી બનાવે, જેની કલ્પના શ્રી રવિન્દ્રનાથ ટાગોર, જે સાહિત્યમાં નોબેલ પુરસ્કારના એકમાત્ર ભારતીય વિજેતા હતા, તેમના અનુસાર હરએક સમાજ એવો હોવો જોઈએ જ્યાં...

"Where the mind is without fear and the head is held high... Into that heaven of freedom My Father... Let my country awake.

આવા, સમાજની કલ્પના આજના હરએક મુખપત્રનું લક્ષ્ય છે. મારા નિબંધને વિરામ, મારી રચેલી આ કવિતાથી આપવા ઈચ્છું છું.

શબ્દોની સરવાણી લઈ,
જ્ઞાનની ગંગા લઈ,
દૂષણોને ડામ દઈ,
સ્વર્ગની રચના થઈ,
મુખપત્ર વિકસતુ ગયું,
સમાજનું ઘડતર થયું,
આત્મીયતાનો પ્રસાર થયો,
માનવી-માનવી નીકટ ગયો,
જ્ઞાતિસેતુ બનતો ગયો,
જ્ઞાતિસેતુ બનતો ગયો..

# સુખની શોધમાં

પરેશ સી. ગુજરાતી-ભુજ

આ દુનિયામાં સુખ અને દુઃખની ઘટમાળ ચાલ્યા જ કરે છે. પરંતુ માનવી જો પોતાના ઉપર અમુક કાબુ રાખે તો સુખી જીવન જીવી શકે છે. ભૌતિક સુખ મેળવવાની ઘેલછામાં ઘણી વખત આપણે માનસિક શાંતિ ગુમાવીએ છીએ. ભૌતિક સુખ માનસિક સુખની નિશાની નથી. આજે સામાજિક હરિફાઈ ખૂબ વધી ગઈ છે. આ હરિફાઈમાં ટકવા વ્યક્તિ જાતજાતના ખર્ચા કરે છે. અથવા તેને ખર્ચા કરવા પડે છે. હપ્તાઓ દ્વારા મોંઘી વસ્તુઓ ખરીદીએ છીએ અને દર મહિને હપ્તા ભરવાના સમયે 'બ્લડપ્રેશર' ઊંચુ કરીએ છીએ. માનવી પૈસા કમાતો હોય અને ખર્ચે તે ક્ષમ્ય છે પરંતુ પૈસાની ખેંચ અનુભવતો હોવા છતાં ખોટી પ્રતિષ્ઠા અથવા ભૌતિક સુખ ખાતર આડેધડ પૈસા ખર્ચે અને મહિનાના અંતે ટેન્શન અનુભવી ઘરની વ્યક્તિઓ સાથે ઝઘડે, મન દુઃખ કરે તે કેવી રીતે ક્ષમ્ય છે ?

આજ પ્રમાણે ધર્મના નામે સમજ્યા વિચાર્યા વગર ખર્ચા કરીએ છીએ. પૈસા ન હોવા છતાં યાત્રાઓમાં જોડાઈએ છીએ. ભગવાન વ્યક્તિના વર્તનમાં વસેલો છે. ઘણી વખત આપણે ધાર્મિક છીએ. તેવું સમાજને દર્શાવવા ગજા બહારના ખર્ચા કરીએ છીએ. અને અંધ-અપંગ ભિખારીઓને મદદ કરતા ખચકાઈએ છીએ. આવું જ સામાજિક પ્રસંગોમાં પણ જોવા મળે છે. ઘરે શુભ પ્રસંગોએ વાહ-વાહ મેળવવા આપણે શક્તિ બહારના ખર્ચા કરીએ છીએ અને પછી રસોઈયાથી માંડી મંડપવાળાને ઘરના આંટા મારતા શરૂ કરાવી દઈએ છીએ. બે દિવસની વાહ વાહ માટે ઘણી વખત બે વર્ષ સુધી માનસિક અશાંતિ અનુભવીએ છીએ. મહિને આઠ-દશ હજાર કમાતા પિતાના પુત્રને પચાસ હજારની મોટર સાઈકલ જોઈએ છે, ત્યારે પિતાને કેટલું મનદુઃખ થાય છે તેની પુત્રને ખબર કેવી રીતે પડે ? જે વિદ્યાર્થી અવસ્થામાં બાળકો આજે વધુને વધુ આરામ મેળવતા થઈ ગયા છે. આજે બાળકોને સાઈકલ ચલાવતા શરમ આવે છે. એજ બાળકો મોટરસાઈકલ ઉપર હેલ્થકલબમાં જઈ પોતાનું સ્વાસ્થ્ય જાળવવા પ્રયત્ન કરે છે. પરંતુ તે સમજતા નથી દરરોજ પાંચ કિલોમીટર સાઈકલીંગ કરવાથી આપોઆપ કસરત થઈ જાય છે. એવુ લાગે છે જાણે આપણે જિંદગીને નાટકીય અને બનાવટી બનાવી રહ્યા છીએ. માતા-પિતાને સંતાન પ્રેમને કારણે સંતાનને વધુને વધુ ભૌતિક સુખ આપવાનું મન થાય એ સ્વાભાવિક છે પરંતુ તે ભૌતિક સુખ સંતાનને નિર્બળ બનાવી દે, આળસુ બનાવી દે અને સ્વપ્નની દુનિયામાં જીવતો કરી દે તો ખરેખર તેમાં તેનું અહિત થાય છે.

ઘણી વખત આપણે શરમમાં આપણી ઈચ્છાઓ પ્રગટ કરી શકતા નથી અથવા બીજા પાસે રાખેલી ઈચ્છાઓ આપણે તેમને જણાવી શકતા નથી. પરિણામે કુટુંબીજનો આપણી ઈચ્છા ન જાણી શકવાને કારે આપણી અપેક્ષા મુજબ વર્તન કરતા નથી પરિણામે આપણે દુઃખ અનુભવીએ છીએ. ઘણા માતા-પિતા ઈચ્છતા હોય છે કે તેનું સંતાન તેમનું ધ્યાન રાખે અથવા તેમના માટે વસ્તુ લાવે, પરંતુ પોતાની ઈચ્છા પ્રગટ કરતા અચકાય છે. સંતાન કામમાં ઓતપ્રોત રહેતા તે જિંદગીને સાહજિક રીતે લે છે અને માતા-પિતા પોતાની ઈચ્છા ન સંતોષાતા દુઃખી થાય છે. આ દુઃખમાંથી મુક્ત થવાનો એ જ ઉપાય છે કે પોતાની ઈચ્છા પ્રગટ કરવામાં શરમ ન રાખવી અથવા પોતાનું અભિમાન વચ્ચે ન લાવવું. આજ પ્રમાણે મિત્રતામાં પણ બને છે જ્યારે મિત્રતામાં ઈચ્છાઓની અભિવ્યક્તિ અટકી જાય છે ત્યારે દુઃખ પેદા થાય છે.

મિત્રો, દુઃખી થઈને બીજાને સહન કરી રાખવા એના કરતા થોડી નિર્ભયતા રાખી કુટુંબીજનો તથા મિત્રો સામે ઈચ્છા પ્રગટ કરવામાં શરમ-સંકોચ રાખશો નહિ. જેવી રીતે યોગ્ય ઈચ્છાઓ જાહેર કરવી જોઈએ તેવી રીતે અયોગ્ય ઈચ્છાઓ પ્રગટ જ ના થવા દેવી જોઈએ. અજાણી વ્યક્તિઓ પાસે અમુક આશા રાખવી તે પણ યોગ્ય નથી. દા.ત. રસ્તા વચ્ચે તમારી ગાડી બગડી અને અજાણી વ્યક્તિઓ આવી તમારી ગાડીને ધક્કા મારે તેવી આશા રાખવી નકામી છે. આ દુનિયામાં લોકો સ્વાર્થી છે મદદરૂપ થતા નથી. ભલા લોકો રહ્યા જ નથી. વગેરે વિચારવું મુર્ખામી છે. આપણે બીજાની ગાડીને ધક્કા મારવા ઊભા રહીએ છીએ ?

મિત્રો, આનંદમાં રહેવું આપણા હાથમાં છે બીજાઓ પાસે વધારે પડતી આશાઓ રાખશો નહિ તો સુખી થશો. મિત્રો, ઈચ્છાઓના સંતોષ માટે મહેનત કરો, ક્રિયાશીલ બનો, બીજાનો વિશ્વાસ રાખો, સામાજિક બનો.

## અમે...

લ્યો, તમારું નામ લેવા હોઠ ફફળાવ્યા અમે
બે ઘડીમાં કેટલા આધાર બદલાવ્યા અમે
મારા જ હાથે કર્યા બંધ, સંસ્મરણોના દ્વાર
વળી ભૂલ્યા કંઈકની, ફરી દ્વાર ખખડાવ્યા અમે
સાવ હતું આભાસી ત્યારે તો દોડતાં આવતા
ને હવે પીતા નથી, જ્યારે અમને છલકાવ્યા અમે
હતુ કે, ભીતરનું ભીતર સુધી જ રહેવા દઈશ
કુટ્યા કાન દિવારોને, બધુ હોઠે લાવ્યા અમે
હવે એ પણ વધારે સાફ-સુથરુ રહે છે - 'યાદ'
જયારથી આયનાની સામે અફળાયા અમે.

**– જીનલ સોલંકી 'યાદ'-માંડવી**

વિચાર મંચ

# સ્ત્રી-પુરુષ વૃદ્ધોનું વૃંદાવન

કાન્તીલાલ બારમેડા-ભુજ

આપણી જ્ઞાતિના વૃધ્ધો (એકાકી કુંટુંબવાળા)નું લીસ્ટ, મહિલામંડળ, યુવક મંડળ, જ્ઞાતિની ઓફિસ, જ્ઞાતિની વસ્તી બુક, પ્રસંગો દરમ્યાન રૂબરૂ મુલાકાત ઈત્યાદી દ્વારા તૈયાર કરવું.

દરેક વૃદ્ધનું એક પત્રક ભરવું.

પત્રક : નામ, ઉંમર, એકાકી કે કુટુંબ, રસનો વિષય - વાંચન સત્સંગ દેવદર્શન અન્ય

**શું કરી શકીએ :** (અ) સ્ત્રીઓ માટે નવા બનેલા હોલમાં નિયમિત ભજન કિર્તન, ધાર્મિક પુસ્તકોનું વાંચન, સદ્‌વિચારનું આદાન પ્રદાન. પુરૂષો માટે એજ રીતે લગ્નવાડી, અન્ય સ્થળે એવી જ પ્રવૃત્તિ, (દાત. ચનાણી પાર્ટી પ્લોટ)

(બ) આર્થિક સગવડવાળાને : (૧) વૃદ્ધત્વનું સરકારી પેન્સન મેળવી આપવું. (૨) રાશન, આર્થિક સહાય ફંડ કરી અપાવવું. (૩) શારિરીક અશક્તતા, અપંગતાવાળાને સાધનો જેવા કે, ટ્રાઈસિકલ, ચશ્મા, વોંકીગ સ્ટીક, હિયરીંગ એઈડ જેવા જરૂરતમંદને આપવા.

(ક) એકલતા નિવારણ માટે : જરૂરતમંદને મહિને બે - ત્રણ વખત દેવદર્શન, સત્સંગ, ભજન જેવા કાર્યક્રમમાં લાવવા મૂકવાની વ્યવસ્થા કરવી.

(ડ) દર મહિને એક વખત સાત-આઠ જરૂરતમંદને દેવદર્શન કરાવવા અથવા શહેરની બહાર, બાગ-બગીચે લઈ જવા.

(ઈ) વૃદ્ધોને એકાદ કલાક સાથ આપવા, તેમના અનુભવોની વાત સાંભળવી તથા બનતા નવા બનાવોની જાણકારી આપવા તેમની પ્રત્યક્ષ મુલાકાત ગોઠવવી તેમના જીવનમાં થોડી આનંદની પળો લાવવી.

આ બધા ઉદ્દેશો એકી સાથે અમલમાં લાવવા શક્ય નથી. એટલે શરૂઆત નાને પાયે કરવી પડશે.

**સાથ સહકાર :** જ્ઞાતિનું મહિલામંડળ, ભજન મંડળ, યુવક મંડળ, સ્વૈચ્છિક સેવા આપવા તત્પર

**છત્ર છાયા :** શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, શ્રી અખિલ ભારત મારૂ કંસારા સોની મહામંડળ, જ્ઞાતિના વડીલો, જ્ઞાતિસેતુ

સ્વાસ્થ્ય

# હોમિયોપેથી - કાકડા

પ્રિતી વી. પોમલ

## બાળકોને કાકડાની તકલીફ હોય તો તેનું ઓપરેશન કરતાં પહેલા અજમાવી જુઓ !

કાકડા ગળામાં બંને તરફ સ્વરપેટીની બાજુમાં આવેલા હોય છે. તે લીમ્ફેટીક નામની માંસપેશીમાંથી બનેલા હોય છે. તે શરીરમાં એન્ટી બોડી ઉત્પન્ન કરવાનું કાર્ય કરે છે. અને ખોરાકને અન્નનળી તરફ ધકેલવાનું અને સ્પષ્ટ ઉચ્ચારનું પણ કાર્ય કરે છે.

કોઈ કારણસર કાકડાના ચેપ લાગે તો ખોરાક લેવામાં કે પ્રવાહી લેવામાં મુશ્કેલી થાય. થૂંક સુદ્ધા ગળવામાં દુખાવો થાય અને દુખાવો કાન સુધી પહોંચે. પ્રત્યેક ઘૂંટ ઉતારતા ઝટકો લાગે. ઉપરાંત ગળામાંથી નીકળતો અવાજ ક્ષીણ અને ઘોઘરો બને. શરીર દુઃખે, માથું દુઃખે સાથે ઠંડી લાગીને તાવ આવે, તાવ વધીને સો ડીગ્રીથી માંડીને ૧૦૫ ડિગ્રી સુધી પહોંચી શકે, નાડીની પણ વેગ વધે છે. શરીરમાં અશક્તિ, કળતર, સૂકી જીભ પર છારી, પાણીની તરસ વધુ, ભૂખ ઓછી લાગે, મોઢામાંથી દુર્ગંધ આવે, લોહી ઓછું થઈ જાય. આ રસી કાનમાં જવાથી કાનમાં પણ રસી અને દુઃખાવો થાય.

ટોર્ચના પ્રકાશમાં સૂજેલા કાકડા લાલ ટેટા જેવા દેખાય. આ લાલાશ આસપાસની ગ્રંથિઓ સહિત ગળાની દિવાલ સુધી ફેલાય કાકડાની સપાટી પર કરચલીની રેખાઓ અંકાઈ એમાંથી પરુના બિંદુ ફૂટતા સપાટી પીળા-સફેદ ટપકાંથી છવાઈ જાય. આ પરુનું બંધાઈ અનેકવાર ડિપ્થેરિયાનો ભ્રમ જાગે ક્યારેક તો એનું કદ એટલું વધે છે કે બંને કાકડો એક બીજાની ગોદમાં ભરાઈ, ગળાનું દ્વાર ભીડી દે છે. આવા, પ્રકારના કાકડાનું નામ 'Kissing Tonsils' કહેવાય.

તાવ અને જીવાણુ - વિષાણુને નિવારવા એન્ટીબાયોટિક ઔષધિઓ સર્વ સામાન્ય છે. સાથે ગળાના દુઃખાવાને ક્ષમવા જ્ઞાનતંતુઓને જડ કરી દેતી દુઃખશામક એટલે કે 'પેઈન કિલર' ઔષધિ ટોન્સીલાઈટીસની ચિકિત્સાનો આ સાર સિદ્ધાંત ! રોગને સમજીએ તો તાવની પ્રક્રિયા એ લોહીમાં પ્રસરેલા વિષ-વિકારને નિવારવાની પ્રક્રિયા છે. તાવને અલગ તારવી અને દુઃખાવવાનો ઉપાય યોજવાથી શરીરની સ્વરક્ષણની ક્ષમતા હણે છે. દુઃખાવામાંથી તરત રાહત આપે, કિંતુ પ્રતિકાર શક્તિને હણીને !

આ તકલીફના કારણો જોવા જઈએ તો ઠંડા પીણાં, ચોકલેટ, સોસ, જામ જેવા પદાર્થો જવાબદાર હોય છે. જે બાળકને તકલીફ હોય તેમને આ બધા પદાર્થોથી દૂર રાખવા જોઈએ. સંપૂર્ણ આરામ ખોરાકની બંધી, ફળ-રસ તથા અન્ય પ્રવાહીનો ઉપયોગ સાદો અને પૌષ્ટીક ખોરાક લેવો. મીઠાના પાણીના કોગળા કરવા. હોમિયોપેથી ઔષધો નિર્દોષ અને આડઅસર વગરની હોય છે. શરીરની કાર્યશક્તિને બરાબર રાખી રોગને એના મૂળસહિત નિવારવાની યોગ્યતા ધરાવે છે. આ ઔષધો દર્દીની શારીરિક અને માનસિક લક્ષણોને ધ્યાનમાં રાખી આપવામાં આવે છે. ધીરજપૂર્વક સારવારથી કાકડાની તકલીફમાંથી કાયમી છૂટકારો મળે છે.

હોમિયોપેથી ઔષધો - એકોનાઈટ, હેપારસલ્ફ, ફ્રાયટોલેકા મર્કઆયોર્ડ, બરાયડા કાર્બ જેવી દવાઓ ઓછી માત્રામાં ડોક્ટરની સૂચનો પ્રમાણે લેવી જરૂરી છે. ના કપાવશો તમારા કાકડા !

**જ્ઞાતિ સમાચાર**

# સમસ્ત બારમેડા પરિવાર - પુસ્તક વિમોચન અને ખેતરપાળ દાદાનો પાટોત્સવ

**ચેતનભાઈ બારમેડા**

તા. ૨૭-૮-૨૦૧૪ બુધવાર, સ્થળ : ટાઉન હોલ, ભુજ




સમસ્ત બારમેડા પરિવાર દ્વારા ખેતરપાળ દાદાનો પાટોત્સવની ઉજવણી દરવર્ષની જેમ આ વર્ષે પણ ભાદરવા સુદ બીજના દિવસે કરવામાં આવેલ હતી. જેમાં સૌ પ્રથમ સવારના દાદાની ડેરીએ હવનનું આયોજન કરવામમાં આવ્યું છે. જેમાં આચાર્ય પદે સુમનલાલભાઈ ટી. વ્યાસ હાજર રહ્યા હતા અને હવનના યજમાનમાં (૧) કિરીટભાઈ વીરજી બારમેડા (નખત્રાણા) (૨) રાજેશભાઈ વી. બારમેડા (ભુજ), (૩) પ્રવિણ કલ્યાણજી બારમેડા (વિથોણ) (૪) આનંદભાઈ બારમેડા (તલોદ) બિરાજેલ હતા. હવન ૧૨-૩૦ કલાકે પૂર્ણાહુતિ કરવામાં આવેલ. ત્યારબાદ ટાઉન હોલ ખાતે ૩-૩૦ કલાકે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની સીડી દર્શાવવામાં આવેલ.

સાંજે ૫-૩૦ કલાકે સમસ્ત બારમેડા પરિવારની પરિચય પુસ્તિકાનું વિમોચન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભુજ જ્ઞાતિના ગોર શ્રી સુમનલાલ ત્રંબકલાલ વ્યાસ, અંજાર જ્ઞાતિના ગોર શ્રી કનકચંદ્ર છગનલાલ ગોર, મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી, ભુજ પ્રમુખ દિલીપભાઈ કે. બગા, યુવકમંડળ પ્રમુખ રાહુલભાઈ સી. ચનાણી, માંડવી જ્ઞાતિના પ્રમુખ હરેશભાઈ નેણશી બારમેડા, સાબરકાંઠાના ઉપપ્રમુખ દિનેશભાઈ જે. બારમેડા, માધાપરના બિલ્ડર જગદીશભાઈ હરીલાલ અમદાવાદના કોન્ટ્રાક્ટર શ્રી હસમુખભાઈ પ્રહલાદભાઈ બારમેડા, દહીંસરાના વડીલશ્રી ઈશ્વરલાલ નેણશી બારમેડા, માધાપરના વડીલ શ્રી લખમશીભાઈ વી. બારમેડા, અંજારના વડીલ શ્રી ઈશ્વરલાલ વેલજી બારમેડા, નવીનભાઈ નરોત્તમ બારમેડા, ભુજના વડીલ ઈશ્વરલાલભાઈ માવજી બારમેડા, શ્રી પ્રાણજીવનભાઈ ઓધવજીભાઈ બારમેડા, મેઘપરના નવીનચંદ્ર ગોપાલજી બારમેડા, નખત્રાણાના જયાબેન કિરીટભાઈ બારમેડા, જયાબેન જટાશંકર બારમેડા, નીમુબેન નરોત્તમ બારમેડા, વિઠ્ઠલભાઈ બારમેડા આ તમામ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ.

ત્યારબાદ તમામ મંચસ્થ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ. જેમાં શુભેચ્છા સંદેશ ચમનભાઈ બારમેડા (વડોદરા), પ્રફુલભાઈ બારમેડા (રાયપુર), પ્રકાશભાઈ બારમેડા (રાયપુર), ભરતભાઈ જે. બારમેડા (મુંબઈ) દ્વારા આપવામાં આવેલ.

ત્યારબાદ આવેલ તમામ મહેમાનોનું શાલ દ્વારા સન્માન ચંદુભાઈ ઓ. બારમેડા, મુકેશભાઈ એલ. બારમેડા, મનોજભાઈ એન. બારમેડા, ધર્મેન્દ્રભાઈ ઓ. બારમેડા, સત્યમભાઈ પી. બારમેડા, ચેતનભાઈ આઈ. બારમેડા, મહેન્દ્રભાઈ બારમેડા, જય બારમેડા, રવિ બારમેડા, ધીરજભાઈ ઓ. બારમેડા, રમેશભાઈ બારમેડા, ભૌતિકભાઈ બારમેડા, રાકેશ બારમેડા, રોનક બારમેડા, અખિલ બારમેડા, વંદના સી. બારમેડા, દર્શના ડી. બારમેડા, વિદુલા એમ. બારમેડા તથા જશોદાબેન આઈ. બારમેડા દ્વારા મહેમાનોનું શાલ દ્વારા સન્માન કરવામાં આવેલ.

ત્યારબાદ પુસ્તક પરિચય, સત્યમભાઈ પી. બારમેડા દ્વારા આપવામાં આવેલ અને ભુજ જ્ઞાતિ ગોર સુમનભાઈ વ્યાસ તેમજ અંજાર જ્ઞાતિના ગોર શ્રી કનકચંદ્ર વ્યાસ દ્વારા આશીર્વચન આપવામાં આવેલ. ભુજ જ્ઞાતિ પ્રમુખશ્રી દિલીપભાઈ બગા દ્વારા સમાજની એકતા અને આવા કાર્યક્રમો વખાણવામાં









આવ્યા. ત્યાર બાદ સમગ્ર ભારતમાં વસતા બારમેડા પરિવારના પરિચય પુસ્તકનું વિમોચન તમામ મંચસ્થ મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ. સમગ્ર ભારતમાં બારમેડા પરિવારના કુલ ૪૧૦ પરિવારો તેમજ અંદાજીત ૨૦૦૦ જેટલા પરિવારોના રંગી ફોટાઓ સાથેની પરિચય પુસ્તિકાનું વિમોચન કરવામાં આવેલ. આ પરિચય પુસ્તિકામાં સક્રિય કામગીરી કરનાર ચંદ્રકાંતભાઈ ઓ. બારમેડા, ધર્મેન્દ્રભાઈ ઓ. બારમેડા, સત્યમભાઈ પી. બારમેડા, મુકેશભાઈ એલ. બારમેડા, મનોજભાઈ એન. બારમેડા, ચેતનભાઈ આઈ. બારમેડા, રાજ બારમેડા, જય બારમેડા, રવિ બારમેડાનું કાર્ય બિરદાવવામાં આવેલ.

છેલ્લા બે દાયકાઓથી ખેતરપાળ દાદાની ડેરીની સેવા કરનાર તેમજ મંદિર નિર્માણ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને પરિચય પુસ્તિકામાં જેમની સખત મહેનત છે તેવા સક્રિય કાર્યકરશ્રી ચંદ્રકાંતભાઈ ઓધવજી બારમેડાનું વિશિષ્ટ સન્માન કચ્છ પાઘડી, શાલ તેમજ સન્માનપત્ર દ્વારા મહામંડળના પ્રમુખ પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતી, દિલીપભાઈ બગ્ગા દ્વારા કરવામાં આવેલ. આ સન્માનમાં આવેલ તમામ સભ્યો ઉભા થઈને તેમનું અભિવાદન સ્વીકારેલ.

ત્યારબાદ કુ. આશના ધીરજભાઈ બારમેડા દ્વારા તૈયાર કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. જેમાં ભુજ, અંજાર, દયાપર, નખત્રાણાના કલાકારો દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધર્મેન્દ્રભાઈ ઓ. બારમેડા, મનોજભાઈ એન. બારમેડા, સત્યમભાઈ પી. બારમેડા, ચેતનભાઈ આઈ. બારમેડા દ્વારા કરવામાં આવેલ.



**વજન ઘટાડો / વધારો**
**કોઈપણ દવા વગર શુદ્ધ શાકાહારી પૌષ્ટીક આહારની મદદથી.**







**Lost 10 kg. in 2.5 months**

**<u>તમે તમારા માલિક બનો</u>**
**પાર્ટ ટાઈમ વધારાની આવક અથવા ફૂલ ટાઈમ કેરીયર માટે**

- **NYSE Listed કંપની સાથે વધુ આવકની તક.**
- **વિશેષ અનુભવની જરૂર નથી.**
- **તાલીમ આપવામાં આવશે.**
- **તમારા હાલના કામને છોડયા વગર જ્યાં હો ત્યાંથી કામ કરી શકો છો.**
- **ગૃહિણીઓ-ધંધાદારીઓ-વિદ્યાર્થીઓ-નોકરીયાત-નિવૃત્ત-કંપની એકઝીક્યુટીવ**

**જેમણે આ વાપર્યુ છે અને ખૂબ જ અસરકારક પરિણામ મેળવેલ છે તે જ તમને સારી રીતે માર્ગદર્શન આપી શકશે.**

દક્ષા નિલેશ કંસારા ( અમદાવાદ ) ૯૮૯૮ ૪૦ ૭૫૦૦, ૦૭૯-૨૬૭ ૬૬૩૯૯
સુનીતા કંસારા ( આદિપુર -કચ્છ ) ૯૦૩૩૩ ૫૩૦૦૩

# સરસ્વતી સન્માન સમારોહ - ભુજ

ચેતન બારમેડા




સરસ્વતી સન્માન સમારોહ તા. ૨૪-૮-૨૦૧૪, રવિવાર

સ્થળ : ટાઉન હોલ, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ માં જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવા 'સરસ્વતી સન્માહ સમારોહ' નું આયોજન કરવામાં આવેલ. સમારોહના અધ્યક્ષપદે જ્ઞાતિના પ્રમુખ દિલીપભાઈ કાનજી બગ્ગા તથા અતિથી વિશેષ પદે શ્રી નવિનભાઈ ઈન્દરજી હેડાઉ, કાંતિલાલભાઈ બારમેડા, ચંદુભાઈ જે. ચનાણી, નખત્રાણા જ્ઞાતિના પ્રમુખ હીરાલાલ મોહનલાલ બગ્ગા, ભોગીલાલભાઈ અખિલ કચ્છ ઉત્કર્ષ મંડળના પ્રમુખ ભરતભાઈ બગ્ગા, મેડિકલ ચેરમેન હર્ષદભાઈ ઝેડ. બુદ્ધભટ્ટી, માધાપરના પ્રમુખ ભરત ચૌહાણ, યુવક મંડળના પ્રમુખ રાહુલભાઈ સી. ચનાણી, શિક્ષણ સમિતિના ચેરમેન ચેતનભાઈ આઈ. બારમેડા, શારદાબેન પોમલ, માંડવી જ્ઞાતિ પ્રમુખ હરેશભાઈ બારમેડા, મહિલામંડળ પ્રમુખ લત્તાબેન સોલંકી, તેમનું પુષ્પગુચ્છથી સ્વગાત મંત્રીશ્રી હિતેશભાઈ પોમલ તથા હર્ષદ ઝેડ. બુદ્ધભટ્ટી દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત સ્ટેજ ઉપર મહાનુભાવો દ્વારા દીપપ્રાગટ્ય દ્વારા કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં સ્વાગત ગીત દ્વારા કરવામાં આવેલ. ધો. ૧ થી ૯ ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમનું સન્માન કાર્યનું સંચાલન પરેશભાઈ ગુજરાતી, હિતેશભાઈ પોમલ દ્વારા કરવામાં આવેલ. હિતેશભાઈ પોમલ દ્વારા શૈક્ષણિક સમિતિના અહેવાલ રજુ કરવામાં આવેલ ત્યારબાદ જેમાં અંદાજીત ૧૭૦ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે તેવું જણાવેલ. ત્યારબાદ યુવકમંડળના પ્રમુખ દ્વારા અહેવાલ રજુ કરવામાં આવેલ અને મંત્રી દ્વારા ચનાણી પાર્ટી પ્લોટમાં મેગા નવરાત્રીના આયોજન અંગે જણાવેલ. જેનો સમય ૮ થી ૧૨ સુધી યોજાશે તેવું જણાવેલ. તેમજ મહિલામંડળ દ્વારા પણ નવરાત્રીની જાહેરાત કરેલ. સમુહલગ્નના કન્વીનર શ્રી અનિલભાઈ છત્રાળા દ્વારા સમુહલગ્નની તા. ૭-૧૨-૨૦૧૪ ની જાહેરાત કરવામાં આવેલ અને દાન અંગેની રૂપરેખા જણાવેલ.

અખિલ કચ્છ કેળવણી મંડળની ટ્રસ્ટી ચંદુભાઈ જટુભાઈ ચનાણી દ્વારા સમગ્ર કચ્છના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ એકમાત્ર સેવા દ્વારા કરવામાં આવેલ. જેની વિગતો જણાવી વધુને વધુ ટ્રસ્ટને આર્થિક રીતે મજબુત કરવા જણાવેલ. અને દરેક સમાજનો વ્યક્તિ પડોશમાં રહે પણ પોતાના સમાજના વ્યક્તિને મદદ કરવા જણાવેલ. ત્યારબાદ ધો. ૧૦ થી ૧૨નું ઈનામ વિતરણ કરવામાં આવેલ. જેનું સંચાલન સંજયભાઈ બુદ્ધભટ્ટી દ્વારા કરવામાં આવેલ.

ત્યારબાદ ભુજ જ્ઞાતિની પ્રથમ વેબસાઈટ યુવકમંડળ દ્વારા બતાવવામાં આવેલ. જેમાં મયુર વી. બગ્ગાના સખત મહેનત દ્વારા કરવામાં આવેલ. જેમાં તેનું ઉદ્‌ઘાટન જ્ઞાતિ પ્રમુખ દિલીપભાઈ કે. બગ્ગા દ્વારા કરવામાં આવેલ. જેમનું સંચાલન રાહુલભાઈ સી. ચનાણી દ્વારા કરવામાં આવેલ. જેમાં જ્ઞાતિ પ્રમુખ દ્વારા મયુર બગ્ગાને સન્માનિત કરવામાં આવ્યું.

ત્યારબાદ જાયન્ટના પ્રમુખ બદલ જીજ્ઞાબેન જીગરભાઈ બુદ્ધભટ્ટી તેમજ લાયન્સ કલબના રજીયન ચેરમેન બનવા બદલ લાયન ધર્મેન્દ્ર ઓધવજી બારમેડાનું સન્માન ઉપપ્રમુખ સુનિલભાઈ એમ. પોમલ દ્વારા સાલ સન્માનપત્ર દ્વારા કરવામાં આવેલ.

ભુજજ્ઞાતિના પ્રમુખ યુવક અને યુવતીઓને વિવિધ પ્રસંગે આગળ આવવા જણાવ્યું. બેન્ક ખાતાઓ ખોલવા, હિસાબો વ્યવસ્થિત રાખવા તેમજ પાનકાર્ડ દરેકને બનાવવા, વહીવટમાં તૈયાર રહેવા જણાવેલ.

ધો. ૧ થી કોલેજ કક્ષાના ઈનામના દાતાશ્રી સ્વ. પ્રવિણભાઈ કે. બારમેડા હસ્તે કાંતિલાલભાઈ નરેશભાઈ બારમેડા રહે. માધાપર દ્વારા આપવામાં આવેલ.

ધો. ૧ થી ૮ પ્રોત્સાહિત ઈનામના દાતા સ્વ. ચંચળબેન વેલજી ભગવાનજી ટ્રસ્ટ (આફ્રિકાવાળા)ના હસ્તે નવિનભાઈ ઈન્દરજી હેડાઉ દ્વારા આપવામાં આવેલ.

ધો. ૧ થી ૧૨ અંગ્રેજી માધ્યમમાં ઈનામો સ્વ. લાડુબેન નરભેરામ સોલંકી હસ્તે પ્રાણલાલ નરભેરામ સોલંકી દ્વારા આપવામાં આવેલ હતા.

અન્ય પ્રોત્સાહિત ઈનામો અમૃતલાલ વાલજી હેડાઉ, વાલજી નારણ હેડાઉ, વિજયભાઈ બુદ્ધભટ્ટી, સ્વ. વાલજીભાઈ ખેતશી ગુજરાતી, સ્વ. કાનજીભાઈ મીઠુભાઈ બગ્ગા, સ્વ. માવજી ખીમજી બારમેડા, બુધ્ધિલાલ લખમશી કટ્ટા, રસિકલાલ બીજલાણી દ્વારા આપવામાં આવેલ.

તેમાં વિવિધ દાતાઓને કાર્યકરોના હાથે ઈનામ આપવામાં આવેલ. જેમાં નવીન ઈન્દરજી હેડાઉ, હરેશભાઈ અને. બારમેડા, શારદાબેન પોમલ, રાહુલભાઈ ચનાણી, ચંદુભાઈ જે. ચનાણી, ભરતભાઈ ચૌહાણ, હિતેશભાઈ પોમલ, નિતીનભાઈ હેડાઉ, કિશોરભાઈ ચૌહાણ, સુનિલભાઈ પોમલ, મહેશભાઈ ગુજરાતી, સંજયભાઈ બુદ્ધભટ્ટી, પ્રદિપભાઈ બીજલાણી, મુળજીભાઈ કટ્ટા, અશોકભાઈ બુદ્ધભટ્ટી, દિપકભાઈ પોમલ, મનસુખભાઈ બુદ્ધભટ્ટી, શિશીરભાઈ હેડાઉ મહાનુભાવના હસ્તે વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવેલ. શિક્ષણના ઈનામ વિતરણ કાર્યક્રમ બાદ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેનું સંચાલન માધાપર જ્ઞાતિ ઘટકના મંત્રીશ્રી મહેશ કાંતિલાલ બારમેડા દ્વારા કરવામાં આવેલ કુલ આઠ કલાકૃતિ રજુ કરવામાં આવી હતી. કાર્યક્રમની સાથે સાથે માજી પ્રમુખ સ્વ. કિશોરભાઈ ચનાણીના ક્રાંતિકારી વિચારો તથા સેવા કાર્યોને યાદ કરવામાં આવેલ.

**સન્માનિત વિદ્યાર્થીઓ**

ડો. પાર્થ સુરેશભાઈ સાકરિયા એમ.ડી.એસ ગુજરાત

ડો. ચાંદની કિશોરભાઈ ચૌહાણ ફિજીયોથેરાપિસ્ટ ગુજરાત.

પૂજન દિલીપભાઈ બગ્ગા સેમિનાર ઓસ્ટ્રેલિયા મુકામે.

ચાલુ કાર્યક્રમ દ્વારા જેમના દાન મળેલ તે દાતાશ્રીઓ

તે ઉપરાંત સમિતિને રૂ. ૧૦,૦૦૦ રસિકભાઈ ઝવેરીલાલ બુદ્ધભટ્ટી, રૂ. ૧૦,૦૦૦ સ્વ. કાનજી મીઠુભાઈ બગ્ગા પરિવાર, રૂ. ૧૦,૦૦૦ સ્વ. કિશોરભાઈ જટુભાઈ ચનાણી, તે ઉપરાંત શિક્ષણ કાયમી ફંડમાં રૂ. ૧૧,૦૦૦ જીતેન્દ્ર ધીરજલાલ સોની (લંડનવાળા), રૂ. ૧૧,૧૧૧, ડો. સુરેશભાઈ સાકરીયા, અખિલ કચ્છ કેળવણી મંડળને રૂ. ૧૧,૦૦૦ સ્વ. તુલસીદાસ પરષોત્તમ બગ્ગા હસ્તે ગં.સ્વ. કબુબેન તુલસીદાસ બગ્ગા તે ઉપરાંત મેડીકલ કાયમીફંડમાં રૂ. ૧૧,૦૦૦ જીતેન્દ્ર ધીરજલાલ સોની (લંડનવાળા) હસ્તે પુષ્પાબેન ધીરજલાલ સોની, રૂ. ૧૧,૦૦૦ હિનાબેન સોની (લંડનવાળા) હસ્તે પુષ્પાબેન ધીરજલાલ સોની.

**ઉપરાંત આગામી સમૂહ લગન માટે કંકોત્રીમાં ફોટા**

રૂ. ૧૧,૧૧૧ સ્વ. જેન્તીભાઈ લાયચા-ઈન્દોર

રૂ. ૧૧,૧૧૧ સ્વ માવજી શિવજી બુદ્ધભટ્ટી-ભુજ

રૂ. ૧૧,૧૧૧ સ્વ. હરીલાલ હંસરાજ સાકરીયા-બળદીયા

રૂ. ૧૧,૧૧૧ સ્વ કાનજી મીઠુભાઈ બગ્ગા પરિવાર-ભુજ

રૂ. ૧૧,૧૧૧ મુકેશભાઈ લખમશી બારમેડા-માધાપર

રૂ. ૧૧,૧૧૧ બકુલભાઈ જેન્તીલાલ ગુજરાતી-ભુજ

રૂ. ૧૧,૧૧૧ શાંતિલાલ મીઠુભાઈ ગુજરાતી-ભુજ

રૂ. ૧૧,૧૧૧ કાંતિલાલ કેશવજી બારમેડા-ચકાર કોટડા

સામાજિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દરેક પાર્ટીશીપેન્ટને સુનીલભાઈ પોમલના હસ્તે, સન્માન કવર અપાયા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંજીવ એ બુદ્ધભટ્ટી, હિતેશભાઈ પોમલ, પરેશભાઈ ગુજરાતી, મહેશભાઈ બારમેડા, રાહુલભાઈ ચનાણી, ચેતનભાઈ આઈ. બારમેડા દ્વારા કરવામાં આવેલ.

## ગઝલ

અહીં કોઈ આવો, અરે કોઈ આવો,
યુગોથી સુતેલા ના શમણાં સજાવો.
હું સદીઓથી સ્વપ્નામાં, ભૂલી પડી છું,
જગે વેદનામાં ઘણી આખડી છું,
હવે વેદનાના વમળથી બચાવો.
થયા નષ્ટ મારા, એ વિશ્રામધામો,
મળ્યો ના જીવનને કદીયે વિસામો,
જીવનને હવે તો વિસામો અપાવો.
ન સમજી શક્યું કોઈ, હૃદય સ્પંદનોને,
જીરવી શક્યોના અકળ સ્પંદનોને,
હવે મોતની એ ચાદર બિછાવો.
'કવન' કલ્પનાને છે, શબ્દોનો સહારો,
ભુલાવે જીવનમાં દુ:ખોનો કિનારો
હવે ચેતનાના એ સ્વરને વધાવો.
યુગોથી સુતેલા ના શમણા સજાવો.

**કવિતા કમલેશ સોલંકી 'કવન'-આદીપુર**

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-ભુજ

**રોહીણી ભરત બુદ્ધભટ્ટી - ભુજ**



ગત ૭-૭-૨૦૦૭ થી ભુજ મહિલા મંડળ સ્વતંત્ર કામ કરતું થયું. એક એક પગથિયું ચડતાં ચડતાં એનો સંગાથ પણ વધતો ગયો. આજે કુલ ૬૦ બહેનો નો સાથ લઈને મહિલા મંડળ - ભુજ નિરંતર પ્રગતિના પંથે ડગ માંડી રહ્યું છે. હાલમાં પ્રમુખશ્રી લત્તાબેન સોલંકીની રાહબરી હેઠળ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ગઈ ૭મી જુલાઈએ જ બહેનો માટે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું. બ્યુટી સ્પર્ધામાં અન્ય વિવિધ તેમજ ભાગ લેવા માટે ખુશાલી દિપકભાઈ બુદ્ધભટ્ટીએ બહેનોને જરૂરી ટીપ્સ આપી હતી.

આજ દિવસે મહિલા મંડળના બે સભ્યો સુધાબેન બુદ્ધભટ્ટી તેમજ ખ્યાતિબેન બુદ્ધભટ્ટીનો પણ જન્મ દિવસ હોતાં તેની શાનદાર ઉજવણી કરવામાં આવેલ હતી અને મહિલા મંડળ તરફથી તેમને શુભેચ્છા ભેટો આપવામાં આવી હતી. જ્ઞાતિની બહેનોને રમતોમાં ભાગ લઈને વિજેતા બનતા ઈનામો આપી પ્રોત્સાહીત કરવામાં આવે છે.

હાલના કાર્યક્રમના અધ્યક્ષા શ્રીમતી અરૂણાબેન એન. બુદ્ધભટ્ટી હતા તેમણે બહેનોને વિવિધ ગેમ્સ રમાડી હતી.

**વિજેતા બહેનો :**

**ગેમ-૧ : કોટન બોલ્સ વીથ સ્ટ્રો** : પ્રથમ : ઈન્દિરાબેન સોલંકી, દ્વિતીય : જીજ્ઞા સોલંકી, **ગેમ-૨ : ૧ થી ૭ નંબર વીથ નેઈમ :** પ્રથમ : ડિમ્પલબેન બીજલાણી, દ્વિતીય : ભાવનાબેન ચનાણી, **ગેમ-૩ : ઈવન-ઓડ નંબર :** પ્રથમ : રીટાબેન ડી. બુદ્ધભટ્ટી, દ્વિતીય : જીજ્ઞાબેન એન. બુદ્ધભટ્ટી

લગ્નગીત હરિફાઈમાં સુધાબેન એ. બુદ્ધભટ્ટી વિજેતા થયા હતા. દરેક વિજેતાને પ્રમુખશ્રી તેમજ કારોબારી સભ્યોના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

માધાપર ઈન્નર વ્હીલ ક્લબના પૂર્વ પ્રમુખ - પ્રવિણાબેન બુદ્ધભટ્ટીએ હર્ષની લાગણી વ્યક્ત કરતા મહિલા મંડળને આવા કાર્યક્રમો યોજતા રહેવા પ્રોત્સાહન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્ય દાતાશ્રી પ્રભુદાસભાઈ ખેતશી સોની ગુજરાતી તરફથી આ પ્રસંગે આર્થિક યોગદાન મળ્યું હતું. તે બદલ મહિલા મંડળે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન રોહિણી બુદ્ધભટ્ટીએ કરેલ હતું. તેમજ કાર્યક્રમને સફળ બનાવવા માટે સુધાબેન, રીટાબેન, નીલાબેન, ભાવનાબેન ચનાણી, ઈન્દિરાબેન સોલંકી, પ્રિતીબેન બગ્ગા, જયશ્રીબેન બુદ્ધભટ્ટી, શીતલબેન બુદ્ધભટ્ટી, ભાવનાબેન બુદ્ધભટ્ટી, જયેષ્ઠાબેન સોની વગેરેએ જહેમત ઉઠાવી હતી. રોહિણી બુદ્ધભટ્ટીએ સૌનો આભાર માન્યો હતો. અલ્પાહાર બાદ કાર્યક્રમની સમાપ્તી કરવામાં આવી હતી.

જ્ઞાતિ
સમાચાર

# શ્રી દયાપર મારૂ કંસારા સોની સમાજ

**મનસુખલાલ એલ. સોની**



અનિલભાઈ લાલજીભાઈ બારમેડા
પ્રમુખ



મનસુખલાલ લાલજીભાઈ બારમેડા
મંત્રી



ધનસુખલાલ શામજીભાઈ કટ્ટા
ખજાનચી

શ્રી દયાપર મારૂ કંસારા સોની સમાજ દ્વારા યોજેલ મિટીંગમાં સૌ દયાપર જ્ઞાતિજનોએ હાજરી આપી હતી. પ્રમુખ સ્થાનેથી જુની કારોબારીની મુદત પૂર્ણ થતા નવી કારોબારી રચના કરવા અંગે પ્રસ્તાવના ઉદ્‌બોધન બાદ સર્વાનુમતે નવી કારોબારી

રચના કરવામાં આવેલ હતી. તેમજ વાર્ષિક હિસાબો અને સમાજના વિકાસના કાર્યો સોની સમાજ સમાજવાડીના કાર્યો બાબતે ચર્ચા કરવામાં આવેલ. દયાપર સોની જ્ઞાતિના મોવડી શ્રી મોહનલાલ હિરજી બારમેડાએ જ્ઞાતિના વિકાસના કાર્યોમાં હંમેશા તત્પર રહેવા જણાવ્યું હતું. ત્યાર બાદ લાલજીભાઈ કરશનદાસ બારમેડા, ધનસુખ એલ. કટ્ટા સૌએ પોતાના મંતવ્યો જણાવ્યા હતા. નવા વરણી કરાયેલા પ્રમુખ તરીકે સોની અનિલ લાલજીભાઈ બારમેડા પોતાને પ્રમુખ તરીકેની મળેલ જવાબદારી સમાજ સેવા કરવા મુકેલ. વિશ્વાસ સાથે સમાજનો આભાર માન્યો હતો. નવી કારોબારી નીચે મુજબ છે.

પ્રમુખ : અનિલભાઈ લાલજીભાઈ બારમેડા ૯૪૨૭૨૫૦૫૬૨

ઉપપ્રમુખ : લાલજીભાઈ કરશનદાસ બારમેડા ૯૪૨૯૦૮૨૨૫૫

મંત્રી : મનસુખલાલ લાલજીભાઈ બારમેડા ૯૪૨૭૫૬૬૫૮૧

ખજાનચી : ધનસુખલાલ શામજીભાઈ કટ્ટા ૯૯૦૯૫૨૭૪૪૨

સલાહકાર તરીકે સોની મોહનલાલ હિરજી બારમેડા, સોની મહેન્દ્રભાઈ ડુંગરશી પોમલ, સોની નરોત્તમભાઈ પ્રેમજી બારમેડા તેમજ દસ કારોબારી સભ્યોની નિમણુંક સર્વાનુમતે કરવામાં આવેલ છે. કારોબારી સભ્યોના નામ નીચે મુજબ છે.

સોની રાજેશ હંસરાજ બારમેડા, સોની મનોજ લાલજીભાઈ બારમેડા, સોની ઈશ્વરલાલ રતિલાલ બારમેડા, સોની જીનેશ મોહનલાલ બગ્ગા, સોની પરેશ જેન્તીલાલ, મોરારજીભાઈ મંગલદાસ બારમેડા, જીતેન્દ્ર શંકરલાલ બારમેડા, રમેશ મોહનલાલ બારમેડા, પ્રશાંત મહેન્દ્રભાઈ કટ્ટા, સોની સુરેશ જમનાદાસ

**જ્ઞાતિ સમાચાર**

# મારૂ કંસારા સોની જ્ઞાતિ-માધાપર


**મહેશ કાંતિલાલ બારમેડા**



માધાપર સમાજ દ્વારા માધાપરની એકમાત્ર એમ. એસ. વી. હાઈસ્કુલ માધાપરને ૫૦ વર્ષની ઉજવણીના ભાગ રૂપે સુવર્ણ જયંતિ મહોત્સવ અંતર્ગત મારૂ કંસારા સોની સમાજ માધાપર દ્વારા અખિલ કચ્છ ક્વીઝ સ્પર્ધામાં ૯૦ સ્પર્ધકોએ ભાગ લીધેલ.

કુલ ૭ રાઉન્ડની અંદર યોજાયેલ બર્ઝર (લાઈટ) સીસ્ટમ દ્વારા યોજાયેલ સ્પર્ધામાં કચ્છ, ધાર્મિક, ગુજરાત, સ્પોર્ટસ, જનરલ નોલેજને લગતા પ્રશ્નો પૂછવામાં આવેલ. કચ્છભરમાંથી ગાંધીધામ, આદીપુર, અંજાર, નખત્રાણા, માંડવી-ભુજ, રાપર, માધાપરના સ્પર્ધકોએ ભાગ લીધેલ જેમાં ફાઈનલમાં સંજય ગલચર, ચિરાગ પટેલની જોડી ચેમ્પીયન થયેલ. ૯૦ સ્પર્ધકોમાં આપણી જ્ઞાતિના કચ્છભરમાંથી માત્ર ૩ સ્પર્ધક ભાગ લીધેલ. માધાપર સોની જ્ઞાતિના પ્રમુખ ભરતભાઈ ચૌહાણ, માજી પ્રમુખ હસમુખભાઈ મચચા, ભુજ જ્ઞાતિના પ્રમુખ દિલીપભાઈ બગ્ગા, માધાપર મહિલા મંડળના સભ્યોએ હાજરી આપેલ. કાર્યક્રમને સફળ બનાવવા પલક ગુજરાતી, હસમુખ બુદ્ધભટ્ટી, મહેશ બારમેડા, ભરત ચૌહાણ વગેરેએ જહેમત ઉઠાવેલ. ઈનામોના સ્પોનસર મુકેશભાઈ બારમેડા (મુકેશ જ્વેલર્સ) હતા.

કાર્યક્રમની અંદર માધાપરના સરપંચશ્રી અરજણભાઈ ભુડીયા, ગુજરાતી ફિલ્મ અભિનેત્રી ભુમિ દાવડા, શાળા સમિતિના પ્રમુખે હાજરી આપેલ. ક્વીઝ સ્પર્ધાનું સંચાલન મહેશ બારમેડાએ કરેલ પ્રશ્નોત્તરી તૈયાર મહેશ બારમેડા અને એમ. એસ. વી.ના આચાર્ય પાઠક સાહેબ તૈયાર કરેલ. કાર્યક્રમની અંદર બહોળી સંખ્યામાં ગ્રામજનોએ હાજરી આપેલ.



# ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન - નારી

જયશ્રીબેન પરમાર-એમ.એ.,બી.એડ્

જહાં વાલેને દુનિયા કો રચાકે
અનોખા માન દુનિયા કો દિયા હૈ,
મગર નારી કી હસ્તી કો બના કે
અપને નામ કો ઊંચા કિયા હૈ !

ઈશ્વરનું સૌથી શ્રેષ્ઠ અને સુંદર સર્જન છે - નારી. સૃષ્ટિની શરૂઆતથી આજ કળિયુગ સુધી નારીનું એક અસાધારણ સ્થાન છે. ભારતવર્ષમાં સદીઓથી સ્ત્રીઓનું યોગ્ય માન રહ્યું છે. જૂના ધર્મશાસ્ત્રો વાંચતા આપણને ખ્યાલ આવે છે કે નારી તું નારાયણી એટલે કે મહાનશક્તિ તરીકે તેની ગણના ઋષિમુનિઓના સમયથી કરવામાં આવતી તે જ રીતે ભગવાન મનુના કહેવા પ્રમાણે : यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता ।

સ્ત્રી-પુરુષ બંને મનુષ્ય જાતિના સમાન અંગ હોવાને નાતે સરખા અધિકારી તથા એક સરખા સન્માનના અધિકારી છે. પરંતુ એમ માની લેવામાં આવે કે સમાજના દરેક વર્ગમાં થોડું-ઘણું અંતર હોય છે તો મારા મત પ્રમાણે તો પુરુષ કરતા સ્ત્રી વધારે ચઢિયાતી છે. નારીના સૌંદર્યમાં સમગ્ર વિશ્વનું સૌદર્ય સમાયેલું છે. નારી કોમળતા, વાત્સલ્ય, સેવા, સહનશીલતા કે સમર્પણરૂપી દિવ્યસૌંદર્યની પ્રતિકૃતિ છે. અનંત વાત્સલ્યથી ભરપૂર નારી કવિવર રવિન્દ્રનાથની દૃષ્ટિએ આ સૃષ્ટિનું સર્વોત્તમ સર્જન છે. આ સૃષ્ટિમાં વાત્સલ્ય, પ્રેમ, મમતાની અમૃતધારાઓ નારીના હૃદયમાંથી નીકળીને સંસારને અમૃતમય બનાવે છે. કવિ રસ્કિને કહ્યું છે : માતાનું હૃદય પ્રેમથી ભરપૂર ઝરણું છે જે સૃષ્ટિના આરંભથી માંડીને સતત વહેતું રહીને માનવતાનું સિંચન કર્યા કરે છે.

નારીના અનેક રૂપો છે. ક્યાં રૂપમાં તેને જોઈએ તો તે પૂર્ણતઃ મળે ? આપણી સામાન્ય પરિસ્થિતિ પ્રમાણે નારીને ચાર રૂપોમાં વહેંચી શકાય : પુત્રી, પત્ની, માતા અને સાસુ. દરેક નારીને આ ચાર અવસ્થામાંથી પસાર થવાનું જ હોય છે. જે કોઈ નારી આ ધરતી પર પગ મૂકશે તો તે કોઈની પુત્રી હશે જ ! પુત્રી હશે તો કોઈની પત્ની પણ, ત્યારપછી માતા અને સાસુ પણ બનશે. આમાંથી પુત્રી તથા સાસુ પર નારીત્વનો બહુ બોજો નથી નાખી શકાતો કેમ કે પુત્રી અવસ્થામાં જવાબદારીનું ઝાઝું ભાન નથી હોતું. હા, સાસુ પર થોડો ઘણો બોજો નાખી શકાય અને તે છે જવાબદારીઓમાંથી મુક્ત થવાનો... કેમકે નારી જ્યારે સાસુ બને છે ત્યારે તેને અચાનક જ પ્રમોશન મળે છે અને હોદ્દામાં વધારો થતાં ઠાઠ થોડોક વધી જાય છે. ખરેખર તો સાસુનો હોદ્દો પ્રમોશન માટે નહિ પણ રીટાયર્ડ થવાનો છે. ટૂંકમાં, પત્ની અને માતા તરીકેની નારીની જવાબદારી એ તેની મુખ્ય જવાબદારી છે.

પવિત્રતા, પતિવ્રતા, સ્નેહ, સુખ અને સહનશીલતાના આગવા લક્ષણો ધરાવતી પત્ની એ સાક્ષાત્ લક્ષ્મી છે.

रक रेव निर्मला नारी पूजनीया सतां सदा !
यतोहि सेव लोकेडस्मित् साक्षात् लक्ष्मी मता बुधे !!

એજ નારીને જ્યારે સૌંદર્યનું કે સુખનું પ્રતિક ગણીને માત્ર સ્ત્રી તરીકે જોવામાં આવે ત્યારે કહેવાનું મન થાય છે કે - નારીને નીંદશો નહીં, નારી નરની ખાણ, નારીથી નર નીપજે, ધ્રુવ, પ્રહલાદ, લક્ષ્મણ રામ

'ગૃહિણી ગૃહમુચ્યતે' ને સાર્થક કરતી નારી એ મમતાની આદર્શ મૂર્તિ પણ છે. તેની વાત્સલ્યભાવના જોઈને જ તેના બાળકો કહે છે :

उसको नही देखा हमने, मगर उसकी जरुरत क्या होगी,
ओ मा, तेरी सूरत से अलग भगवान की सूरत क्या होगी ?

ખરેખર જનનીની જોડ અજોડ છે. જન્મ દેનારી મા ગોળથી ગળી અને સાકરથી પણ સવાઈ કહેવાઈ છે, તે ખોટું નથી. જળ, સ્થળ અને ગગન ત્રણેયમાં ભલે ફરો પણ જે હૂંફ અને હેત જનેતાનો ખોળો આપે છે તે ત્યાં / ક્યાંય નહીં મળે. નારી રે નારી, તું તો નારાયણી છો ને લોક કહે તને પારકી જણી. નારીની અપાર મમતા જોઈને કવિશ્રી મલબારીએ કહ્યું હતું કે - 'અર્પી દઉં સો જન્મ એવડું મા તુંજ લ્હેણું' ખરેખર નિઃસ્વાર્થ અને કલ્યાણકારી માતૃપ્રેમને ઉદ્દેશીને સાચું જ કહેવાય છે.

भगवान जो पलभर इन्सान बना होता,
अे मा तेरे कदमों में भगवान झुका होता !

આપણા દેશમાં એવા ઉત્તમ નારી રત્નો થઈ ગયા છે કે જે સુશીલતા, સહનશીલતા, પ્રેમભાવના, બુદ્ધિમતા કે તેજસ્વીતાના અખૂટ ભંડારો હોય. મહાકવિ વાલ્મીકિએ રામાયણમાં પતિવ્રતા સ્ત્રી તરીકેના પ્રેરક પાત્રનું સર્જન કર્યું, તો ત્યાગ અને સહનશીલતાની મૂર્તિ સમી ઊર્મિલાને પણ આપણે ભૂલી શકતા નથી. મહાભારતકાર વ્યાસે દ્રૌપદીના પાત્રનિરૂપણ દ્વારા નારીધર્મનો મહાન આદર્શ રજૂ કર્યો. હા, સીતા અને દ્રૌપદીમાં એટલો ફરક જરૂર હતો કે સીતા બધુ મૂંગે મોઢે સહન કરતી જ્યારે દ્રૌપદી દરેક જગ્યાએ પડકાર ઊભો કરતી. એ જ રીતે વિધિના લેખને મેખ મારનારી અને યમરાજ પાસેથી પોતાના પતિને પાછો લાવવામાં સફળ થનારી સતી સાવિત્રી કે ભારતના ઈતિહાસમાં ચમકેલી ઝાંસી રાની લક્ષ્મીબાઈ કે સુલતાના ચાંદબીબી વગેરે જેવી વિરાંગનાઓ- કુટુંબના હિતમાં આત્મસમર્પણ કરનારી નારી ક્યારેક રણચંડી બનવાની તાકાત પણ ધરાવે છે. તેનું ગૌરવવંતુ ઉદાહરણ પુરું પાડે છે.

ખરેખર નારી એ એવી શક્તિનો સ્તોત્ર છે, જેને બાહ્ય શસ્ત્રોની જરૂર નથી. જેની માત્ર કલ્પના કરતા સાનંદાનુભૂતિ થાય, દર્શન કરતાં સર્વકાર્યો સફળ થાય, જેની વાણીમાં મધુરપ હોય, જેના વર્તનમાં સૌજન્ય, સહનશીલતા, વાત્સલ્ય, લજ્જા, તેજસ્વિતા, દેશપ્રેમ કે કુટુંબ પ્રેમનો સાગર સદાય હિલોળા લઈને ઊમટ્યા કરતો હોય એવી આ નારી ખરેખર ઈશ્વરનું સર્વશ્રેષ્ઠ સર્જન છે.

# આ રહી 'સફળતા' - સાત સૂત્રોમાં...

સોની પ્રિન્સી 'મીરા' - નખત્રાણા

Success ! What is this ? આ એ બલા છે કે, દુનિયાની દરેક વ્યક્તિએ જેની પાછળ દોટ મૂકી છે, કેટલાક પાસ થાય છે, કેટલાક નાપાસ થાય છે અને મોટે ભાગે નાસીપાસ થઈ જાય છે.

નાસીપાસ થયેલા લોકોમાંથી ૫૦ ટકા લોકો પોતાની નિષ્ફળતા માટે અન્ય વ્યક્તિઓને દોષ આપે છે. અન્ય ૩૦ ટકા લોકો સમયને ખરાબ માને છે. ૧૫ ટકા લોકો ભગવાન કે કિસ્મતને જવાબદાર ગણે છે. માત્ર ૫ ટકા લોકો સંપૂર્ણપણે પોતાની ભૂલ સ્વીકારે છે. અને એનાથી ૩ ટકા લોકોએ ભૂલ સુધારી ખામીને ખૂબીમાં ટ્રાન્સફર કરી દે છે અને કંઈક કરી દેખાડે છે. જેને આપણે સફળ માનીએ છીએ.

પોતાની ભૂલ સ્વીકારનારા લોકો જરાય ખોટા નથી. કારણકે, એક નકરૂ સત્ય છે. You are only the creature of your own self. (આપણે જ પોતાની જાતના ઘડનારા છીએ.)

એટલે એક વાત તો માની શકાય કે, આપણી સાથે જે થયું, જે થઈ રહ્યું છે, અને જે થશે એ માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપણે પોતે જ જવાબદાર છીએ. કંઈ સારી કે ખરાબ ઘટના ઘટીત થાય એ આપણા ગુણો કે આપણી ભુલોનું પરિણામ છે, એ વાસ્તવિકતાનો અસ્વીકાર ન કરી શકીએ. એક સરસ વાક્ય દ્વારા કહું તો, ''જો આપની વાસ્તવિકતા કો સ્વીકાર કર લેતા હૈ, ઉસે કોઈ ચુનૌંતી નહિ દે સકતા.''

મિત્રો ! દરેક ભુલ આપણને જીંદગીનો નવો સોપાન શિખવવાનો પયગામ લઈને આવે છે. બસ તક ઝડપી લેતા આવડવું જોઈએ. તમે તમારા સાહસભર્યા ઉપડતા પગલાને દિલથી અનુમોદન આપવાની ક્ષમતા ધરાવો છો ? આ પ્રશ્નના જવાબ પર બધુ આધાર રાખે છે. જીવનના ખરાબ કે સારા કોઈ પણ પરિવર્તનને દીર્ઘ દ્રષ્ટીથી જુઓ, કેમકે દરેક પરિવર્તન એક નવી તક ઉભી કરે છે.

પણ હા ! તમે એ તકને શોધો. એમાં સલામતી નહિં કિનારે લાંગરેલ વહાણ ચોક્કસ સલામત હોય છે. પણ જો તે લાંગરેલું જ રહે તો, તેનું તળીયું કાટ ખાઈ જાય છે. આ મેટરને આનાથી વિશેષ સારી રીતે ન સમજાવી શકાય. પણ સફળતા માટે તક ઝડપવી પડે. માટે એક પર્સનલ સજેશન એ છે કે, દુનિયાને સાંભળવાની ટેવ કેળવવી. તક ક્યારેક ખૂબ જ દબાતા પગલે હળવેકથી ટકોરા મારે છે.

આપણા સર્જક એવા પરમાત્માએ આપમા મન અને વ્યક્તિત્વમાં ખૂબ જ શક્તિ અને શક્યતાઓ સુષુપ્ત રીતે ઠાંસી ઠાંસીને ભર્યા છે. સફળતાથી જીવવા માટેના બધા જ તત્વો કે વિચારો આપણા મન અને ચેતનામાં હાજર જ હોય છે. તેને વિકસાવાય તથા આકાર અપાય તેમજ તક અપાય ત્યારે એક પછી એક સફળ ઘટનાઓ આપમેળે જ સર્જાય છે. જો કે વખત તમારું મન નવા સ્તરે ઉર્ધ્વ ગતિ કરે છે, તો પછી તેના મૂળ સ્તરે કદી પાછું નથી ઉતરતું, પણ આ બધી પ્રોસેસમાં અણદેખી રીતે ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા ઈંધણનું કામ કરે છે. પ્રભુ પ્રત્યેનો વિશ્વાસ થકી ગાડી ઝડપી અને સારી રીતે ચાલશે.

તો આ બધી બાબતોનો ક્યાસ એ છે કે જ્યારે તમારી આશાઓ, સ્વપ્નાં કે ધ્યેયો નિષ્ફળ થાય ત્યારે ભંગાર ફંફોસશો તો તે વિનાશમાં છુપાયેલી સુવર્ણ તકો જોવા મળશે. અને અચૂકપણે એ સફળતા તરફ દોરી જશે.

હવે સફળતા વિશે પ્રોફેશનલી વાત કરું તો, ઈ-નેટ રિસર્ચ બાદ સફળતાના કેટલાક મુદ્દાઓ હાઈલાઈટ કરવાનું મન થયું. એ મુદ્દાઓને સાત સૂત્રોમાં કહેવા ઈચ્છું છું.

**1. Value + Vision + Attitude = Success**

**Value :** પોતાના કામ અને જવાબદારી પ્રત્યે ૧૦૦ ટકા નહિ ૧૦૦૦ ટકા ઈમાનદાર રહેવું. પોતાની અને સાથીદારોની કિંમત જાળવવી.

**Vision :** પૂ. મોરારીબાપુ દર વખતે પોકારી પોકારીને કહે છે બધા માટે ઉદાર દ્રષ્ટિ રાખો. ઈવન પોતાના માટે પણ. તેથી Be broadmind.

**Attitude :** આ સૌથી મહત્વની વસ્તુ છે, કારણકે, જ્યાં સુધી તમને પોતાને જ પોતાના પર ગર્વ નહિ હોય ત્યાં સુધી દુનિયા તમને ગર્વની દ્રષ્ટિથી જોશે જ નહિ. માટે બીજાથી કંઈક અલગ - કંઈક વિશેષ બનવાનો પ્રયત્ન કરવો. હા ! અહિં ઘણે અંશે બાહ્ય દેખાવનું મહત્વ છે. આપણે ભલે દેખાવમાં સારા ન લાગીએ, પણ સુઘડ તો લાગવા જ જોઈએ. આપણી પોતીકી ભાષામાં કહુ તો, બુસ્કોટ છોડિને ટી-શર્ટ અને બુટકટ પેન્ટ છોડીને સ્કીન ટાઈન જીન્સ અપનાવાય.

**2. Ability :** પોતાની સક્ષમતા શોધો. દરેક તત્વ પરમ તત્વનો અંશ છે. આ સૌંદર્યથી ભરપુર ગ્રહ પર ઈશ્વર દ્વારા સર્જાતું દરેક પ્રાણી એક ચોક્કસ કામ કરવા આવે છે. તો નિશ્ચિતપણે આપણામાં કંઈક વિશિષ્ટતા તો હશે જ.

પણ એ શોધવા પોતાની જાતને પ્રેસર આપવું જરૂરી છે. કેમ કે, સંકટના સમયે જ સર્જન શક્તિ ખીલે છે. એક બેસ્ટ એકઝામ્પલ છે. કોઈ વ્યક્તિને ૪ કે ૫ ફુટનો કૂદકો મારવાનું અમસ્તુ કહેવામાં આવે તો કદાચ એ વાતને નહિ ગણકારે. પણ જો એ વ્યક્તિની સામે ભૂખ્યો સિંહ ઉભો હશે તો બચવા માટે

એ ગમે તેટલો મોટો કૂદકો મારવા તૈયાર થઈ જશે. આમેય બાફેલા બટેટા જ ખાવા કામ લાગે, એમ વ્યક્તિ દુઃખરૂપી વરાળમાં બફાયા બાદ જ સોળે કળાએ ખીલી શકે.

3. Desire the Goal : પોતાનો ધ્યેય નિશ્ચિત કરો, જેમ બેલેન્સ અને બેટરી વગરનો મોબાઈલ કંઈ કામનો નથી, એમ ધ્યેય વગરનું જીવન પોતાને કે બીજાને કંઈ ઉપયોગી થઈ શકતું નથી. પણ હા ! ધ્યેય નક્કી કરતી વખતે ધ્યાન રાખવું જરૂરી છે કે, એ સાત્વિક હોય, જો એ સાત્વિક હશે તો, ઈશ્વરની અતુલ્ય ઊર્જા એ ધ્યેયને સિદ્ધ કરવામાં ચોક્કસ કામે લાગી જશે.

4. Not only positive thinking, That get positive Action. : ધારો કે, કોઈ ખેડૂતને પોતાના પાકની નિષ્ફળતા વિશે પૂછવામાં આવે તો, એ સ્વીકાર કરે કે આ વખતે બધુ જ બરાબર હતું. પણ મારી બેદરકારીને લીધે ઈયળોએ પાકનો નાશ કર્યો. આમાં પોઝીટીવ પોઈન્ટ એ છે કે, એણે પોતાની ભૂલનો સ્વીકાર કર્યો. પણ ફક્ત એટલું જ પુરતું નથી. પોઝીટીવ વિચાર્યા કે સ્વીકાર્યા બાદ પોઝીટીવ એક્શન લેવા જરૂરી છે. તો જ સફળ થવાય. પણ મિત્રો ! સફળતા શ્રમ તો માગે જ છે. માટે એ મેન્ટાલીટી, ક્યારેય ન છોડી શકીએ કે, ...

5. Will power + Skill = Sucess : વીલ પાવર એટલે ઈચ્છાશક્તિ અને સ્કીલ એટલે આવડત. આપણી આવડતને અદમ્ય ઈચ્છાશક્તિ સાથે કનેક્ટ કરી દઈએ તો સફળતા આપણા ડાબા હાથનો ખેલ છે. સ્વામી વિવેકાનંદજીએ કહ્યું છે ને, માનવીની ઈચ્છાશક્તિ બ્રહ્માંડની સર્વશક્તિથી મોટી છે.

6. Don't give up / Don't quit. કોઈ પણ પરિસ્થિતિમાં ધ્યેયને છોડી ન દેવું. ઈશ્વર અને ધ્યેય પ્રત્યે તેમજ સ્વ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા રાખવી. શ્રદ્ધાની મદદથી નસીબ પણ બદલી શકાય છે.

જો આપણે આપણી જાતને બદલવા માગીએ જ છીએ તો શા માટે બાહ્ય પરિબળોને ધ્યાનમાં લેવા ? આપણી સારી રીતે જાણીએ છીએ, 'કુછ તો લોગ કહેંગે, લોગો કા કામ હૈ કહેના. તબ ભી જબ હમ કુછ કરેંગે, ઔર તબ ભી જબ હમ કુછ નહિં કરેંગે.'

દુનિયાને વટથી કહો : ઈશ્વરના બાળક તરીકે મારી સાથે જે કંઈ બને તેના કરતા, તેના લીધે હું મહાન છું.

7. Remove jealousy and sell ability.

'કદાચ વિશ્વના સર્જનથી અત્યાર સુધીની નાની કે મોટી લડાઈ ૯૯.૯૯% jealousy ને લીધે થઈ છે.' આ વાક્ય મેં ક્યાંક વાંચેલું. કહેવાય છે ને, 'આગના દાઝ્યાની દવા થાય. પણ અદેખાઈના દાઝ્યાની કોઈ દવા નથી.' અને નવાઈની વાત તો એ છે કે, jealousy ને લીધે લોકો આજકાલ કાવતરા કે Black magic નો સહારો લેતા પણ અચકાતા નથી.

હા ! અદેખાઈ એ સહજ ભાવ છે, એટલે સંપૂર્ણપણે ડિસ્ટ્રોય કરવું અશક્ય છે, પણ નહિવત્ તો કરી જ શકાય.

ત્યારબાદ સૌ સાથે હળીમળીને, એક થઈને રહેવાનો પ્રયત્ન કરીએ અને આપણી ક્ષમતાને વહેંચતા થઈએ. બીજાને ઉપયોગી થઈએ.

''જરૂરી નહિં કી, સજદે કો હરવક્ત,
ઔર ઉસમેં ખુદા કા નામ આયે,
જીંદગી તો ખુદ કી એક ઈબાદત હૈ,
શર્ત યે હૈ કી યે કિસી તે કામ આયે....''

---

'મીરાં' ના હૈયામાં સીરધર છે અકબંધ
એને 'ને' 'શ્રી હરિ' ને હેતના સંબંધ.
સમય તો એની ચાલમાં જ ચાલે છે,
ભક્તિને ભાવની ખોટ ચાલે છે,
ખુલવાની આદત તો દ્વારને હોય છે,
'ને તું દિવાલને ટકોરા મારે છે...

## શોકાંજલી



તા. ૨-૮-૨૦૧૪ ને શનિવારના રોજ અંજારના શ્રી અમૃતલાલભાઈ વેલજી બારમેડાનું ૭૫ ની વયે પાકટ વયે અવસાન થયું. સ્વ. અમૃતલાલભાઈ, સેતુ પરિવારના સક્રિય સહયોગી અંજાર જ્ઞાતિ મહિલામંડળ તેમજ સત્સંગ મંડળના સક્રિય અગ્રણી કાર્યકર્તા શાંતાબેનના પતિ થાય. સેતુના સ્થાપક સભ્ય તેમજ હાલે ભુજમાં રહેતા 'સેતુ'ના સક્રિય સહયોગી શૈલેષભાઈ કંસારા જેઓ શ્રી કચ્છના લોકપ્રિય દૈનિક અખબાર 'કચ્છમિત્ર' ના જનરલ મેનેજર છે, તેમના શ્વસુર થાય. સદ્‌ગતિ બહોળા પરિવાર - સગા સ્નેહીઓને એમની ખોટ સહન કરવાની શક્તિ આપે તેવી 'સેતુ પરિવાર' પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે, તેમજ દિલસોજી પાઠવે છે. – 'સેતુ પરિવાર'

# नारी

જ્યોત્સના રાજેશ બુદ્ધભટ્ટી-ભુજ

नारी के रुप में जो आज यह जीवन हमें मिला है, इस जीवन को अमृत और जहर के समान पिना ही पड़ेगा कहते है कि ....

नारी का जीवन दुःखो और सुखो से गिरा हुआ रहेता है, फिर भी नारी सारे जहाँ की गरिमा गर्व अभिमान सम्मान है । नारी के कई रुप होते है ।

दादी के रुप में, साँस के रुप में, माँ के रुप में, भाभी के रुप में, चाची, माँसी कितने रुपों में पाई जाते है ।

आज भी ऐसे कितने गाँव और शहरों में नारी के साथ अत्याचार होते है । कुछ नारीयाँ ऐसे भी होते है । दुसरो के घर को उझाड देती है । अपने षडयंत्रो से परिवार में समाज को बिखेर देती है । एक तरफ नारी जो घर संसार को संवारती है । नारी अपने ममता से, प्रेम से, स्नेह, से घर परिवारो से मिलझूल कर रहेते है । परिवार में अपने पन का ऐहसास भी होता है । आज भी नारी मुसिबतों का डट के सामना कर सकती है । समाज की उन्नति देश की उन्नति के लिए नारी को आगे आना ही होगा, कदम आगे बढ़ाने होंगे । नारी के विषय में कविता के रुप में दो-चार लाईन ....

नारी तेरी पही कहानी, थोडा जीवन थोडा पानी
कभी धूप कभी छाँव, नारी तेरी यहि कहानी ।
कभी दुःख कभी सुख, कभी अमृत कभी विष
नारी तेरी यही कहानी ॥

सही कहते है की नारी की शक्ति की कोई सीमा नहि है, उसकी शक्ति अपार है, नारी चाहे तो जेहर को अमृत भी बना सकती है, और अमृत को जहर भी ।

नारी अपने में बदलाव ला सकती है, बदलाव आने से परिवार में एकता और समाज में बदलाव, समाज में बदलाव आने से देश की उन्नति में भी बदलाव ला सकती है । इसलिए कहते है नारी अपने शक्ति से, त्याग से, प्रेम से सारे विश्व में बदलाव ला सकती है ।



# સંબંધ સાસુ-વહુનો

બારમેડા ગીતા કે. - ભુજ

સાસરિયામાં સાસુનું પાત્ર એ ખૂબ જ મહત્વનું છે. ભૂતકાળની સામાજિક પરિસ્થિતિઓને કારણે સાસુનું પાત્ર જે રીતે ઉભરી આવે છે તે રીતે સાસુ જાણે વહુને માટે દુશ્મન જ હોય. કોઈ પણ યુવતી સાસરે જાય તે પહેલા જ પ્રવર્તમાન વાતોને કારણે તેના મનમાં સાસુનો 'હાઉ' બેસી જાય છે. સાસુ સાથે પનારો પાડવો એટલે જાણે શ્વાસ અધ્ધર થઈ જાય, કોણ જાણે કેમ ?? પરંતુ હવે સામાજિક પરિસ્થિતિઓ સમય સાથે બદલાઈ છે, ને સાથે સાસુ વહુના સંબંધો પણ.

સાસુ તો સાસરિયાનું એવું પાત્ર છે જે નવી પરણીને આવેલી યુવતિને પોતાના ઘરના વાતાવરણથી કુટુંબના સભ્યોથી, રીત-રિવાજોથી પરિચિત કરાવે છે અને સાસુ ઘરમાં હોય તો યુવતી જે નવી જ વહુ બની છે તેના માથે બધી જવાબદારીઓ આવી જતી નથી. સુખ હોય કે દુઃખ સાસુ પડખે રહે છે. પતિ જ્યારે Buzy (બીઝી) હોય અને બહુ વાત ન થઈ શકતી હોય ત્યારે સાસુ જોડે વાત કરી સમસ્યાનું નિવારણ લાવી શકાય છે.

આજે વહુ એ પતિ સાથે ફરવા જવા માટે, શોપિંગ જવા માટે, તેમજ જોબ માટે પણ સમય ફાળી શકે છે. કેમ કે પહેલાની જેમ હવે સાસુ વહુ પાસે સતત કામની અપેક્ષા રાખ્યા વગર પોતે તેની મદદ કરે છે. તે ઘર કામની સાથે વહુને અન્ય રીતે પણ સપોર્ટ કરે છે. જેથી વહુ પોતાનું કાર્ય સરળતાથી કરી શકે. તેમજ જો બાળકો હોય તો તેના લાલન-પાલનની જવાબદારી પણ સાસુ સંભાળી લે છે. તેથી મોટાભાગની જવાબદારીથી વહુને નાની ઉંમરે મુક્તિ મળે છે.

બાકી, તો વહુને જવાબદારી સમય સાથે સંભાળવાની જ હોય પરંતુ સમય પહેલા વહુને સાસુ ન બની જવું પડે (સાસુની જવાબદારી ન સંભાળવી પડે) તે માટે સાસુનું હોવું ખૂબ જરૂરી છે જે યુવતીઓ પરણ્યા પહેલા જ સાસુથી અલગ રહેવાના સપના સેવતી હોય છે. તેણે સાસુના પાત્રનું મહત્વ સમજવું જોઈએ અને સાસુએ પણ વહુને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો આ બંને પાત્રો દ્વારા સમજદારી દાખવવામાં આવે તો સાસુ - મા અને વહુ - દિકરી બની જાય છે અને આ મધુર નિરાળો સંબંધ કુટુંબ અને સમાજને નવી દિશામાં લઈ જઈ શકે છે.

કોઈ પણ સિક્કાની બે બાજુ હોય છે. તેમ કોઈ પણ પાત્રના સારા અને નરસા એમ બે પાસા હોય છે. સાસુના પાત્રમાં રહેલી સારપ અને સમજી એ તો સમજાશે કે સાસુ એ વહુ, માટે એક મિત્રની ગરજ સારે છે.

## મીતાસ કોર્નર

મીતા નિતીન સોલંકી

લાગણીને ક્યાં પાળ હોય છે ?

એ ઢળી પડે છે જ્યાં ઢાળ હોય છે.. !!

હેપી મોન્સુન મિત્રો, ચોમાસાની ઋતુ મારી પ્રિય ઋતુ છે. વરસતા વરસાદનો અવાજ... વરસાદ પડ્યા પછીનો સ્વચ્છ આકાશ.. ઘરની ખુલ્લી બારીમાંથી આવતી બોછાર... ખીલેલી સંધ્યા મેઘધનુષ ... કોણ જાણે કેમ વરસાદ વરસી રહ્યો હોય ત્યારે ખૂબ જ ખુશી કેમ અનુભવાય છે ! બધું કામકાજ છોડી કુદરતની આ લાગણી આકાશમાંથી વરસતી હોય તેને ઝીલવું ગમે છે.

દોસ્તો.... વરસાદના પાણી જ્યાં ઢાળ મળે ત્યાં વહી જતો જોવા મળે છે.. પાણી અને લાગણીનો આ સ્વભાવ છે. જ્યાં ઢાળ હોય ત્યાં ઢળી પડે છે. પ્રેમ, નફરત, વ્યથા, આંસુ, લાગણી ઉત્કટતા જેવા ઉચ્ચત્તમ માનવીય ભાવોને કવિહૃદય વાચા આપી કવિતાનું અદ્ભુત સર્જન આ ઋતુમાં જ થતું હોય છે.

મનુષ્ય જીવનમાં લાગણી કે પ્રેમનું મહત્વ કેટલું ? લાગણીશીલ વ્યક્તિ હોવું એક કળિયુગમાં શ્રાપ છે ? લાગણીની વ્યથા માણતા લોકોને શા માટે તરંગી કે ધૂની સમજવામાં આવે છે ?

જમાનો સ્માર્ટ અને પ્રેકટીકલ બનવાની સલાહ આપે છે, માત્ર લાગણીના આધારે જીવન નથી જીવાતુ. એક બીજા પ્રત્યેની મનુષ્યોની લાગણી જ જીવન જીવવાનું બળ આપે છે. મનુષ્યને ઝીંદાદીલ બનાવે છે. ખરાબર ઢાળ પર જો આ લાગણી ઢળી જાય તો તે જેમ તારે છે એમ મારે પણ છે !?

આજે મનુષ્ય જાતિ દરેક પરિસ્થિતિમાં લોજીક વાપરતો થઈ ગયો છે. એને લાગણી માફક નથી આવતી ! લાગણી સામે લાગણી મળે તો પરમ સુખનો અનુભવ થાય પરંતુ, કળિયુગમાં આનાથી વિપરીત થતું જોવા મળે છે. લાગણી અને પ્રેમ સામે લુચ્ચાઈ અને નફરત ભારોભાર ચાલે છે.

આંસુ અને લાગણી કોઈની હાજરીની શેહશરમ રાખતા નથી ! મનસ્વીપણે વહેવું એનો સ્વભાવ છે ! લોકો અત્યારે ભલે લાગણીથી કોરા અને ધનપ્રેમી થઈ ગયા છે. ભલે બુદ્ધિ અને લોજીકની ધારે જીવતો છે લાગણી અને પ્રેમ વગર મનુષ્ય અધૂરો છે. ઈમોશન અને ફીલીંગ જેવા શબ્દોની રમત અત્યારે વધુ ચાલે છે. ભાવ, આવેગ, સંવેદના, વાત્સલ્ય જેવા શબ્દો ઓછા વપરાય છે.

હર્ષના આંસુ, લાગણીના આંસુ જેવા ભાવ ઝટ જોવા નથી મળતા કોઈની સામે રડવું હવે અવ્યવહારુ લાગવા માંડ્યુ છે ! વધુ પડતા મોર્ડન જ્ઞાની થઈ નોલેજ વધાર્યું છે લાગણી દબાઈ ગઈ છે.. લાગણી તો લાગણી છે. પ્રેમ છે શુદ્ધ કે અશુદ્ધમાંની પંચાતમાં ન પડવું. શંકાઓ કરીને શંકાની સ્થાપના ન કરવી કુદરતે તમને ખ્યાલ આવી જાસે કે લાગણી સાચી છે કે બનાવટી ?

લાગણી જેવું કોઈ ઈમોશન્સ નથી જે તારે છે અને મારે છે. પ્રેમ અને વિશ્વાસ થકી આ જગત ચાલે છે... તો આ ચોમાસાની ઋતુમાં થઈએ તરી તાજા થઈએ અને માણો કુદરતની આ અદ્ભુત ભેટને માણીએ...

## મહિલા સેલ

## મેરેજ બ્યુરો

....

**રજી નં. ૧૬૦ : યુવક :** અટક અંજારીયા, ઉંમર ૨૬, અભ્યાસ - ધો. ૧૨, ઊંચાઈ - ૫.૭, વજન - ૭૦, વ્યવસાય - બીઝનેસ, માસિક આવક - ૪૦,૦૦૦, કુંવારા

**રજી નં. ૧૬૧ : યુવતી :** અટક બગ્ગા, ઉંમર ૩૨, અભ્યાસ - બી.કોમ., ઊંચાઈ - ૫.૫, વજન - ૬૮, વ્યવસાય - , માસિક આવક - , કુંવારા

**રજી નં. ૧૬૨ : યુવક :** અટક પોમલ, ઉંમર ૩૭, અભ્યાસ - ધો.૧૦, ઊંચાઈ - ૫, વજન - ૬૫, વ્યવસાય - લેડીસ ટેલર, માસિક આવક - ૨૦,૦૦૦, કુંવારા

**રજી નં. ૧૬૩ : યુવક :** અટક પોમલ, ઉંમર ૪૦, અભ્યાસ - બી.કોમ., ઊંચાઈ - ૫.૨, વજન - ૬૮, વ્યવસાય - લેડીસ ટેલર, માસિક આવક - ૨૦,૦૦૦, કુંવારા

**રજી નં. ૧૬૪ : યુવક :** અટક સોલંકી, ઉંમર ૩૭, અભ્યાસ - બી.કોમ., ઊંચાઈ - ૪, વજન - ૫૫, વ્યવસાય - ટેક્સ કન્સલ્ટન્ટ નોકરી, માસિક આવક - ૪૦૦૦, કુંવારા

**રજી નં. ૧૬૫ : યુવક :** અટક પરમાર, ઉંમર ૨૬, અભ્યાસ - ૧૦ આઈટીઆઈ, ઊંચાઈ - ૫.૯, વજન - ૫૫, વ્યવસાય - સાડી બીઝનેસ, માસિક આવક - ૧૮૦૦૦, કુંવારા (સગપણ ફોક થયેલ છે)

**રજી નં. ૧૬૬ : યુવક :** અટક છત્રાળા, ઉંમર ૫૨, અભ્યાસ - ૨, ઊંચાઈ - ૫.૪, વજન - ૬૫, વ્યવસાય - ચાની હોટલ, માસિક આવક - ૧૫૦૦૦, છુટાછેડા

**સંપર્ક : શ્રીમતી લત્તાબેન આઈ સોલંકી. અંજાળિયા ફળિયા, કંસારા બજાર-ભુજ. મો. ૯૭૨૫૩૨૦૪૪૪**

**વ્યક્તિ વિશેષ**

# પ્રજ્ઞાચક્ષુ શિક્ષકની જીવની

**બાબુલાલ રવજી સાકરીયા - પ્રમુખ નલીયા મારૂ કંસારા સોની જ્ઞાતિ**



લક્ષ્મીદાસ માધવજી સોની, તેમનો જન્મ નખત્રાણા તાલુકાના રતડિયા ગામમાં તા. ૩૦-૭-૧૯૫૬ના રોજ થયો હતો. બાળપણમાં કુદરતનો પ્રકોપ થતા શીતળાના રોગને કારણે માત્ર ૨ વર્ષની ઉંમરે તેમણે પોતાની બંને આંખોની રોશની ગુમાવી. ગરીબ માતા-પિતા અને ભાઈ-બહેન ખૂબ જ કાળજીવી, સહાનુભૂતિપૂર્વક તેમનો ઉછેર કર્યો. તેમણે ભુજ અને અમદાવાદની શાળામાં બ્રેલલિપીમાં અભ્યાસ કરી એસ.એસ.સી. અને સંગીત શિક્ષા વિશારદની પરીક્ષા પાસ કરી. તા. ૧૦-૧૧-૧૯૭૬ના રોજ તેઓ નલીયાની સરકારી પ્રાથમિક શાળામાં સંગીત શિક્ષક તરીકે નોકરીમાં જોડાયા. તેઓ ૧૯૮૭માં લગ્નગ્રંથીથી જોડાયા. તેમને ત્રણ પુત્રીઓ છે. ૧૯૮૦માં તેમણે નલિયામાં સરકાર માન્ય સંગીત પરીક્ષા કેન્દ્ર શરૂ કર્યું. જેમાં નલીયાના અને આસપાસના ગામોના ઘણા ભાઈ-બહેનોએ સંગીતની તાલીમ લીધી. ૨૬ વિદ્યાર્થીઓએ વિશારદની પદ્‌વી મેળવી.

૧૯૯૨ થી ૨૦૦૧ સુધી તેઓએ આકાશવાણી ભુજની સલાહકાર સમિતિમાં અને ઓડિશન કમિટિમાં સેવા આપી. તા. ૩૧-૭-૨૦૧૪ના તેઓ નોકરીમાંથી નિવૃત્ત થતા નલીયાના પ્રાથમિક શાળા નં. ૨ અને સ્કૂલ મેનેજમેન્ટ કમિટી દ્વારા તા. ૧૫-૮-૨૦૧૪ રોજ તેમનો વિદ્યમમાન કાર્યક્રમ રાખવામાં આવ્યો જેમાં સોની સમાજનાં બાબુલાલ રવજી સોની, દિપક ગોવિંદજી સોની, જયંતિલાલ જેઠાલાલ સોની, પરેશ માવજીભાઈ સોની, કંસારા નરેન્દ્રકુમાર હંસરાજભાઈ કંસારા ધર્મેન્દ્રભાઈ હંસરાજભાઈ, કંસારા મનસુખ ડુંગરશીભાઈ, સોની રવિનકુમાર ત્રિકમદાસ તેમજ સમારંભના દાતાશ્રી દિનેશભાઈ રામજીભાઈ ચાંન્દ્રા, ભા. આશારીયાભાઈ લાલજી અને મુસ્લિમ સમાજ, જાડેજા ભાયાત અને અબોટી સમાજના ભાઈઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, અગ્રગણ્ય નાગરીકો અને વિવિધ સમાજ દ્વારા સ્મૃતિ ચિહ્‌ન આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

ગમે તેવી મુશ્કેલીમાં પણ માણસ ધીરજ અને દિલથી મહેનત કરે તો પોતાના જીવનને ઉજ્જવળ બનાવી શકે. લક્ષ્મીદાસભાઈએ આભાર માનતા વડીલ શ્રી જેઠાલાલભાઈ રાઘવજી સોનીને ખાસ યાદ કરતાં કહ્યું કે, જ્યારે ૧૯૭૬માં નલીયામાં સૌ પ્રથમ તેમનો સાથ અને સહકાર મળેલ. જે અવિસ્મરણીય રહેશે. નિવૃત્તિ સમારંભના દાતા તથા દરેક સમાજના અગ્રણીઓનો હૃદય પૂર્વક આભાર માન્યો હતો. મહેમાનોનું સ્વાગત તેમજ આવકાર શાળા આચાર્ય બી. એલ. ભદ્રા સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન તેમજ આભાર વિધિ મ.શિ. કે.ડી. મહેશ્વરી દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાને સ્મૃતિરૂપે રૂ. ૬૫,૦૦૦ નો પ્રિન્ટર ભેટ આપેલ.

**જ્ઞાતિ સમાચાર**

# મહિલા મંડળ-મુંબઈ

**નીશા સોની-મુંબઈ**

Here is some important detail of our Mumbai Mahila Mandal

started in year 2008. We have many difficulties to gether because of long distance and transportation then also we conduct the meeting every month at different places with different themes. We do many kind of activities & celebrating all festivals and events( like women's day, mother's day & holi celebration ,differents type games, picnic and compitions like west out best, pickle making, personal talent elc.....).

**Postal Address :** B-4, Raj Mayur, S. L. Road, Mulund (w). Contact Nisha-09172132459 Veena - 09820773222

**Kamiti as following** - Pramukh - Veenaben Bagga

Uppramukh - Kaminiben Bijlani

Mantri - Susmaben Barmeda

Sahmantri - Sangitaben Budhbhatti

Khajanchi - Manglaben Maicha, Alkaben Budhbhatti

Sahkhajanchi - Heenaben Kotadiya

Sanskrutic Kamiti - Nishaben Sakaria

Picnic Kamiti - Shobhanaben Solanki, Bhartiben



Susmaben Barmeda



Heenaben Kotadiya



Nishaben Sakaria



Kaminiben Bijlani



Veenaben Bagga



Alkaben Budhbhatti

# શબ્દ બાગ

લત્તા સોલંકી

બાળ મિત્રો, આપણા અંજારના મિત્રશ્રી છત્રાળા મહેશકુમા તુલસીદાસે આપના નામે પત્ર લખ્યો છે. જે અત્રે યથાતથ પ્રકાશીત છે. આશા છે, આપ સહુ એમના સૂચનો ધ્યાન લેશો. – **લત્તા સોલંકી**

વિદ્યાર્થી મિત્રો,

સમાજના કાર્યક્રમમાં અચૂક હાજરી આપીએ

પોષ સુદ, ચૌદસના દિવસે અંજાર ખાતે 'શ્રી મહાકાલી માતાજીનો પાટોત્સવ' ની ઉજવણી કરેલ, સવારના રવાડી, મહાઆરતી, બપોરે મહાપ્રસાદ, આજે 'સરસ્વતી સન્માન સમારંભ' અને ત્યાર પછી ભોજન, ઘણા દિવસોની મહેનત પછી આવા કાર્યક્રમો થતા હોય છે. તેમાં દરેક જ્ઞાતિજનને સમયસર હાજર રહેવું જરૂરી છે.

માટે જે વાત કરવી છે તે વિદ્યાર્થીઓ માટેની છે. આખા વર્ષની મહેનતને પ્રોત્સાહિત કરવા માટે 'સરસ્વતી સન્માન'નું આયોજન થાય છે. ધો. ૧ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓને સ્ટેજ પર ૧, ૨, ૩ નંબરમાં ઈનામ આપવામાં આવે છે. સ્ટેજ પર ઈનામ મળવું એ ગૌરવની વાત છે. આપણી મહેનતની સાચી કદર છે.

વિદ્યાર્થીઓને ઈનામ આપવા, શાબાશી આપવા આ વખતે સર્વ શ્રી રાજુભાઈ, શીવલાલભાઈ, ભરતભાઈ બગ્ગા (નખત્રાણા), ભરતભાઈ (માધાપર), હીરાલાલભાઈ (નખત્રાણા) વગેરે જ્ઞાતિના અગ્રણી હાજર હતા. ધો. ૧ ના પ્રથમ નંબરની જાહેરાત થઈ વિદ્યાર્થી હાજર નહી, ધો. ૨ના ૨ નંબરની જાહેરાત થઈ પણ વિદ્યાર્થી હાજર નહીં. ધો. ૩, ૪, ૫, ૬ કે કોલેજ સુધી દરેક ધોરણમાં એક-બે વિદ્યાર્થી હાજર નહીં આવું કેમ ?

વિદ્યાર્થી મિત્રો, આવું સરસ આયોજન આપણા માટે જ થાય છે. જ્ઞાતિના અગ્રણી આપણને ઈનામ આપી પ્રોત્સાહીત કરવા માંગે છે. પણ આપણી કમનસીબી છે કે આપણે હાજર રહેતા નથી. અરે ! ઈનામ આપનાર ક્યારેક નિરાશ થઈ જાય છે. બહાર ગામથી આવેલા અને સ્ટેજ પર તેમના હસ્તે ઈનામ આપવાનું થાય પણ મેળવનાર હાજર ન હોય તો ? તેથી વિદ્યાર્થી મિત્રો, આપણે અગાઉથી માહિતી મેળવી ઈનામ વિતરણ સમયે સ્ટેજની બાજુમાં બેસીને જેથી નામ બોલાય તો ઝડપથી ઈનામ લઈ શકાય સ્ટેજ પર જવાનો અવસર ન ચૂકીએ. સમાજ આપણને ઓળખે, આપણે સમાજને ઓળખીએ. સમાજ આપણી કદર કરે અને આપણે સમાજની કદર કરીએ.

નોંધ : કંઈ અયોગ્ય લખાયું હોય તો ક્ષમા.

## છમ છૂ પેલો પુડલો

ચંદુએ ભૂંગામાં પગ મૂક્યો. ચાંદીના બારણા પર નકશીકામ કરેલ, ભીતો પર શીલ્પાકૃતિઓ કોતરેલ હતી. દરેક શીલ્પ હીરા માણેક સોનાથી શણગારેલા હતા. હીરામા ઝગમગાટથી આખો ઓરડો દીપી રહ્યો હતો. ચંદુની આંખો અંજાઈ જતી'તી. ચંદુએ વારંવાર આંખો ચોળી બધુ જ સ્પષ્ટ હતું. ગોળ ભૂંગાની ભીંતો પરના શિલ્પો તેની સાથે વાતો કરવા લાગ્યા. તે દરેક શીલ્પને પ્રેમથી સ્પર્શતી અને જોતી રહી. આવા જ એક મોટા શીલ્પને સ્પર્શવા અચાનક જમીન પર એક બારણું ખૂલ્યૂં. તે ગભરાઈ ગઈ પણ તેણે હિંમત એકઠી કરી બારણા તરફ પગ ઉપાડ્યા બારણા પાસે ગઈ તો ત્યાં તેને પગથિયા દેખાયા. ચંદુ બે પગલા પાછળ ખસી એને કેટલાય વિચાર આવી ગયા. તેથોડી વાર ચુપચાપ બેસી રહી. સોનાના માટલામાંથી ચાંદીના ગ્લામાં પાણી ભરી પીધું. સ્વસ્થતા મેળવી તે ફરી જમીન પર ખુલેલા દરવાજાના પગથિયા પ્રભુ સ્મરણ કરતી ઉતરવા લાગી. ચંદુએ જોયું કે ભૂંગા નીચે ખૂબ મોટું મકાન હતું. સાત ઓરડા ઓસરી રસોડું તેણે પહેલો ઓરડો ખોલ્યો એની આંખો અંજાઈ ગઈ. ઓરડામાં રંગબેરંગી કિંમતી વસ્ત્રો પર સોના ચાંદીના તાર વડે ભરતકામ કરેલ હતું. સાચા મોતી હીરા માણેકથી વસ્ત્રો ઝગમગી રહ્યા'તા. ચંદુએ એક વસ્ત્ર હાથમાં લીધું જાણે તેના માપનું જ હોય એવું લાગ્યું ચંદુએ બીજો ઓરડો ખોલ્યો. બીજા ઓરડામાં સોના ચાંદીના વાસણો હતા. થાળી, વાટકા, તપેલા, ચમચા બધા વાસણોના ચળકાટથી ઓરડો ઝળાહળા થઈ રહ્યો હતો. ચંદુએ ત્રીજો ઓરડો ખોલ્યો. ત્રીજો ઓરડો આભૂષણોથી ભરેલો હતો. સોના-ચાંદીના દાગીનામાં હીરા મોતીથી જડેલા હતા. ગ્રહોના નંગ અને હીરાનો ચળકાટ દાગીનાની શોભામાં અભિવૃદ્ધિ કરતા હતા. ચંદુએ પ્રેમથી બધા દાગીના પર હાથ ફેરવ્યો. ચંદુને મા યાદ આવી ગઈ. મા હંમેશા રૂદ્રાક્ષ એક જ રૂદ્રાક્ષ પરોવેલ કાળો દોરો જ પહેરતી. સોનાની ક્યાં વાત કરવી જ્યાં રોજ પેટ પુરતું ભોજન માંડ માંડ મળતું. ચંદુની આંખમાં આંસુ આવી ગયા. ચંદુએ ચોથો ઓરડો ખોલ્યો. ચોથો ઓરડો અનાજનો કોઠાર હતો. ચાંદીની કોઠીઓમાં અનાજ ભર્યું હતું. ટંક ટંકનું અનાજ મેળવતા કુટુંબની એ દીકરી અનાજના ભંડાર જોઈ ખુશ થઈ. પાંચમો, છઠ્ઠો અને સાતમો ઓરડો શયનખંડ હતા.

જેમાં કીંમતી રાચરચીલું અને ઉત્તમ કક્ષાનું ફર્નીચર હતું. ચંદનના લાકડાના પલંગ પર રેશમી ગાદલા રજાઈ ચાદર પાથરેલા હતા. ભીની ભીની ખુશ્બુથી ઓરડા મહેંકી રહ્યા હતા. શીતળતા તન-મનને પ્રફુલ્લીત કરતી હતી. ચંદુ સુંદર નકશી કરેલા પલંગ પર બેઠી પણ તરત જ ઉભી થઈ ગઈ. એણે એક દૃષ્ટિ પોતાના કપડા પર કરી સામે જ આદમ કદ આરીસામાં મોતાને જોઈ એનું હૈયું ભરાઈ આવ્યું. ચંદુ ખૂબ થાકેલી હતી. ચંદુએ સુગંધીત પાણીથી સ્નાન કર્યું. રસોડામાં ગઈ જોયું તો ટેબલ પર છપ્પન ભોગના થાળ સજાવેલા હતા. ભૂખ પણ લાગી હતી. એણે એક થાળીમાં સાદુ ભોજન પીરસ્યું મા યાદ આવતી રહી બાપા યાદ આવ્યા. ઘર યાદ આવતું હતું. ચંદુને થયું આટઆટલો વૈભવ માતા-પિતા, ભાઈ-બહેનો વગર સાવ નકામો છે. થાકેલી ચંદુ પાછી ઉપર આવી અને ભૂંગાનો દરવાજો બંધ કરી રેશમી ગોદડી પર સુતી આજે જે જોયું તેના પર એને હજુ પણ વિશ્વાસ બેસતો ન'તો.

સવારે ચંદુ ઊઠી નાહી ધોઈ તૈયાર થઈ. ભૂંગામાંથી બહાર આવી. છ એ બહેનો પણ બહાર આવી. બહેનોએ કીંમતી વસ્ત્રો મોંઘા આભૂષણો પહેરી રાખ્યા હતા. બહેનો ચંદુનેઘેર વળી અને પોતપોતાના ઘરમાં રહેલી સઘળી વસ્તુઓનું વિશે હરખઘેલી થઈ વર્ણન કરવા લાગી. પણ ચંદુ તો ચુપચાપ ઊભી રહી. બધી બહેનોએ ચંદુને પોતપોતાનું ઘર બતાવ્યું અને પૂછ્યું, તારા ભૂંગામાં શું છે કહે પછી પોતે જ બોલી ભૂંગામાં શું હોય ? કશું પણ નહીં હોય ચાલ થોડું જમી લે. પછી રમીએ. ચંદુ સમજી ગઈ હતી કે જો એ પોતાનો ભૂંગો બતાવવા લઈ જશે તો તેને બહાર ખૂલામાં પડ્યા રહેવું પડશે. ચંદુએ ચૂપચાપ થોડું જમી લીધું અને રમવામાં ધ્યાન પરોવ્યું. પણ એનું મન એની મા-બાપ અને ઘરને યાદ કરતું હતું.

ચાર-પાંચ દિવસો આમ જ વીતી ગયા. એક સાંજે સાતે બહેનો ચોકમાં રમતી'તી. ત્યાં જ બાપાનો સાદ સંભળાયો. ચંદુ ચંદુ કહી એ બધાને શોધતા હતા. સાતે બહેનો દોડતી ગઈ અને બાપાને વળગી પડી. ઘરમાં લઈ ગઈ અને આખું ઘર બતાવ્યું. બાપાએ કહ્યું ચાલો હવે ઘેર જઈએ ખબર નહીં આ બધું કોનું હશે ? આપણે આમાંથી કંઈ પણ નહીં જોઈએ. પણ દીકરીઓએ બધું નહીં પણ થોડું થોડું લઈ જવાનો આગ્રહ રાખ્યો. બાપા ન માન્યા ત્યારે તેઓ હઠ લઈ બેઠી જો થોડું થોડું નહી લઈ ચાલો તો અમે અહીં જ રહી જશું. ઘેર પાછી નહીં ફરીએ. છેવટે પિતાને બાળ હઠ આગળ નમતું જોખવું પડ્યું. દીકરીઓને કહ્યું બાપા બધા માટે એક ગાડું લઈ આવો બસ એટલું ઘણું થઈ જશે. પણ ચંદુએ કહ્યું બાપા બધા માટે એક ગાડું લાવો પણ મારા માટે તો સાત ગાડા લઈ આવજો. બધી બહેનો હસવા લાગી. ભૂંગામાં શું ખજાનો દાટ્યો છે. બાપા ગાડા લેવા ગામમાં ગયા અને ગાડા લઈ પાછા ફર્યા બધી બહેનોએ એક એક ગાડામાં પોતાના ઘરમાંથી ચીજવસ્તુઓ લઈને ભરવા માંડી. ચંદુએ સાતે સાત ઓરડામાં ભરેલ કીંમતી ચીજવસ્તુઓમાંથી જે ખૂબ જ ઉપયોગી અને અમૂલ્ય વસ્તુઓ હતી તે સાત ગાડામાં ભરી. છતાં ઘણી ચીજવસ્તુઓ બાકી રહી ગઈ. ચંદુના સાત ગાડા ભરાઈ ગયા. એટલે બધા ગાડા સાથે બાપા પોતાના ગામે રવાના થયા.

લગભગ ચંદુ અને બધી બહેનો ખુશ હતી. કારણકે હવે સુખેથી જીવી શકાશે. સાત પેઢી ચાલે એટલો ખજાનો નસીબજોગે એમની પાસે હતો. અડધા રસ્તે પહોંચ્યા ત્યારે અચાનક ચંદુને કશુંક યાદ આવ્યું. તેણે બાપાને બૂમ પાડી ગાડા થોભાવ્યા. બાપાએ પૂછ્યું શા માટે ગાડું થોભાવ્યું. ચંદુ કહે બાપા હું મારો સોના મહેલ અરીસો સોનાનો દાતિયો અને માથામાં નાખવાનો દોરો ગોખલમાં ભૂલી ગઈ છું. હું હમણા જઈને લઈ આવું. બાપાએ ચંદુને સમજાવી આમાંથી કંઈક વેચી બીજા લઈ લેજે. પણ ચંદુએ કંઈ પણ સાંભળ્યું નહીં.

ચંદુ એક ગાડું લઈ સોના મહેલ અરીસો, દાતિયોને દોરો લેવા ભૂંગામાં ગઈ. અને જેવો ભૂંગામાં પગ મૂક્યો કે તરત જ ચંદુનો હાથમાં મજબૂત દોરીથી બંધાઈ ગઈ. **(ક્રમશઃ)**

## એરકંડીશનર

બાળ દોસ્તો, તમે બધા એસી વિશે જાણતા જ હશો. એસી ઠંડી ઠંડી હવા ગરમીમાં તમને બધાને ખૂબજ ઠંડક આપતી હશે તો ચાલો આજે એરકંડીશનરનો એક્સ રે કરી એના વિશે વિશેષ જાણકારી મેળવીએ.

એરકંડીશનર બાષ્પીભવન દ્વારા ઠંડી ઉત્પન્ન કરતું સાધન છે. તેને એચવીએસી કહેવાય છે. એચ એટલે હીટીંગ, વી - વેન્ટીલેશન, એસી - એરકંડીશનર કહેવાય છે.

આધુનિક એરકંડીશનર ના સિદ્ધાંતની શોધ ૧૯૦૨માં વિલિસ કેરિયર નામના વિજ્ઞાનીએ કરી હતી. બેન્જામીન ફ્રેન્કલીને ૧૭૫૮માં બાષ્પીભવન દરમિયાન ગરમીનું શોષણ થઈ ઠંડી ઉત્પન્ન કરી શકાય છે તેવું શોધ્યું. તે સાથે પાણી સિવાયના બીજા ઝડપથી બાષ્પીભવન થાય તેવા રસાયણો શોધ્યા. ૧૮૨૦માં માઈકલ ફેરાડેએ એમોનિયા વાયુને દબાણ આપી. પ્રવાહી બનાવી તીવ્ર ઠંડી ઉત્પન્ન કરનાર રસાયણ શોધ્યું. જ્હોન ગોટીએ તે માટે કોમ્પ્રેસરની શોધ કરી. વિલિર કેરીએ ઈલેક્ટ્રીક વડે ચાલતા એરકંડીશનરની શોધ કરી. આજે જે એસીની ઠંડક માણીએ છીએ તે માટે આપણે અસંખ્ય વૈજ્ઞાનિકોના આભારી છીએ.

પણ હા, બાળકો વધુ પડતો એસીનો ઉપયોગ પર્યાવરણ માટે હાનિકારક છે. ગ્લોબલ વોર્મિંગ વધે છે. સમયસર અને પૂરતો વરસાદ નથી થતો.

જો એસીની જગ્યાએ એક લીમડો વાવીએ તો ? કેટલા બધા ફાયદા છે. જાણો છો ... તો લીમડા વિશે આવતા અંકમાં જાણીશું...



નીલ પોમલ
ધો. : ૨ 98.00%



હર્ષ સોની
ધો. : ૧૦



ભવ્ય કટ્ટા
ધો. : ૪ 98.31%



રાજ કટ્ટા
ધો. : ૭ 88.00%



હિરેન સોની
ધો. : ૧૨ 61.71%



વિધ્યા સોની
ધો. : ૫ A



જીનલ સોની
ધો. : ૧૦ 80.83%



મોહિની સોની
ધો. : ૧૨ 82.85%



પૂજા સોની
B.Com. 64.00%



તીર્થ સોની
ધો. : ૭ 94.30%



દિપાલી બારમેડા



વિધી સોની
ધો.:૧૧ (Sci.) 68%



રીનુ બુદ્ધભટ્ટી
MCA 3.5 USA



ભવ્ય બુધ્ધભટ્ટી
ધો. : ૧ 97.5%



હર્ષવી બુધ્ધભટ્ટી
ધો. : ૫ 85.8%



ભાવિકા સોની
ધો. : ૬ 92%
Pune



રશ્મી સોની
Computer Eng.
First Class
Pune




કૌશિક કે. બુદ્ધભટ્ટી
B.Tech
(Mech.Eng)

## શબ્દ બાગ


વ્હાલા બાળકો તમારું પ્રિય અને માનીતું 'શબ્દબાગ' આજે તમને આપણા ધાર્મિક અને સામાજિક એવો ઉત્સવ, રક્ષાબંધન અંગે થોડું કહીશ. તમે બધા તમારી લાડકડી બહેનોને હાથેથી તમારા કાંડે રાખડી બંધાવવા આતુર છો એમને ? હવે તો મોઢું મીઠું કરાવવા માટે પેંડા કે સાકરની જગ્યાએ બહેનો કેડબરી ચોકલેટના બોક્સની ભેટો પણ, બહેનો-ભાઈને આવે છે. બદલામાં ભાઈ તરફથી પણ સ્નેહભરી ભેટ આપવામાં આવે છે અને સાથે સાથે જન્મભરની રક્ષાનો કોલ, વચન, કેમ બરાબર ને બાલ દોસ્તો ! - જુઓ બહેનો પાસેથી રક્ષાબંધનની આશિષ લેવાનું ભૂલતા નહીં હોં કે ! બહેન હંમેશા પોતાના ભાઈને સુખી ખુશ અને તેની નામના વધે તેવી આશિષ સદાય આપતા પ્રભુને વિનવતી હોય છે ત્યારે ભાઈ પણ પોતાની બહેનને કોઈ તકલીફ કે દુઃખ ન પડે તેવી કામના પ્રભુ પાસે કરતો હોય છે. ચાલો તો મિત્રો, રક્ષાબંધન પ્રેમપૂર્વક ઉજવીએ અને ભાઈ-બહેનના રિશ્તાને ઓર મજબુત બનાવીએ...

વીરાને રાખડી બાંધું,
વીરાના મીઠડા લેશું.

## ખૂટતો અંક શોધો...




| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | ૩ | ૮ | ૪ | ૧૧ | ૫ | |
| ૫ | ૧૧ | ૭ | ૧૭ | ૯ | ૨૩ | ૧૧ | |



# METRIMONIAL



Name : Kansara Arpana Dineshbhai
Date of Birth : 12th September 1987
Birth Time : 8:15 am
Janmakshar : Manglik
Place of Birth : Rajkot
Height : 5'2
Weight : 67kg
By Cast : Maru - Kansara (Parmar)
Qualification : Completed B.com and Fashion Designing from NIFD.
Hobbies : Listening Music, Reading
Father : Kansara Dineshbhai Jayantilal (Business of Silver Utensils)
JAY SILVER, 1, Supermall, Nr. Lal Bungalow,
C. G. Road, Ahmedabad -9
Mother : Kansara Jashvantiben Dineshbhai (Housewife)
Brother : Kansara Kaushik Dineshbhai (Married at Jamnagar)
Current occupation: Business with Father.
Bhabhi : Kansara Pooja Kaushikbhai
Sister : Kansara Vanashree Dineshbhai (T.Y.Bcom)
Address : "Manorath" 3, Devalayam Bunglow,
Bh. SBl Bank, Iskcon - Ambli Road, Ambli,
Ahmedabad - 54.
Contact No. : 9328233337 (Dineshbhai)
8905033337 (Kaushik)
Email : info@jaysilver.in

---



**નામ : હર્ષ જીતેન્દ્રકુમાર પવાર**
**પિતા : જીતેન્દ્રકુમાર શરદચંદ્ર પવાર**
**માતા : મીતાબેન જીતેન્દ્રકુમાર પવાર**
**જન્મ તારીખ :** ૫-૯-૧૯૯૧
**જન્મ સ્થળ :** સિહોર જી. ભાવનગર
**અભ્યાસ :** B.Sc. (IT) કર્યા બાદ હાલમાં DDIT નડીયાદમાંથી M.C.A. (Sem.-6) કરી રહેલ છે.
**પિતાનો વ્યવસાય :** Metal Merchant
**સંપર્ક : જીતેન્દ્રકુમાર એસ. પવાર**
'આનંદ ભવન' ગાંધી કોમ્પલેક્ષ સામે, મેઈન બજાર, સિહોર (ભાવનગર)
મો. ૯૮૭૯૦ ૩૭૬૬૦, ફોન : ૦૨૮૪૬-૨૨૩૨૦૯.

# યુવા પ્રતિભા



હર્ષને એની સફળતા બદલ માનનીય સંસાધન મંત્રી સ્મૃતિબેન ઈરાનીએ પાઠવેલા પ્રોત્સાહક અભિનંદનની નકલ સેતુમાં પ્રકાશન હેતુ મોકલી છે. જે એમની અનુરોધ મુજબ યથાતથ પ્રકાશીત કરી છે. સાથે સાથે હર્ષને એની શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ બદલ. અભિનંદન તેમજ શુભકામના..

Harsh Soni


Son of Mr. Piyush Soni

School Name: Little World School, Jabalpur, MP

Harsh Soni, now a student of 11th standard, was felicitated with an appreciation letter from Mrs. Smriti Irani, The HRD Minister on being recommended by his school Principal.

This acknowledgment was given for his excellent performance in class 10th in which he secured 82! marks.

The exceptional quality of Harsh is that he has been able to perform consistently well throughout overcoming all the shortcomings in his life. **- Harsha Kansara (Delhi)**



स्मृति ज़ूबिन इरानी
Smriti Zubin Irani

मंत्री
मानव संसाधन
विकास
भारत सरकार
MINISTER
HUMAN RESOURCE DEVELOPMENT
GOVERNMENT OF INDIA

Dated: 14th July, 2014

Dear HARSH SONI

You are special, not only to your family but to the entire nation. Today, as you step into your next year, I applaud your courage, strength and hard work. You have secured good results and thereby displayed that with sheer willpower and effort one can achieve great success. Your effort has made you and your family proud. I congratulate you on this achievement!

Examinations, marks, and above all values and character in life are the means to move forward and achieve progress. I hope the result motivates you to strive to achieve higher goals in the future with renewed speed and optimism.

I wish you success and encourage you to further strengthen your determination to accomplish yourself in your chosen career and in the process contribute considerably towards the development of a healthy, skillful, and knowledgeable society and a strong Nation!

Yours sincerely,

(SMRITI ZUBIN IRANI)

HARSH SONI
LITTLE WORLD SCHOOL
TILWARA
JABALPUR
482003

(03304/0049)

Office : Room No. 301 'C' Wing, Shastri Bhawan, New Delhi - 110 115
Phone : 91-11-23782387, 23782698, Fax No. : 91-11-23382365, 23782028

## અભિનંદન



**સોની નિર્વિષા કિશોરભાઈ**એ ભુજની માતૃછાયા કન્યા વિદ્યાલયમાં અભ્યાસ કરી માર્ચ-૨૦૧૪માં લેવાયેલ ધો.૧૨ની સામાન્ય પ્રવાહની પરીક્ષામાં કોમર્સના વિષયો સાથે ૯૯.૮૪ પર્સન્ટાઈલ રેન્ક સાથે ૮૮.૨૬% થી ઉચ્ચ ગુણાંક સાથે પાસ કરી સિદ્ધિ મેળવેલ છે. કુ. નિર્વિષાના પિતા કિશોરભાઈ સરકારી ઉ.મા. શાળામાં તથા માતા જ્યોત્સનાબેન ગ્રાન્ટેડ ઉ.મા. શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. સરકારશ્રીની યોજના અનુસાર શિક્ષકશ્રીના સંતાનો માટે ઈનામી યોજનામાં ભુજ તાલુકામાં કુ. નિર્વિષા પ્રથમ ક્રમાંક મેળવતાં ટેબલેટના ઈનામને પાત્ર થયેલ છે. અને શિક્ષણ ખાતા કો.ઓપ. સોસા.માં પણ પ્રથમ ઈનામ મેળવી પ્રશસ્તિપત્ર સાથે સન્માન પ્રાપ્ત કરેલ છે.

## અભિનંદન



**સોની રીતુ કિશોરભાઈ**એ ક્રાન્તિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ભુજમાં અભ્યાસ કરી મે-૨૦૧૪ની એમ.એ. (અંગ્રેજી) ફાઈનલ સેમે.૪ની પરીક્ષા ૭૪.૫% ઉચ્ચ ગુણાંક સાથે પાસ કરી તથા યુનિવર્સિટીમાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરી સિદ્ધિ મેળવેલ છે. કુ. રીતુને સરકારશ્રી દ્વારા નેશનલ મેરીટ સ્કોલરશીપ રૂ. ૭૦૦૦/- એનાયત કરી સન્માન કરવામાં આવેલ છે. કચ્છ કેળવણી ખાતામાં કો.ઓ. સોસા. દ્વારા અનુસ્નાતક કક્ષાએ પ્રથમ ઈનામ તથા પ્રશસ્તિપત્ર દ્વારા સન્માનિત કરવામાં આવેલ છે. કુ. રીતુ પણ શિક્ષક દંપતિ કિશોરભાઈ તથા જ્યોત્સનાબેનની પુત્રી છે. બંને પુત્રીઓની ઉચ્ચ સિદ્ધિ બદલ તેમને ઠેર-ઠેરથી અભિનંદન આપવામાં આવી રહેલ છે.

**કુ. નિર્વિષા અને રીતુ કિશોરભાઈ સોનીને જ્ઞાતિસેતુ પરિવારના હાર્દિક અભિનંદન.**

# શ્રાવણ માસ એટલે ભક્તિનો માસ

અંજના પોમલ-અંજાર

## શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મોત્સવ, ત્યોહારોની હારમાળા અને મેળામાં મહાલવાનો માસ

શ્રાવણ માસ નિમિત્તે શ્રી માનકેશ્વર મહાદેવ મંદિર મધ્યે દર સોમવારે શિવ મહિમ્ન સ્ત્રોત તથા ભજન સત્સંગ રાખવામાં આવેલ. તેમજ એકાદશીના શ્રી કાલિકા માતાજીના મંદિર મધ્યે ભજન સત્સંગ અને વદ એકાદશીના ભજન હરિફાઈ રાખવામાં આવી હતી. જેમાં ૧૦ બહેનોએ ભાગ લીધો હતો. દરેકને પૂર્વ તૈયારીમાં થીમ આપવામાં આવી હતી. નાની બાલિકા કુ. યુક્તિ બારમેડાએ ભજન ગાઈ હરિફાઈની શરૂઆત કરવામાં આવી. પ્રથમ રાઉન્ડમાં દરેક સ્પર્ધકોના થીમ મુજબના ભજન તેઓના મધુર કંઠે સાંભળવાનો આસ્વાદ ઉપસ્થિત બહેનોએ માણ્યો હતો. દરેક સ્પર્ધકોના ભજન ખૂબજ સરસ હતા પણ એક જ ભજન સાંભળીને વિજેતા જાહેર ન કરાય તેથી અલગ અલગ રાઉન્ડ રાખવામાં આવ્યા હતા. જેના અંતર્ગત પ્રથમ થીમ રાઉન્ડ ત્યારબાદ દરેક સ્પર્ધકોને ચિઠ્ઠી કાઢવામાં આવી હતી. તેમા આપેલ સૂચન મુજબનું ભજન ગાવાનું હતું. ત્યારબાદ અંતરા-મુખડા રાઉન્ડ રાખવામાં આવેલ હતો. જેમાં કોઈ ભજનનું મ્યુઝીક સાંભળી કર્યું ભજન છે. તે જણાવવાનું હતું તો કોઈ ભજન વચ્ચેથી વગાડવા આવતું તેની શરૂઆત શું છે તે જણાવવાનું હતું. ત્યારબાદ ત્રીજા રાઉન્ડમાં ધાર્મિક પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી. જ્યારે આખર રાઉન્ડમાં ઉપસ્થિત દરેક વ્યક્તિ માટે લખવાની ગેમ હતી. જેમાં સુચના મુજબ ૧૨ જ્યોતિલીંગ, ૭ સપ્તર્ષિઓ, ૭ ચિરંજીવી, ૫ સતિ અને ૮ શ્રીકૃષ્ણ ભગવાનની પટરાણીના નામ ૩ મિનિટમાં લખવાની હતા. સૌથી વધારે નામ લખનારને રોકડ પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવ્યુ હતું. તેમાં વિજેતા તરીકે સૌને અચરજ પમાડે તેવી ૧૩ વર્ષની બાલિકા કુ. કૃણાલી પોમલ તથા જ્યોતિબેન બારમેડાના સૌથી વધારે નામ લખાયા હતા. તેઓ બંનેને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. જ્યારે ભજન હરિફાઈમાં ઈલાબેન બારમેડા પ્રથમ ક્રમાંકે રહ્યા હતા અને દ્વિતીય ક્રમાંકે કૃણાલી પોમલ હતી. દરેક સ્પર્ધકોને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા. તેમજ સ્પર્ધકોના ન આવડેલ ભજન કે પ્રશ્નોના જવાબ ઉપસ્થિત બહેનોએ જણાવ્યા હતા તેઓ પણ ઈનામ આપવામાં આવ્યું હતું. તેમજ શ્રાવણ વદ ચૌદસના દિવસે માનકેશ્વર મહાદેવ મંદિર રૂદ્રી કરી શ્રાવણ માસની પૂર્ણાહુર્તિ કરી હતી.

પ્રસાદ : શ્રાવણ માસ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમ ભજન હરિફાઈ દ્વાય દરેક સ્પર્ધકો તેમજ આયોજકે પૂર્વ તૈયારી દ્વારા ભક્તિ રૂપી ગંગામાં સ્નાન કર્યું હતું.

સત્સંગ

# તિરૂક્કુરલ

ભાણજી ચુનિલાલ સોની-નાગપુર

'તિરૂક્કુરલ' આ શબ્દથી ગુજરાતી ભાષી વધુ પરિચિત નથી. પરંતુ 'તિરૂક્કુરલ' ભારતીય સંસ્કૃતિ અને વિચારસરણીના એટલા વિશાળ પ્રમાણ છે. જેટલા ચાર વેદ સ્વયં, તમિલ કવિ તિરૂવલ્લુવરના અમર કાવ્યને 'તિરૂક્કુરલ' કહેવાય છે. માનવ માત્રના કલ્યાણ માટે જેમ તુલસી, મીરા, નરસિંહ મહેતા એ અણમોલ પદો લખ્યા એવા પદો તમિલમાં એ મહાકવિએ લખ્યાં - બે હજાર વર્ષ પહેલા કન્યાકુમારીમાં સ્વામી વિવેકાનંદની ભવ્ય પ્રતિમાની સમીપ મહાકવિની પણ ભવ્ય પ્રતિમા છે. ત્યાં આ પદ તમિલ અને તેનું અંગ્રેજી ભાષાંતર કોતરેલા છે.

આ પદ મુક્તકો છે તથા દરેકનો જુદો જુદો અર્થ છે. ધર્મ, અર્થ, કામ આ ત્રણ પુરૂષાર્થો પર કવિએ પોતાનું ચિંતન લખ્યું છે જે માનવમાત્ર માટે, ખાસ કરીને બુદ્ધિજીવીઓ માટે મનન નો વિષય છે. કુલ ૧૩૩૦ પદ (તમિલમાં કુરલ) નો આ સંગ્રહ સંપૂર્ણપણે આપણને કર્તવ્ય બોધ કરાવે છે. પહેલા ભાગમાં દયાલુતા, સત્યભાષણ, તપસ્યા, તૃષ્ણામુક્તિ, ત્યાગ, ચારિત્રિક બળ વગેરેની વ્યાખ્યા છે. આ ગુણોનું શું મહત્વ છે એ દર્શાવવામાં આવ્યું છે. કવિએ આહાર વિહારનો પણ નિર્દેશ કર્યો છે. માંસ ભક્ષણને વર્જીત માન્યું છે.

બીજા ભાગમાં શાસન કેમ ચલાવવું, એ ઉલ્લેખ છે. ચાણક્યના શાસન પ્રબંધથી બંધબેસતો છે. શિક્ષા સંબંધી વિચાર છે. ત્રીજા ભાગમાં પ્રેમ, શૃંગાર, મિલનનું મહત્વ બતાવ્યું છે. આ સંવેદનાઓથી મનમાં જુદી જુદી સ્થિતિઓ થતી હોય છે. તેનું સુંદર ચિત્રણ છે. સંપૂર્ણ દર્શન સર્વકાલિક અને સર્વ દર્શિક છે. તેનો પાયો વિશ્વબંધુત્વ છે. સાત્વિક જીવનને લગતા એમના કેટલાક વિચાર કણ – કોઈ પણ જીવ પ્રત્યે, કોઈ પણ સમયે, નાનામાં નાનું અહિત મનમાં ન આણવું એ બધા જ ધર્મોથી શ્રેષ્ઠ ધર્મ છે.

જેણે અપકાર કર્યો તેને ક્ષમા કરી તેની ભલાઈ કરશું તો એ લજ્જીત થશે. ત્યાર બાદ તેના અપરાધને અને આપણે કરેલા ઉપકારને ભુલી જવું. સભ્ય સમાજમાં પ્રતિકાર કે બદલો લેવાની ભાવના તુચ્છ ગણાય. ક્ષમા કરનાર સંસારમાં સ્વર્ણ આભૂષણની માફક ધારણ કરવામાં આવે છે.

**પ્રકીર્ણ**

# મોટી રકમની નોટો અને સિક્કાનો કેર

**હીરાલાલ સોની**

મોટી રકમના સિક્કા અને નોટોને કારણે આમ જનતાને થતી તકલીફો તેમજ લાંબે ગાળે અર્થકારણને થતા નુકશાન વિષે વિચારણીય વિગતો અંગે લેખકે આપણા દેશના માનનીય વડાપ્રધાન ને લખેલા પત્રની નકલી એમણે સેતુમાં પ્રકાશનના અનુરોધ સાથે મોકલી છે. જે અત્રે પ્રસ્તુત છે. **– મુખ્ય તંત્રી**

માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ,
વડાપ્રધાનશ્રી, ભારત સરકાર,
ન્યુ દિલ્હી.

**બાબત : મોટી રકમના સિક્કા અને મોટી રકમની નોટો આમ પ્રજાની કેડ ભાંગતા પરિબળો છે.**

સવિનય જયભારત સાથે જણાવવાનું કે, ૨૫ પૈસા કે ૫૦ પૈસાની ઉપરની રકમના સિક્કા વિનીમયમાં અડચણ રૂપ છે. નાના સિક્કાની અછતના કારણે વેપારીઓને ચોકલેટ જેવી વસ્તુ ગ્રાહકોને પરત આપવાના કામે સિક્કાના બદલામાં ઉપયોગ કરતા થયા છે. રિક્ષાવાળા રાઉન્ડ રકમમાં ભાડુ વસુલતા થયા છે. શાકભાજીવાળા સાથે નાના સિક્કાની અછતના કારણે ઝઘડા થતા હોય છે. નાના સિક્કાની અછત પ્રજાની કેળ ભાંગી નાખે છે.

૫૦ પૈસાથી ઉપરની રકમના સિક્કાનો ઉપયોગ પ્રજા માટે અઘરો છે. રૂપિયા ૨ (બે) કે તેથી ઉપરના સિક્કાનો ઉપયોગ કરવાનું પ્રજા ટાળે છે. તેવી રીતે રૂપિયા ૫૦૦ થી ઉપરની રકમની નોટો નાણાંની કિંમત ઘટાડે છે. મોટી નોટો ભ્રષ્ટાચાર, દાણચોરી અને આંતકવાદને મોટી નોટો વિનીમયમાં સરળ બનાવે છે.

આ રીતે મોટી રકમના સિક્કા અને મોટી નોટો નાણાની વેલ્યુને ક્ષતિ પહોંચાડે છે, મોંઘવારીના પરિબળોમાં વધારો કરે છે. ખરીદ શક્તિને ક્ષતિ પહોંચાડે છે.

તેથી સરકારને નાની રકમના સિક્કા અને નાની નોટો પાછળ વધુ ખર્ચ લાગતો હોય તો પણ બાર પાડવા જોઈએ. આવા વધારાના ખર્ચના લાભ અનેકગણા છે. પ્રજાની વિનીમય શક્તિ વધશે, જે મોંઘવારી ઉપર આડકતરું અંકુશ મૂકનારું હશે. પ્રજા સિક્કા અને નાની નોટોની અછતથી ત્રાહિમામ છે તેમાંથી રાહત અનુભવાશે. ૨૫ પૈસા, ૫૦ પૈસા થી ઉપરના સિક્કા બંધ કરવા જોઈએ. રૂપિયા ૧, ૨, ૫, ૧૦, ૨૦, ૫૦, ૧૦૦ ની નોટો વિપુલ પ્રમાણમાં બહાર પાડવી જોઈએ. રૂપિયા ૧૦૦ થી ઉપરની નોટો ચલણમાંથી રદ કરવી જોઈએ. આમ થાય તો નાણાકિય લેવડદેવડનું પ્રજાલક્ષી અર્થતંત્ર મજબુત થશે. મોટી નોટો આપોઆપ સાઈડમાં થઈ જશે. અને અર્થતંત્ર મજબુત થશે.

મોંઘવારી ઉપર અંકુશ અઘરું છે. પણ મોંઘવારીને પહોંચી વળવા લોકોની આવક વધારવાનું સૂત્ર વહેતું મૂકવાનો સમય છે.

**– હિરાલાલ સોની**

**જ્ઞાતિસેતુ**

# ભૂલ સુધારણા

જ્ઞાતિસેતુ દશાબ્દી વિશેષાંકમાં નીચે મુજબ સુધારી વાંચવા વિનંતી.

પાના નં. ૪૭ - કલ્પનાબેન પરેશભાઈ સાકરીયાના બદલે કલ્પનાબેન નવીનભાઈ કટ્ટા

પાના નં. ૪૯ - જ્ઞાતિસેતુનું લવાજમ ત્રિમાસીકને બદલે ત્રિવાર્ષિક

પાના નં. ૫૬ બેસીનના બદલે બ્રેગીન અને મેગ્રીનના બદલે મેબ્રીન

પાના નં. ૮૮ પશ્ચિમ કચ્છ મારુ કંસારા સોની જ્ઞાતિના બદલે પશ્ચિમ કચ્છ મારુ કંસારા એજ્યુકેશન ટ્રસ્ટ

પાના નં. ૧૧૦ ભક્તિ જ્વેલર્સ અંબિકા હોટલની પાસે તલોદ ધનસુરા રોડ, મુ. તાજપુરના બદલે ભક્તિ જ્વેલર્સ, માણેકલાલ શેઠની પોળ, અંબાજી મંદિર પાછળ, તલોદ.

પાના નં. ૧૫ ભરત હિંમતલાલ કાનજીની જાહેરાતમાં નીચે મુજબ મો. નંબર સુધારવા

ભરતભાઈ ૯૯૨૫૨ ૩૬૩૦૭
ભાવેશભાઈ ૯૯૨૫૨ ૨૦૭૮૯
કિશોરભાઈ ૯૮૨૫૨ ૩૧૦૪૩

# અમેરિકા-૨૦૧૪

તુલસીદાસ કંસારા-અમદાવાદ

**અહીંના પચાસ રાજ્યોમાંથી પાટનગર, ડીસ્ટ્રીક્ટ રાજ્ય વોશિંગ્ટન ડી.સી. નું એક શબ્દ ચિત્ર, એક ઝલકઃ**

**વોશિંગ્ટન ડી.સી. :** એક તરફ પેટોમેક અને બીજી તરફ આનાકોસ્ટિયા, જાણે ગંગા અને જમના મૈયા, એમ બે સરિતાઓની વચ્ચે, આપણે તેની નિહાળીને મનમાં ને મનમાં હરખાઈયેં, કોઈ સુંદર સરોવર શાંતિથી જોતા હોઈએ તેવો અહેસાસ કરીએ તેવું નગર... બે કિનારાની મધ્યમાં વસેલું આ શહેર યુએસએનું પાટનગર ડીસ્ટ્રીક્ટ રાજ્ય છે. પહેલાં તે કોલંબિયા રાજ્યનો એક જિલ્લો હતો. જે ઈ.સ. ૧૭૯૦માં અમેરિકાનો પાટનગર જિલ્લો બનાવાયો. અહીંના મોભાદાર પ્રમુખ જ્યોર્જ વોશિંગ્ટનના નામ ઉપરથી ઈ.સ. ૧૭૯૧માં સ્થાપવામાં આવેલ આ શહેર આજે ઈ.સ. ૧૮૪૬ થી રાષ્ટ્રીય પાટનગર તરીકેનો દરજ્જો ધરાવે છે. આપણા હિન્દુસ્તાનના પાટનગર દિલ્હી સાથે સહેજ સરખામણી કરીએ તો તેનો ભૌગોલિક વિસ્તાર દિલ્હી કરતા ઘણો જ ઓછો (૧૫૯ ચો.કિ.મી.) છે. જ્યારે દિલ્હી મેટ્રોપોલીસ કે માત્ર રાજધાનીન વિસ્તાર ૧૪૮૪ ચો.કિમી. અને જનસંખ્યા બે કરોડ પચાસ લાખ, જેમાં ૫૯ શહેરો અને ૧૬૫ ગામડાઓનો સમાવેશ થાય છે. જ્યારે આ પાટનગર શહેરની વસ્તી છે ૬ લાખ ૪૭ હજાર. આ ડીસ્ટ્રીક્ટ રાજ્યનું આયોજન ફ્રેન્ચ આર્કિટેક પયેર લફાન્ટે ઈસુની અઢારમી સદીના છેલ્લા દાયકામાં કરેલ.

**જોવા અને જાણવા જેવી જગ્યાઓ :** અહીંના મ્યુઝીયમોમાં સ્મિથસોનિયન, તે ઉપરાંત એરોપ્લેન, પોસ્ટલ સર્વિસ વિગેરે જોતાં જોતાં થાકી જવાય તેટલા મોટા અને રીચ છે. સાંસ્કૃતિક કેન્દ્રોમાં કેનેડી સેન્ટર, આર્ટ અને પોર્ટરેઈટ ગેલેરીઓ તેમજ શેક્સપિયર થીયેટર મુલાકાત લેવા જેવા સ્થળોછે. શેક્સપિયરે નાટકો તો કેટલાય લખેલ.., પણ શેક્સપિયર ને શેક્સપિયર બનાવેછે એક જ સંવાદ... To be or not to be.. ગુજરાતીમાં કહીએ તો માનવીની ગડમથલ તેના આ હેમલેટ નામના નાટકમાં પ્રિન્સ હેમલેટના મુખમાંમુકાયેલ એક જ વાક્યમાં સમજાય... આ સંવાદ એટલે પોતાની જાત સાથે સંવાદ... મોનોલોગ, ડાયલોગ નહીં.

જ્યોર્જ વોશિંગ્ટન, લિંકન, રૂઝવેલ્ટ ઈ. અહીં થઈ ગયેલા પ્રમુખોના તેમજ વિયેટનામ વોરમાં શહીદ થયેલ સૈનિકો, શહિરોદના સ્મારક કે મોન્યુમેન્ટસ તમે જોતા જ રહી જાવ તેવા ભવ્ય છે. લાયબ્રેરી ઓફ્ર કોંગ્રેસ વિશ્વવિખ્યાત છે. અને આ બધી જગ્યાઓએ તમે કોઈપણ જાતની ફી આપ્યા વિના પ્રવેશ મેળવી શકો છો.

**રિ-સાયકલીંગ (ઈીજ્ઞઅજીૈંહય્ર) એ અમેરિકાની આર્થિક સિસ્ટમનો અગત્યનો ભાગ છે. :** કોલેજમાં ભણતા ત્યારે ઈ.સ. ૧૯૨૯ આસપાસની ભયંકર મંદીની વાત પ્રોફેસર કરતા. જેમાંથી મને યાદ રહી ગયેલ એક નામ છે કેઈન્સ અને તેમણે આપેલ નાણાની વેલોસીટીનો સિધ્ધાંત. તેમણે સલાહ આપેલ કે ખાડા ખોદાવો અને ફરી પૂરાવો અને રોજગારી આપો. લોકોને કામ મળશે એટલે નાણું ફરતું થશે. એક ડોલક એક દિવસમાં ચાર હાથમાં ફરશે તો ચાર જણની એક, એક, ડોલરની ખરીદ શક્તિ વધશે. આમ તેમણે શ્રમ સાથે ખરીદ શક્તિને સાંકળીને અમેરિકાના ડોલર ને સ્થિર કરેલ, તે જેટલો ફરે, તેટલું તેનું મૂલ્ય વધે. કદાચ રિ-સાયકલિંગનો કન્સેપ્ટ આમાંથી જ ઉદ્‌ભવ્યો હશે.

આજે પણ અમેરિકાના ડોલરનું મૂલ્ય સ્થિર થે, તેનો સેન્ટ અત્યારે પણ એટલું જ તાંબુ ધરાવે છે જેટલું કદાચ ત્યારે ધરાવતું હતું. આપણે ત્યાં તો આઝાદી વખતે કચ્છનો ઢીંગલો કેટલો મજબૂત હતો, તે કચ્છના મેઘાણી સ્વ. શ્રી કારાણી સાહેબની કવિતામાંથી ખ્યાલ આવેછે, અને કોરીમાં તો કેટલી બધી ચાંદી હતી. આઝાદી પછી દશાંશ પદ્ધતિ આવી, અને એક રૂપિયાના ૧૬ આના, ૬૪ પૈસા અને ૧૯૨ પાઈ, તે પાઈમાં જેટલું તાંબુ હતું તેના જેટલું જ દશાંશ પદ્ધતિ આવી ત્યારે એક રૂપિયાના ૧૦૦ પૈસા કે નયા પૈસામાં હશે, અને હવે તો તાંબાના સિક્કા જ ગુમ થઈ ગયેલ છે. જે રૂપિયો આઝાદી વખતે ડોલરની બરાબરી કરતો હતો તેનું ૬૫ થી ૬૬ વખત અવમૂલ્યન થયેલ છે અને તેથી જ આપણા સિક્કાઓમાં તાંબામાંથી એલ્યુમિનિયમ અને સાઈઝમાં નાનાને નાના થતા ગયેલ છે, જેનું આજની તારીખમાં ના તો ક્યાંય વજન રહ્યુંછે ના તો મૂલ્ય.

અહીંના કેટલાક મોલમાં, જ્યાં પાણીના ઝરણા જેવું બનાવેલ હોય ત્યાં લોકો સેન્ટ નાખતા હોય છે. પરંતુ ધાર્મિક આસ્થાથી નહીં.. પટમાં પડેલો સેન્ટ કોઈ ઉપાડતું નથી. અને બાળકો માટે મૂકેલા સ્ટેમ્પીંગ મશીનમાં સેન્ટનો તાંબાનો સિક્કો નાખો એટલે તેના ઉપર પ્રેસર થાય અને જાણે ત્યાંની વિઝીટની તેના ઉપર છાપ પડી જાય, બાળક ખુશ થાય, પછી ભલેને એ સ્ટેમ્પીંગ કોઈ જગ્યાએ એક ડોલર વેન્ડીંગ મશીનમાં નાખવાથી થયું હોય કે ક્વાર્ટરનો સિક્કો ! તાંબુ રિ-સાયકલ થયું અને બાળકે તેનો સંગ્રહ કર્યો. વેન્ડીંગ મશીનવાળી કંપનીને તેની સામે પચીસ, પચાસ કે ૧૦૦ ઘણો વકરો થયો,

અને કદાચ બધા ખર્ચ બાદ કરતાંતેને દેખીતો નફો પણ (જેને રીટર્ન ઓન ઈન્વેસ્ટમેન્ટ કહેવાય તે ROI) થતો હોય.

**ડી-સેન્ટ્રલાઈઝેન :** અહીં અર્થશાસ્ત્રના અનેક જટીલ પ્રશ્નોનો ઉકેલ - સોલ્યુશન - અહીંની સરકાર-સરકારો કે દરેક લેવલના વહીવટી તંત્ર પાસે એક વ્યવસ્થા કે સિસ્ટમ ઊભી કરીને લાવવામાં આવેલ છે. સાથે સાથે સત્તાની વહેંચણી કે ડેલીગેશન, ડી-સેન્ટ્રલાઈઝેન પણ ગજબનં છે... નાની મ્યુનિસિપાલીટી કે બસે ... થી કાઉન્ટી અને રાજ્યોથી કેન્દ્ર સુધીની સત્તાઓ વહેંચાયેલી છે. તેના બંધારણ પ્રમાણે અહીં ઈન્ફોર્મેશન સેલીંગ કોઈ ક્રાઈમ નથી પરંતુ ઈન્ફોર્મેશન સ્ટીલીંગ એક ક્રાઈમ બને છે. પકડાયા પછી કોર્ટ ચૂકાદો પણ ખૂબ જ ઝડપથી આપે છે. અને અહીં શ્રમની વહેંચણીનો સિદ્ધાંત આબેહૂબ જોવા મળે છે. જે જેની સ્કીલ હોય જે જેમાં માહેર હોય, તે પ્રમાણે કલાક દીઠ કામ કરી ને કલાક દીઠ મહેનતાણું લઈ જાય. મોટા કામો જે દેશના લોકો પાસે જેવી સ્કીલ અને ત્યાંની સિસ્ટમમાં રહીને ઓછામાં ઓછા કે વધારેમાં વધારે ભાવ આપ્યા પછી, ચોક્કસ સમયમાં કામ પુરુ કરી આપવાની ખાત્રી, ક્વોલીટી કંટ્રોલ ખરીદનાર પાસે, રિજેક્શનના રાઈટ સાથે.. ! આ કારણે સસ્તામાં સસ્તું કામ કરી આપનાર ચીન આર્થિક રીતે સદ્ધર બનતું જાય છે. સસ્તા લેબરને કારણે વિવિધ જાતના વપરાશ માટેના સાધનો, પગના નખના નેઈલ કટર અને જોડાથી લઈને માથાના હેટ સુધી અહીં તમને મેઈડ ઈન ચાઈના જોવા મળે છે.

**ગાર્બેજ કલેકશન અને રિ-સાયકલીંગ :** અહીં દરેક એરિયામાં કચરો ઉપાડવા માટે સ્થાનિક વહીવટ તરફથી કેલેન્ડર નક્કી થયેલ હોય છે, તેમાં જણાવેલ દિવસે કચરો ઉપડે. જ્યારે તમારા ઘરની પાસે રાખવામાં આવેલ મોટા પ્લાસ્ટિકના પીપમાં રિ-સાયકલ કરી શકાય તેવા મટીરીયલ, દા. ત. ટીનના ડબ્બાઓ કે ડબ્બીઓ, એલ્યુમિનિયમની ફોઈલ સાથેના પેકીંગ, કાગળ કે પુઠ્ઠાના પેકીંગ મટીરીયલ, છાપાઓ, મેગેઝીનો વગેરે ચોક્કસ પીપમાં નાખવાના અને ફૂડ આઈટમો - ખાદ્ય કે અખાદ્ય પદાર્થો પેક પ્લાસ્ટિકની કોથળીઓમાં પેક કરીને અન્ય પીપડામાં નાખવાની, ચોક્કસ સમયે ગાર્બેજ વેન આવે, ઓટોમેટીક આગળનો ભાગ નીચો થાય, પીપડાને પકડે, ઊંચો થાય અને દફ દેતોકને પાછળ આવેલ ટ્રેઈલરમાં પડે, તેના ઢાંકણાં બંધ થાય, અને ગાડી આગળ, બીજા ઘર પાસે આ બધામાં એક જ વ્યક્તિ ડ્રાઈવર બધુ જ સંભાળે, મોટા ભાગે ઓટોમેટીક રીતે થાય, અને તેનું કોન્ટ્રેક્ટ પ્રમાણેની જગ્યાએ સોર્ટીંગ થઈ, રિ-સાયકલીંગ માટે જાય, તેમાંથી પ્લાસ્ટીકની વસ્તુ બને કે પૂઠાની તેના ઉપર લખવું ફરજીયાત કે રિ-સાયકલ્ડ મટીરીયલ્સથી તે બનાવવામાં આવેલ.

આ રિ-સાયકલની પદ્ધતિ કેટલી સરળ, સુખરૂપ અને પ્રેરણારૂપી છે તેના કેટલાક મુદ્દાઓ :

૧. તમને નથી જોઈતું, છોડી દો, સંગ્રહ ના કરો.

૨. તમને જોઈએ છે, ઉપાડી લો, કોઈ શરમ ના રાખતા, તમારી જરૂરીયાત પુરી થશે.

૩. સારી વસ્તુને ફરી પ્રોસેસ કરી નવી બનાવો - રીફર્બીશ કરો, વેલ્યુ એડીશન કરો.

૪., નકામી વસ્તુઓ બાળી નાખો કે ડાટી દો - અમે ગાડીનુંઓઈલ ચેન્જ જાતે કર્યું, પરંતુ ખરાબ થઈ ગયેલ ઓઈલ એક કેનમાં નાખી, પેક કરીને વોલમાર્ટ કે એવી જ જગ્યાએ જ્યાં તેઓ કાયદેસર રીતે તેવું ઓઈલ કલેકટ કરતા હતા, ત્યાં જઈને મૂકી આવ્યા તે એજન્સી તેનું રિ-સાયકલીંગ કરે કે નાશ કરે તે તેનું કામ.

૫. પૃથ્વી - પર્યાવરણને સ્વસ્થ રાખો - તે હતી, તો તમે જનમ્યા, માટે તેને સ્વચ્છ રાખો, રેશનલ એપ્રોચ, માતા કે ધરતી માતા ને વંદન કરવાનો, વંદે માતરમ્નો વિચાર તો આપણે ત્યાંનો છે.. મહાભારતના સમય કે તેનાથી પણ પહેલાથી.. અહીં તો કાસ્ટ, કીડ કે કોઈપણ જેન્ડર વચ્ચે તફાવત કે ભેદભાવ છે જ નહીં, બધા જ મનુષ્યો છે અને પોતાની આજુબાજુના વાતાવરણને સ્વચ્છ રાખવાનું તો દરેક ને ગમે. અહીં તો આ બાબત દરેકના જીવનમાં વણાયેલ છે. તેથી જ અહીંની સ્વસ્થતા ઊડીને આંખે વળગે તેવી છે, અલબત્ત તેમાં કુદરત પણ સાથ આપે છે, અને માનવી બુદ્ધિપૂર્વક, શિસ્તબદ્ધ રીતે મહેનત કરે છે.

૬. આત્માને અહીં - સોલ કહેવાય છે અને તે માનવ સિવાય કોઈમાં નથી હોતો, તેવી રીતે મન મનાવી કે રેશનલાઈઝ્ડ કરી, પ્રાણીઓની કતલ કરવામાં કોઈ પાપ માનવામાં આવતું નથી. માટે તેની કતલ થાય, માંખ ખવાય, ખુલ્લા આકાશ નીચે બાર્બેક્યુ થાય, મદિરા પવાય, કોલકટા કે બંગાળીમાં બોલાય છે તેમ, બધું જ, સીગારેટ શીખેષ ખાબો પરંતુ કાયદાનો ભંગ ક્યાંય નહીં. અહીં સોલ કે આત્માનું રિ-સાયકલીંગ થાય છે તેવું માનવામાં નથી આવતું જ્યારે આપણે ત્યાં 'પુનઃરપી જનમમ્'ની માન્યતા છે.

ડોનેશન-એક અનુભવ : આજે અમે (રવિવાર, તા. ૨૯ જુન ૨૦૧૪) એક મોટો સોફાસેટ અને તેના તકીયા વિગેરે વાપરી શકાય તેવી હાલતમાં હતા પરંતુ જગ્યાને અભઆવે ગેરેજમાં રાખેલ અને ત્યાંથી કાઢીને તેનું દાન કરવા ગયેલ અગાઉથી એપોઈન્ટમેન્ટ લીધેલ, વેનની ચાર સીટો કાઢી નાખી સોફાને અંદર ઘુસાડ્યો, આગળ માંડ બેસાય તેવી રીતે બેસી,

પટ્ટા બાંધી ૪૫ મિનીટમાં સ્ટોરેજની જગ્યાએ પહોંચ્યા. વાતચીત કરતી, સોફો કાઢ્યો અને દાન કર્યો, રસીદ મળી ગઈ તરત જ. પછી લેન નામના ભાઈ ત્યાં સેવા આપતા હતા. મેં તેમને સવાલ પૂછ્યો કે ઉંમર કેટલી ? તો કહે ૭૨ વર્ષ, મે પૂછ્યું કે ક્યારે થશે તો કહે સપ્ટેમ્બરમાં ૨૫ તારીખે.

મેં તેમને બે હાથ જોડી નમસ્તે કર્યા, વંદન કર્યા. તેમણે મને પૂછ્યું કે આ શું કરો છો ? મેં કહ્યું, અમારી પ્રથા છે કે પોતાનાથી મોટાને માન આપો.

ઘરની અંદર વડીલને (એલ્ડર્સ) પગે લાગો અને બહાર કોઈ પોતનાથી મોટા મળે (ઓલ્ડર) તો તેમને આ રીતે નમસ્તે કરીને, સ્હેજ નમીને, માન આપો, કે હાથ મેળવી ને રામરામ કરો, તેથી હું તમને આ રીતે માન આપી રહ્યો છું. અને પછી હસતાં હસતાં, જોક્યુલર્લી કહ્યું - સાથે સાથે મારી કમ-સપ્ટેમ્બર ક્લબના મેમ્બર બનાવી રહ્યો છું. મેમ્બરશીપ ફ્રી છે. અમારી લાફીંગ ક્લબની જેમ, કોઈ ફી નથી. કોઈ કાર્ડ પણ નથી, બસ તમે મારી ક્લબના મેમ્બર. (એમ તો મેં નરેન્દ્રભાઈને પણ મેમ્બર બનાવેલ છે. ઈ-મેઈલથી. તેઓ સોસિયલ મિડીયામાં એક્ટીવ થયા તે પહેલાથી) અને આવી વાતોથી લેનભાઈ ખુશ થઈ ગયા.

આ ડોનેશનની પદ્ધતિમાં દાનલેનાર-દેનાર કોઈ નથી, લોકોને કામ મળે છે, સેવા કરવાની તક મળે છે. રોજગારી ઊભી થાય છે અને આપેલ વસ્તુ તેઓ કોઈ જરૂરીયાતમંદ ને આપી, માત્ર વેલ્યુ એડીશન કરી તેને એકાઉન્ટમાં દેખાડી દેશે. સોફાસેટ જેવી ભારી અને બલ્કી વસ્તુઓ ગાર્બેજ કેનમાં ન નાખી શકાય, માટે પોતાના ખર્ચે આવી જગ્યાએ આપી શકાય તેવી વ્યવસ્થા, અમને મળેલ રસીદ ટેક્ષમાંથી પાછી બાદ મેળવી શકાય. આવું તેમણે અમને સમજાવ્યું. સામેજ પડેલ પાટીયા ઉપર તે મતલબનું લખાણ હતું. અને અમને આપવામાં આવેલ થોડા પેમ્ફ્લેટ રૂપ સાહિત્યમાં બધું જ લખેલ હતું. અમે ખુશ થઈને રોકડ દાન પણ કર્યું ડોલર દશનું.. એક ફોટો પણ તેમની સાથે પડાવેલ. અહીં કામ કરનારના આ ૭૨ વર્ષના લેન સાથે કોઈ ડોશીમાં, તેના નાક પર ઈજા થયેલ, કદાચ નાક કપાઈ ગયેલ હતું તેના ઉપર પટ્ટી હતી, તે પણ હતા, તો કોઈ સ્ટુડન્ટ પણ હતો, વિવિધ કલર અને નાના મોટા દેશોના લોકો હતા, કોઈ ઠીંગણા તો કોઈ ઊંચા, બાજુમાં જ જરૂરિયાતમંદ લોકોની બીજા રૂમમાં એક કતાર હતી. ત્યાં લાકડા ઉપર સુથારી કામ કરેલ, તાજા તાજા વાર્નીશની ગંધથી મહેકતું ફર્નીચર સસ્તાભાવે વેચાતું હતું કે દાનમાં અપાતું હતું અને એક સારી એવી લાંબી લાઈન હતી, પરંતુ દરેકના મુખ પર નિરાંત હતી, કોઈને ક્યાંય જવાનો, જલ્દીથી પતાવટ કરવાનો કે ક્યાંય પહોંચવાનો રઘવાટ ન હતો.

અમેરિકાના ઈન્ડીપેન્ડન્ટ ડેની પૂર્વ સંધ્યાએ (૩, જુલાઈ ૨૦૧૪) : આજથી અહીં ફેસ્ટીવલ મુડ છે, આવતી કાલે શુક્રવારે ઈન્ડીપેન્ડન્ટ છે. સાંજરે ગાજવિજ થઈ અને જોરદાર વરસાદ થયો, વિજળી થઈ અને કડાકા ભડાકા થયા, એ તો નક્કી જ હતા, કારણકે પ્રેડીકશન વેધર ડોટ.કોમ. પરથી મારા દિકરાએ જોયું હતું. પરંતુ મને ખબર ન હતી. અહીંની વેધર અને માનવે તે સામે બચવા માટે કરેલી તૈયારીઓ પણ અદ્‌ભૂત છે. હજુ તો નિકળ્યા જ હતા અને વરસાદ શરૂ થયો, અમારી ઓડી ચાલુ થઈ અને મને થયું કે આ ઓડી આડી કેમ ચાલે છે ? સાથે સાથે ગાજવીજ અને એલર્ટ આવી... સાડા નવ વાગ્યા સુધી ખતરો છે. રેડિયામાં હતું વર્જીનીયામાં તોફાન છે, કુદરત કુદરત છે, કુદરતના ખૌફ મેં દરેક યાત્રાઓમાં જોયેલ છે, પરંતુ માનવના ખૌફ અને પ્રેમ અદ્‌ભૂત હોય છે. આપણે ત્યાં હિમાલયમાં થાય છે તેવા પત્થરની શીલાઓ પડે ને મંદિર બચી જાય તેવું અદ્‌ભુત કેદારનાથનું સ્થળ.. મેં જોયેલ છે. ચારધામની યાત્રાએ ગયેલ ત્યારે. અહીં મોલમાં જાત જાતની ખરીદીઓ લોકો કરે છે, ફૂલો અને સજાવટ જોરદાર જોવા મળે છે. આંખો ચકાચૌંધ થઈ જાય તેવો ઉત્સાહ, આવતીકાલે અહીંનો ઈન્ડીપેન્ડન્ટ ડે છે.. અને તે પછી આવતા શનિ-રવિ એમ ત્રણ દિવસનો લોંગ વિકએન્ડ છે.

**મોલનો અનુભવ : એક શબ્દ ચિત્ર :** અમે મોલમાંથી હોલકુડના દરવાજેથી બહાર નીકળતા હતા. વરસાદ ચાલુ હતો. હોલકુડની મોટી દુકાન હતી, પ્રો-એક્ટીવ એકશન હતા, દિકરો ગાડી લેવા ગયો હતો. હું બહાર નીકળવા વિચારતો હતો કે ગાડી દેખાય એટલે બહાર નીકળું જેથી ભીંજાવું ના પડે, ત્યાં તો ત્રણ-ચાર જણ હોલકુડના પીળા કલરના રેઈનકોટ કે પ્લાસ્ટિકના પ્રોટેક્ટર ચડાવીને, ઉપર હોલકુડ લખેલ મોટી છત્રી ઉપાડીને સેવા આપવા તૈયાર હતા, દરેક કસ્ટમરને પૂછતા હતા હેલ્પ.. હેલ્પ... અને અમારી ગાડી ઉભી રહી સામે, ચાર ડગલા ચાલવાના હતા, વરસાદ ચાલુ હતો, અમને બે છત્રીઓનું કવર આપીને તેઓ તુરત જ મૂકી ગયા. આવું તેઓ દરેક કસ્ટમર માટે કરતા હતા. ખરા કીંગ તો કસ્ટમર અહીં છે.. રાજા મહારાજા જેવી ટ્રીટમેન્ટ.. (માથે છત્ર) અહીં મળે છે.

અને છેલ્લે : મને તો આ દેશ એટલો જ ગમે છે જેટલો મારો દેશ, ગાંધીજીનું એક વાક્ય, જેને નજર સમક્ષ રાખીને આ લખેલ છે. *I would heartily welcome the union of East and West provided it is not based on brute force.*

તેનો ભાવાર્થ છે – *જો તે હિંસક (લાગણી શૂન્ય) દબાણ પર આધારિત ના હોય તો. હું પૂર્વ અન પશ્ચિમના મિલનને દિલથી આવકારીશ.*

# જ્ઞાતિ સેતુ દશાબ્દી સમારોહ

## સેતુ સહયોગી સન્માન સમારોહ





















RNI No. Gujguj/2005/16692 Posted at PSO Ahmedabad.


|| Ram ||

મે. ચીમનલાલ ભુધુભાઈ

દરેક જાતના
વાસણના વહેપારી

કંસારા નરેન્દ્રભાઈ વી.
મો. ૯૪૨૬૪૪૭૬૭૬

Krupal
Sales

Jiten N. Kansara +91 9825296691

ALL KIND OF ALUMINIUM PRODUCT & STOVE

કંસારા બજાર, અંજાર (કચ્છ) ૩૭૦૧૧૦ ઓ. ૦૨૮૩૬-૨૪૨૬૭૫


Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad - 380 021. Published at : Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chandla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00